શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા નંબર-૩૬-

श्रीमान् उपाध्यायजी महाराज श्री

यशोविजयजी कृत,

# અધ્યાત્મ મત-પરિક્ષા.

( મૂળ સાથે ભાષાન્તર )

માણેકબાઈ તે ચીમનલાલ ડુંગરશી

વાળાનાં સુપત્નિની આર્થિક સહાય વડે,

પ્રસિદ્ધ કર્તા.

શ્રી જૈન આત્માનંદ સભા.

ભાવનગર.

(સાધ્વી, મહારાજ તથા જ્ઞાન ભંડારને ભેટ)

ભાવનગર—ધી. વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. પુરૂષોતમદાસ ગીગાભાઇએ છાપ્યું.

શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા નંબર-૩૬-

श्रीमान् उपाध्यायजी महाराज श्री

यशोविजयजी कृत,

# શ્રી અધ્યાત્મ મત-પરિક્ષા.

(મૂળ સાથે ભાષાન્તર)

...મ માણેકબાઈ તે ચીમનલાલ ડુંગરશી
...ુસાવાળાનાં સુપત્નિની આર્થિક સહાયવડે,

પ્રસિદ્ધ કર્તા.

શ્રી જૈન આત્માનંદ સભા.

ભાવનગર.

(...ુ-સાધ્વી, મહારાજ તથા જ્ઞાન ભંડારને ભેટ)

ભાવનગર—શ્રી. વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં

# નિવેદન.

આ અનાદ્યંત જગતના મોટા મેળાવડામાં સામેલ થનારા મનુષ્ય પ્રાણીઓને જો અખંડ અને અક્ષય આનંદ પ્રાપ્ત કરવો હોય તો તે અધ્યાત્મ વિદ્યામાંથીજ મળી શકે છે. એ મહાવિદ્યાનો પ્રભાવ અનિર્વચનીય અને અગમ્ય છે. આ લોકના સ્થૂલ તથા સુક્ષ્મ સંબંધોને દૂર ફેંકી દીધા સિવાય એ મહાવિદ્યાનો પ્રભાવ જાણી શકાય કે અનુભવી શકે તેમ નથી. આ ગાઢ અંધકારમય સંસારના પ્રદેશમાં ગોથા ખાતા મનુષ્યોને જો પૂર્વ પુણ્યનો મહાન યોગ હોય તોજ હૃદયઆનંદ અધ્યાત્મવિદ્યાનો દિવ્ય પ્રકાશ ખડો થાય છે. નહિતો તે ગાઢ અંધકારના પ્રદેશમાંજ રખડી રખડીને પોતાનું પશુજીવન પુરૂ કરે છે.

ભારતવર્ષની જૈન અને જૈનેતર પ્રજાને તે અધ્યાત્મવિદ્યાનો લાભ આપવા માટે ઉપકારી પ્રાચીન જૈનાચાર્યોએ કટીબદ્ધ થઈ અનેક ગ્રંથો રચેલા છે—અને તે દ્વારા એ મહાવિદ્યાનો પ્રચાર સર્વત્ર ફેલાવ્યોછે. તેઓના એ મહાન્ આભારમાંથી પ્રજા કદિપણ અનૃણી થઈ શકે તેમ નથી.

મહોપકારી મહાત્મા **શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી**નું પવિત્ર અને પ્રખ્યાત નામ જૈન ઇતિહાસમાં એક મહાન ગ્રંથકાર તરીકે ગવાય છે. વિક્રમના સતરમા સૈકામાં પ્રગટેલા તે મહાત્માના જીવનચરિત્રે ભારતના વિદ્વન્મંડળને મોહિત અને સાશ્ચર્ય બનાવ્યું હતું. શતગ્રંથીના કર્તા તરીકે ઓળખાયેલા તે ઉપાધ્યાયજીની કૃતિઓએ અધ્યાત્મવિદ્યા ઉપર વધારે અજવાળું પાડયું છે અને તે વિદ્યાની અતિ ઉચ્ચ મહત્તા દર્શાવી આપી છે.

સત્તરમા સૈકામાં જે વખતે જૈન ધર્મની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી અનેક વિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળજીવોને સત્ય શું ? અને શુદ્ધતત્વ શેમાં છે તે શોધવાની મુશ્કેલી જણાઇ હશે, તેવા સંજોગોમાં ન્યાયવિશારદ જૈનશાશનના સ્થંભભૂત, અનેક શાસ્ત્રોના નેતા અને અધ્યાત્મ રસના સમુદ્ર સમાન **શ્રીમાન યશોવિજયજી ઉપાધ્યાયજી** મહારાજે સમયને અનુસરી બાળજીવોના ઉપર

ઉપકાર કરવા નીમી-તે શુદ્ધ તત્વ કયું છે ? તે બતાવવા માટે આ ગ્રંથની રચના કરેલી છે તેમ જણાય છે. શુદ્ધ તત્વના સ્વીકારનેજ આપ્ત પુરૂષો અધ્યાત્મ કહે છે; જેમાં કોઈ જાતનો શક નથી; પરંતુ તે શુદ્ધ તત્વ શેમાં રહેલુંછે, અને તેની પરિક્ષા કરી તે ગ્રહણ કરવું; તે બતાવવા માટેજ આ ગ્રંથની રચના કરી તેનું નામ અધ્યાત્મમત પરિક્ષા રાખવામાં આવેલ છે.

ગ્રંથની શરૂઆતમાં અધ્યાત્મ કોને કહેવું, તેની સામાન્ય વ્યાખ્યા બતાવ્યા પછી નામ, સ્થાપના, દ્રવ્ય, અને ભાવ એ ચતુર્વિધામાં અધ્યાત્મની અંદર મોક્ષના કારણ એવા ચોથા ભાવ અધ્યાત્મ વિષે આ ગ્રંથમાં વિશેષ વીવેચન કરેલું છે, સાથે ભાવ અધ્યાત્મની અંદર જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તેને માટે ગ્રંથકારે યુકિતપૂર્વક પ્રરૂપણા કરેલી છે. ત્યારબાદ આ ગ્રંથમાં અધ્યાત્મની સિદ્ધિ કયારે થઇ શકે તે પ્રશ્ન ઉઠાવી તેને અંગે શંકા તથા સમાધાન પૂર્વક અન્ય ગ્રંથોના પ્રમાણો આપી મૂળ વિષયને પુષ્ટી મળે તેવી પણ સાથે યોજના કરવામાં આવી છે. ત્યારબાદ જેમના મતનો વિચાર કર્તવ્ય છે તે નામ અધ્યાત્મ એવા મતની આ શંકાનું નિવારણ કરવા માટેજ આ ગ્રંથ રચવાનું પ્રયોજન હતું એમ જણાવવામાં આવતાં ભાવ અધ્યાત્મ જે મોક્ષનું કારણ છે તેનું વિશેષ સ્વરૂપ બતાવતાં દીગંબરી મતમાં કેવળી આહાર કરતા નથી, સ્રીને મોક્ષ નથી એવી અનેક હકીકતો જેકે—અધ્યાત્મ મત (શુદ્ધતત્વથી) જુદી અને વિરોધી છે—તેવું અનેક યુક્તિઓ અને દાખલા દલીલોથી—શાસ્રાધારોથી ગ્રંથ કર્તા મહારાજે સ્ફુટ બતાવી શુદ્ધતત્વ શેમાં છે. ? અને તેનો સ્વીકાર કરવો તેનેજ અધ્યાત્મ કહેવામાં આવે છે, તેનું વર્ણન સારી રીતે આ ગ્રંથમાં આપવામાં આવેલું છે.

આ ગ્રંથ શ્રી પ્રકરણ રત્નાકર ભાગ બીજામાં મૂળ તથા ભાષાંતર સાથે પ્રસિદ્ધ થયેલો છે, પરંતુ ભાષાંતરની ભાષા ગુજરાતી છતાં તે જોઇએ તેવી સરલ અને શુદ્ધ નથી, તેમજ મૂળમાં પણ કોઇકોઇ સ્થળે અશુદ્ધ છે—જે ઉપરથી ફરી ગુજરાતી ભાષામાં તે ભાષાંતર તે-

યાર કરાવી, મૂળ સાથે ન્યાયાંભોનિધિ શ્રીમદ્ (વિજયાનંદસૂરિ) આત્મારામજી મહારાજશ્રીના પ્રશિષ્ય પન્યાસજી મહારાજશ્રી દાનવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી પ્રેમવિજયજી મહારાજની પાસે દ્રષ્ટિગોચર થવા આ ગ્રંથ મોકલવામાં આવ્યો હતો, જે ઉકત મહાત્માએ સાદ્યંત વાંચી કેટલેક સ્થળે સુધારી આપવા જે કૃપા દર્શાવી તે માટે તેઓશ્રીનો ઉપકાર માનીએ છીએ.

શુદ્ધતત્ત્વનું સ્વરૂપ બતાવનાર આ અધ્યાત્મમત-પરિક્ષા ગ્રંથ જૈનસમાજ સમક્ષ અમો રજુ કરીએ છીએ કે જેથી તે આદરને પાત્ર થઇ સર્વે ગ્રહણ કરશે તો, અમારો પ્રયાસ સફળ થયો મનાશે.

સાધ્વીજી મહારાજ શ્રી દર્શનશ્રીજીના સદુપદેશથી બ્હેન માણેકબાઇ તે શેઠ ચીમનલાલ ડુંગરશી માણશાવાળાનાં સુપત્નિએ આ ગ્રંથ છપાવવામાં આર્થિક સહાય આપેલ છે જે માટે ઉકત સાધ્વી મહારાજશ્રીનો ઉપકાર માનવા સાથે સહાય આપનાર બ્હેનને ધન્યવાદ આપીયે છીએ.

સદરહુ ગ્રંથની શુદ્ધિ માટે યથાશકિત પ્રયાસ કરવામાં આવેલ છે, છતાં દ્રષ્ટિ દોષ કે પ્રેસદોષને લઇને કોઇ સ્થળે સ્ખલના રહેલી માલમ પડે તો તેની ક્ષમા યાચીએ છીએ.

શ્રી આત્માનંદ ભવન.
વીર સંવત–૨૪૪૪ આત્મ સંવત–૨૨
અશાડ શુકલ દ્વીતીયા

પ્રસિદ્ધ કર્તા.

॥ न्यायांभोनिधिश्रीमद्विजयानंदसूरीश्वरपादपद्मेभ्यो नमः ॥

॥ महामहोपाध्यायश्रीमद्यशोविजयजीकृत ॥

# ॥ अध्यात्ममत–परीक्षा ॥

( सानुवाद )

आर्यावृत्तं—

पणमिय पासजिणंदं, वंदिअ सिरिविजयदेवसूरिंदं ।
अज्झप्पमयपरिक्खं, जह बोह मिमं करिस्सामि ॥ १ ॥

**વ્યાખ્યા**–સર્વ કલ્યાણની સિદ્ધિના અર્થે શ્રીપાર્શ્વનાથ પ્રભુને પ્રણામ ીને તથા સંપ્રતિ વિદ્યમાન તપાગચ્છાધિરાજ શ્રીમાન્ વિજયદેવસૂરિને ન કરીને સ્વબોધાનુસારે આ **અધ્યાત્મમતપરીક્ષા** નામના પ્રકરણની (કર્તા) રચના કરૂં છું.

અહીં કોઇ આશંકા કરે કેઃ—શુદ્ધ તત્ત્વના સ્વીકારને અધ્યાત્મ વામાં આવે છે, તેમાં કોઇ જાતનો વિવાદ નથી. તો પછી પરીક્ષા

શાની કરવી? જે વસ્તુમાં સંદેહ રહે, તેની પરીક્ષા કરાય, પણ નિઃસંદેહ વસ્તુની પરીક્ષા શી? માટે આ 'અધ્યાત્મમતપરીક્ષા' નામનું પ્રકરણરચવાનું કંઇ પણ પ્રયોજન જોવામાં આવતું નથી.

ગ્રંથકાર તેને કહે છે કેઃ—

**अज्झप्पं णामाई, चउव्विहं चउविहाय तव्वंता ।**
**तत्थ इमे अप्भुत्थिय, णामेणज्झप्पिआ णआ ॥ २ ॥**

વ્યાખ્યા–નામઅધ્યાત્મ, સ્થાપનાઅધ્યાત્મ, દ્રવ્યઅધ્યાત્મ અને ભાવઅધ્યાત્મ–એમ અધ્યાત્મના ચાર પ્રકાર છે. ચેતન યા અચેતન–એ બેમાંની કોઇ પણ વસ્તુનું **અધ્યાત્મ** એવું નામ રાખવામાં આવ્યું હોય–તે નામઅધ્યાત્મ. અધ્યાત્મવંત યતિના આકારનું ચિત્ર કહાડવામાં આવ્યું હોય–તે સ્થાપના અધ્યાત્મ, જેનાથી ભાવઅધ્યાત્મ ઉત્પન્ન થાય–જેવાં કે પ્રતિમાદર્શન, સદ્ગુરૂસેવા તથા અધ્યાત્મ શાસ્ત્રાભ્યાસ–એ ત્રણે ભાવઅધ્યાત્મના કારણ હોવાથી દ્રવ્યઅધ્યાત્મ કહેવાય અને આત્માના જે શુદ્ધ પરિણામ–તે ભાવ અધ્યાત્મ કહેવાય. તેમ અધ્યાત્મીના પણ પૂર્વોક્ત રીતે ચાર પ્રકાર થાય છે. તેઓમાં અહીં જેમના મતનો વિચાર કર્ત્તવ્ય છે, તે નામ અધ્યાત્મવંત અને તેમના મતની આશંકાનું નિવારણ કરવું તે આ ગ્રંથનું પ્રયોજન છે.

પૂર્વોક્ત ચાર પ્રકારના અધ્યાત્મમાં ભાવઅધ્યાત્મ મોક્ષનું કારણ હોવાથી તેનું વિશેષ રીતે સ્વરૂપ કહે છેઃ—

**जा खलु सहावसिद्धा, किरिआ अप्पाणमेव अहिगिच्च ।**
**भण्णइ परमज्झप्पं, सा दंसण नाण चरणड्ढा ॥ ३ ॥**

વ્યાખ્યા–જયાંસુધી કષાય તથા ઇંદ્રિયોને વશ થઇને આત્મા સંસારમાં પરિભ્રમણ કરે છે, ત્યાંસુધી આત્મામાં કર્મનો અધિકાર છે, સ્વતઃ

આત્માનો અધિકાર નથી. કારણ કે તે વખતે આત્મસ્વભાવનું આચ્છાદન થયેલું હોય છે, જેમ મલદ્રવ્યના યોગે સુવર્ણનું આચ્છાદન થવાથી તેનો તેજસ્વી સ્વભાવ પ્રગટ થઇ શકતો નથી; તેમ કર્મના યોગે આત્મસ્વભાવનું આચ્છાદન થવાથી તેનો જ્ઞાન, વિજ્ઞાન તથા અમૂર્ત્તત્વાદિ સ્વભાવ પ્રગટ થઇ શકતો નથી, અને નામકર્મ આત્માના સ્વભાવને પલટાવીને નર, તિર્યંચ, નારક તથા દેવતા પ્રમુખના પર્યાયરૂપ પોતાના સ્વભાવને પ્રગટ કરે છે. હવે જેમ તીવ્ર અગ્નિના સંયોગથી મળ દૂર થતાં સુવર્ણનો શુદ્ધ સ્વભાવ પ્રગટ થાય છે, તેમ શુભ પરિણામપૂર્વક તપશ્ચરણ પ્રમુખથી જ્યારે કર્મો ક્ષય થઇ જાય, ત્યારે આત્માનો જ્ઞાનાદિ સ્વભાવ પ્રગટ થાય છે, એટલે કર્મનો અધિકાર ટળીને સ્વતઃ આત્માનો અધિકાર પ્રવર્ત્તે છે. એ અધિકારની જે ક્રિયા-તે ભાવઅધ્યાત્મ કહેવાય. તે આત્મજ્ઞાનરૂપ એક વસ્તુ હોવાથી બોધરૂપ છે માટે જ્ઞાન કહેવાય. રૂચીરૂપ હોવાથી સમ્યકત્વદર્શન કહેવાય અને પ્રાણાતિપાતાદિક આશ્રવનિરોધરૂપ હોવાથી ચારિત્ર કહેવાય. કહ્યું છે કેઃ—

" आत्मानमात्मनो वेत्ति, मोहत्यागाद्य आत्मनि ।
तदेव तस्य चारित्रं, तज्ज्ञानं तच्च दर्शनम् " ॥ १ ॥

' મોહના ત્યાગથી જે પોતાના આત્મામાં પોતાને જાણે, તેજ તેનું જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. '

અહીં કોઇ આશંકા કરે કેઃ—' ભાવઅધ્યાત્મ તથા શુદ્ધોપયોગ-એ બે શબ્દનો એકજ અર્થ થાય. જેમ ઉપાધિરહિત સ્ફટિકનો નિર્મળ સ્વભાવ છે, તેમ પરદ્રવ્યના સંગરહિત જીવનો નિર્મળ સ્વભાવ છે, તેનેજ શુદ્ધોપયોગ કહેવામાં આવે છે અને એજ ચારિત્ર ' છે. પરદ્રવ્યના સંગથી થયેલ આત્માના મલિન સ્વભાવને અશુદ્ધોપયોગ કહેવામાં આવે છે શુભોપયોગ અને અશુભોપયોગ-એમ અશુદ્ધોપયોગના બે પ્રકાર કહેલા છે. દેવ, ગુરૂ અને ધર્માદિકપર જે પ્રશસ્ત રાગ-તે શુભોપયોગ કહેવાય તથા અપ્રશસ્ત જે રાગ, દ્વેશાદિક-તે અશુભોપયોગ કહેવાય. જેમ રાતા ફૂલના સંગથી સ્ફટિ-

કનો રાતો રંગ દેખાય અને કાળા ફૂલના સંગથી સ્ફટિકનો શ્યામ રંગ દેખાય તેમ એ બંને મૂળ સ્વભાવને ઢાંકી દે છે; તેથી અશુદ્ધોપયોગ કહેવાય છે, એનેજ શુદ્ધોપયોગરૂપ ચારિત્રના છેદ કહે છે. એનાં આયતન પરદ્રવ્ય છે. 'ત્યારે શ્વેતાંબરમાં ચૌદ ઉપકરણરૂપ પરદ્રવ્યનો સંગ છતાં અધ્યાત્મ કેમ પ્રગટ થાય ?'

એને ઉત્તર આપે છે કેઃ—

**ण विना रागद्दोसो, अज्झप्पस्से हि किं चि पडिकूलं ।**
**परदव्वं उवगरणं, किं पुण देहुव्व धम्मट्ठं ॥ ४ ॥**

**વ્યાખ્યા**–માત્ર રાગ કે દ્વેષ વિના બીજું કોઇ પણ દ્રવ્ય શુદ્ધોપયોગ-રૂપ અધ્યાત્મને પ્રતિકૂલ નથી આ વાત જો અંગીકાર નહિ કરશો, તો લોકમાં સર્વત્ર ધર્માસ્તિકાયાદિક પરદ્રવ્ય ભર્યાં છે—તે બધાં પ્રતિકૂલ કહેવાશે, અને તેમ તો સંભવિત નથી માટે શુદ્ધોપયોગરૂપ અધ્યાત્મને રાગ દ્વેષજ પ્રતિકૂલ છે એ વિના બીજું કોઇ પરદ્રવ્ય પ્રતિકૂલ નથી. જો એમ કહેશો કે—'પરિગ્રહીત પરદ્રવ્ય અધ્યાત્મનું વિરોધી છે અને અપરિગ્રહીત પરદ્રવ્ય અધ્યાત્મનું વિરોધી નથી' તો શરીરરૂપ દ્રવ્ય પરિગ્રહીત છતાં અધ્યાત્મ કેમ ઉત્પન્ન થાય છે ? જો એમ કહેશો કે—'શરીર ધર્મનું કારણ છે, તેથી અધ્યાત્મનું વિરોધી નથી.' તો પછી ધર્મોપકરણ પણ ધર્મનાં સાધન હોવાથી અધ્યાત્મના વિરોધી ન થાય.

અહીં કોઇ એવી આશંકા કરે કેઃ—જયાંસુધી ઉપધિ હોય, ત્યાંસુધી સર્વથા અધ્યાત્મની સિદ્ધિ ન થાય.'

એના મતને દૂષિત કરે છે કેઃ—

**उवधि साहिओ ण सिज्झइ, सतुसा जह तंदुला न सिज्झंति ।**
**इय वयणं परिकत्तं दूरे दिट्ठंत वेसम्मा ॥ ५ ॥**

વ્યાખ્યા—'જેમ તુષ સહિત ચોખા સિદ્ધ ન થાય (સીઝે નહિ), તેમ ઉપધિ સહિત જીવ સિદ્ધપણાને પામે નહિ. જેમ તુષ ચોખાને દોષરૂપ છે, તેમ ઉપધિ જીવને દોષરૂપ છે.' એ વચન અમરચંદ નામના કોઇ દિગંબરનું છે. માટે એ દષ્ટાંત સમીચીન નથી. કારણ કે ચોખાને તુષરૂપ દોષ સ્વરૂપથી છે અને જીવને ઉપધિરૂપ દોષ સ્વરૂપથી નથી. જો ઉપધિરૂપ દોષ જીવને સ્વરૂપથી માનીએ તો ક્ષપકશ્રેણીએ આરૂઢ થયેલા યતિના સ્કંધરૂપ વસ્ત્ર નાખવાથી તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન ન થવું જોઇએ. વળી તુષસહિત વસ્તુ સીઝે નહિ—એ પણ સર્વથા સંભવિત નથી. કારણ કે મુગ ( મગ ) પ્રમુખ તુષસહિત સીઝતા જોવામાં આવે છે. માટે એ પણ એકાંત નથી અનેકાંત છે.

પરવાદી જે દોષ ઉપધિમાં આરોપે છે, તે દોષ શરીરમાં પણ સંભવે છે, તેજ દોષ દર્શાવે છે કેઃ—

जा उवगरणे मुच्छा, आरंभो वा असंजमो तस्स ।
तह परदव्वम्मि रई, सा किण्ण तुहं सरीरे वि ॥ ६ ॥

વ્યાખ્યા—જો એમ કહેશો કે—'ઉપધિ રાખવાથી મૂર્ચ્છા થાય છે.' તો પછી શરીર ઉપર મૂર્ચ્છા કેમ થતી નથી? ઉપધિપરની મૂર્ચ્છા તો શરીરની મૂર્ચ્છાના નિમિત્તરૂપ છે, તેથી શરીરપર અધિક મૂર્ચ્છા સંભવે. એનું સમાધાન આવી રીતે કરવું ઘટે છે કેઃ—મારૂં મારૂં એવું મમત્વ પરિણામ અને બીજું પામેલી વસ્તુ ઉપરના અવિયોગનો અધ્યવસાય એ પ્રમાણે મૂર્ચ્છાના બે ભેદ છે અને તે આર્ત્તધ્યાનના એક ભેદ માંહેનો છે. તેમાં પ્રથમ જે શરીરમાં મમત્વપરિણામરૂપ મૂર્ચ્છા, તે સમ્યગ્દષ્ટિને પણ થાય નહિ, કારણ કે તે જ્ઞાની છે અને મમત્વપરિણામ તો અજ્ઞાન નિમિત્ત છે. અને એટલા માટે વિષયાદિકનું સેવન કરતાં પણ સમ્યગ્દષ્ટિને પરમાર્થથી વિષય સેવન રહિત કહેવામાં આવેલ છે, તો પછી યતિના માટે તો કહેવુંજ શું? કારણ કે તે તો સર્વથા વિષય સેવનરહિતજ છે વળી

બીજી આર્તધ્યાનરૂપ મૂર્છા–તે ધર્મધ્યાનના પ્રભાવથી શરીરપર ન થાય. એ સમાધાન ઉપકરણમાં પણ ઘટિત કરી લેવું.

હવે જો એમ કહેશો કે :—'ઉપકરણ રાખવાથી તેના ગ્રહણ તથા ત્યાગથી આરંભ થાય છે' એ વાત પણ અસંભવિત છે. કારણ કે આરંભ તો શરીરના કર, ચરણાદિકની ક્રિયા કરવાથી પણ થાય છે. જો કહેશો કે :—'શરીરના કર, ચરણાદિકની ક્રિયા તો જયણાથી થાય છે.' તો જયણાપૂર્વક ઉપકરણને લેતાં અને મૂકતા આરંભ ન થાય. જો એમ કહેશો કે :—'ધર્મોપકરણથી શુદ્ધાત્મ પરિણામના ભંગરૂપ હિંસા થાય છે,' તો શરીરથી હિંસા કેમ ન થાય ? જો મૂર્છા વિના શરીરથી હિંસાનો સંભવ નથી. તો પછી મૂર્છા વિના ધર્મોપકરણથી પણ હિંસા કેમ સંભવે ? જો એમ કહેશો કે :—'ધર્મોપકરણથી પરદ્રવ્યમાં રતિ હોવાથી આત્મદ્રવ્યમાં રતિ થતી નથી.' તો પછી શરીરથી પણ પરદ્રવ્યમાં રતિ કેમ ન થાય ? અવશ્ય થવીજ જોઇએ. તેનો કેમ વિચાર કરતા નથી ?

હવે પરદ્રવ્ય–રતિને બે વિકલ્પથી દૂષિત કરે છે કે:—

**तह परदव्वम्मि रई, परिणामो रक्खणाणुबंधो वा।**
**दुहओ तणु सममुवहिं, पासं तो किं ण लज्जेसि ॥ ७ ॥**

વ્યાખ્યા—પરદ્રવ્યરતિ–તે કાયયોગના પરિણામરૂપ છે કે સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનરૂપ છે ? જો 'પ્રથમ કાયયોગપરિણામ' કહેશો, તો શુભ કાયયોગે દોષ કેમ લાગે ? અર્થાત્ એમ તો સંભવે નહિ, અને જો 'સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનરૂપ' કહેશો, તો તે પણ સંભવિત નથી. કારણ કે ચૌરાદિકથી સર્વ પ્રકારે વસ્ત્રાદિકનું બચાવવું–તેને સંરક્ષણ કહે છે અને તેનું નિરંતર ચિંતન કરવું–તેને અનુબંધ કહે છે. એ રૌદ્રધ્યાનનો ભેદ જો ઉપધિથી થાય, તો શરીરથી પણ સંભવે છે. કારણ કે, સર્પ, ચોર તથા કંટક પ્રમુખથી શરીરની રક્ષા કરવાના અધ્યવસાય પણ ઘણાને વિષે જોવામાં આવે છે.

એને તો રૌદ્રધ્યાન કહેતા નથી. જો એમ કહેશો કે :—'યતિને શરીરપર રાગ હોતો નથી, છતાં સર્પાદિકથી શરીરની રક્ષા તો માત્ર ધર્મસાધનને માટેજ કરે છે; તેથી તેના અધ્યવસાય અશુભ હોતા નથી, એમ પણ સંભવે નહિ. કારણ કે શરીરની જેમ ધર્મોપકરણપર યતિને રાગ હોતો નથી, તેમ છતાં તે ધર્મસાધનને અર્થે તેની રક્ષા કરે છે. આથી શરીરનાં જેવાંજ ધર્મોપકરણો કરે છે, તેમ છતાં તેની ઉત્થાપના કરતાં તેમને વિચાર પણ થતો નથી.

અહીં કોઇ આશંકા કરે કેઃ—ઉપકરણ ધ્યાનના વિરોધી છે. કારણ કે પ્રતિલેખનાદિ ( પડિલેહણ વિગેરે ) તેના બાહ્ય વ્યાપારના યોગે અંતરના આત્મતત્ત્વમાં એકાગ્ર ચિત્તરૂપ ધ્યાનને વિષે વિઘ્ન થાય છે. એમ કહેનારને ઉત્તર આપે છે કે :—

जो किर जयणापुव्वो, वावारो सोण जाण पडिवक्को ।
सो चेव होइ जाणं, जुगवं मण वयण कायाणं ॥ ८ ॥

વ્યાખ્યા—આવશ્યક, પડિલેહણા પ્રમુખ જયણાથી કરવામાં આવેલ વ્યાપાર ધ્યાનનો વિરોધી નથી, પણ તે એક કાલાશ્રિત મન, વચન અને કાયાની એકાગ્રતારૂપ અને શુભયોગરૂપ હોવાથી તે માનસિક ધ્યાનજ છે. સાવદ્ય વચનના ત્યાગપૂર્વક જયાં નિરવદ્ય વચન બોલવામાં આવતા હોવાથી તે વચન સંબંધી ધ્યાન છે અને શુભ યોગમાં યતનાપૂર્વક કાયાની ક્રિયા થતી હોવાથી તે કાય સંબંધી ધ્યાન છે. જો તમે એમ કહેશો કે—'ભગવંતે એક સમયમાં બે ક્રિયાનો નિષેધ બતાવ્યો છે, તેમ છતાં એક સમયાશ્રિત મન, વચન અને કાયા સંબંધી ધ્યાન કેમ સંભવે ? ભગવંતે એક સમયમાં બે ક્રિયાનો નિષેધ ભિન્ન વિષયમાં દર્શાવેલ છે. પણ એક વિષયમાં તેનો નિષેધ કરેલ નથી. કારણ કે વાંદણાના આવર્તનમાં ત્રણે યોગની ક્રિયા એકજ સમયમાં થાય છે. કહ્યું છે કેઃ—

भिन्न विसये णिसिद्धं, किरिया दुगमेगयाण एगम्मि ।
जोग तिगस्स विभंगिय, सुत्ते किरिया जओ भणिया " ॥१॥

" ભિન્ન વિષયમાં બે ક્રિયાનો નિષેધ કરવામાં આવેલ છે. પણ એ વિષયમાં એક સમયે ત્રણે યોગ પ્રવર્ત્તી શકે—એમ સૂત્રમાં કહેલ છે. "

અહીં કોઇ આશંકા કરે કે :—' ધ્યાન—એ યોગપરિણામ ન હોવાથી તે બાહ્ય વ્યાપારથી કેમ સંભવે? વળી ધ્યાનને યોગના પરિણામરૂપ કહેવામાં આવે, તો લેશ્યા અને ધ્યાન એકજ થઇ જાય, તેમાં કંઇ ન્યૂનાધિકતા ન રહે, પણ તેમ જોવામાં તો આવતું નથી. કારણ કે શાસ્ત્રમાં લેશ્યા અને ધ્યાનનું સ્વરૂપ ભિન્ન ભિન્ન રીતે કહેવામાં આવેલ છે. વળી જો યોગપરિણામરૂપ ધ્યાન હોય, તો ચૌદમે અયોગી કેવલિ ગુણ સ્થાનકે શુકલધ્યાનનો સંભવ કેમ થાય ! એતો યોગની પરિણતિરૂપ નથી. કેમકે ધ્યાન તો આત્મ-સ્વભાવ સમવસ્થાનરૂપ છે અને તેની ઉત્પત્તિ આવી રીતે થાય છે. સુખની તૃષ્ણાએ કરી મોહનીયકર્મને વશ થયો થકો જીવ પરદ્રવ્યને વિષે પ્રવૃત્તિ કરે છે, જયારે મોહનીય કર્મની ન્યુનતા થાય છે, ત્યારે પરદ્રવ્યને વિષે પ્રવૃત્તિ થતી નથી એમ થયાથી વિષયને વિષે વૈરાગ્ય થાય છે, કેમકે વિષયને વિષે જે રાગ હોય છે તે વિષય પ્રાપ્તિ પૂર્વક હોય છે, અને રાગના અભાવે વૈરાગ્ય હોય છે; વૈરાગ્ય થકી મનનો રોધ થાય છે કેમકે મનની પ્રવૃત્તિ વિષય વિના થતી નથી, જેમ તૃણ રહિત સ્થાનમાં પડેલ અગ્નિ પોતાની મેળેજ ઉપશાંત થઇ જાય છે, તેમ વિષયની નિવૃત્તિથી મન સ્વયમેવ સ્થિરતાને પામે છે. મનનો નિરોધ થવાથી તેની ચંચલતા મટી જાય છે અને પછી સ્વતઃ એકાગ્ર થઇને આત્મામાં પ્રવૃત્ત થાય છે. એ આત્મસ્વભાવને ધ્યાન કહેવામાં આવે છે. પ્રવચનસારમાં કહ્યું છે કેઃ—

" जो खविदमोहकलुसो, विसयविरत्तो मणेण निरुम्मित्ता ।
समव दिट्ठदो सहावे, सो अप्पाणं हवदि जादा " ॥ १ ॥

'મોહની કલુષતાનો ક્ષય કરી મનને વશ કરવાપૂર્વક વિષયથી વિરક્ત થઇ જે આત્મસ્વભાવમાં સ્થિરતા યા સ્થિતિ કરવી તે ધ્યાન કહેવાય છે.' એવું સહજ ચેતન સ્વભાવરૂપ ધ્યાન બાહ્ય વ્યાપાર કરતાં અને પરદ્રવ્યરૂપ અધિકરણની ક્રિયા છતાં કેમ પ્રગટ થાય ? તેનો નિર્ણય કરે છે કેઃ—

**झाणं करण पयत्तो, ण सहावो तएण जेण सिद्धस्स (जाणकरणपयत्तो)।**
**इहराणट्ठाण विभागो, कह सुक्कझाण भेअणं ॥ ९ ॥**

વ્યાખ્યા—મન, વચન, અને કાયારૂપ ત્રિકરણ એટલે ત્રણ યોગનો પ્રયત્ન કરવાથી ધ્યાનની સિદ્ધિ થાય છે. માટે યોગપરિણામરૂપ ધ્યાન છે; પરંતુ ઉપયોગરૂપજ ધ્યાન નથી અને લેશ્યા પણ યોગપરિણામરૂપ છે, તેથી યોગપરિણામપણે તો ધ્યાન તથા લેશ્યા એ બંને સરખા છે, પરંતુ બંનેનાં લક્ષણો ભિન્ન ભિન્ન છે. લેશ્યા—એ યોગનો ચલાચલ પરિણામ છે અને ધ્યાન—એ યોગનો નિશ્ચલ પરિણામ છે. અયોગીને યદ્યપિ કરણવ્યાપાર નથી, તથાપિ તે છતાં મન, વચન અને કાયાના નિરોધરૂપ પ્રયત્ન કરે છે; તે પ્રયત્નથી ત્રણે યોગનો નિરોધ થાય છે. તેનેજ ધ્યાન કહેવામાં આવે છે. વળી અહીં જો આત્મસ્વભાવ સમવસ્થાનરૂપ ધ્યાન લઇએ, તો સિદ્ધને પણ ધ્યાનનું કર્તૃત્વ ઠરશે, અને શાસ્ત્રોમાં તો સિદ્ધને ધ્યાનપ્રમુખ સર્વ ક્રિયાનો અભાવ કહેલ છે. જો એમ કહીએ કેઃ—'સિદ્ધને વ્યવહારિક ધ્યાન તો નથી; પણ આત્મસ્વભાવરૂપ નૈશ્ચયિક ધ્યાન તો છેજ. જો એમ હોય તો યોગનો નિરોધ કર્યા વિના પૂર્વકોટિપર્યંત કેવલીને ધ્યાનનો નિષેધ કેમ કર્યો છે ? કારણકે આત્મસ્વભાવ સમવસ્થાન તો કેવલીને સર્વ કરતાં અધિક છે. એ કારણ માટે અયોગીને તો યોગનિરોધરૂપ ધ્યાન છે અને છદ્મસ્થને કરણના દૃઢ વ્યાપારરૂપ ધ્યાન છે. આ પ્રમાણે શુભ યોગથી પ્રવર્તનીય ધ્યાનમાં વાદવિવાદ શાનો હોય ?

અહીં કોઇ આશંકા કરે કેઃ—'જો ઉપકરણ હોય, તો રાગ પણ હોય, માટે ઉપકરણ સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. તેમ જો ન કરિએ, તો ઉત્સર્ગમાર્ગ કેમ રહે ?' એ પ્રશ્નનો ઉત્તર આપે છે કેઃ—

जा खलु सरागचरिआ, सा वि य उस्सग्गमग्गसंलग्गं ।
मोत्तुं अववायपयं, अइप्पसंगी परविसेसो ॥ १० ॥

વ્યાખ્યા—જે સ્થવિરકલ્પરૂપ સરાગચર્યા એટલે સરાગમાર્ગ—તેપણ ઉત્સર્ગમાર્ગને લાગેલોજ છે. અર્થાત્ અપવાદમાર્ગ અને ઉત્સર્ગમાર્ગ–એ બંને નિકટસંબંધી છે. યદ્યપિ સ્થવિરકલ્પી પણ અપવાદનો તો ત્યાગ કરે છે; તથાપિ કોઇ કારણને લીધે તે માર્ગ પણ તેમને આદરવો પડે છે. અને જિન-કલ્પી તો કદાપિ અપવાદમાર્ગનો સ્વીકારજ ન કરે. આ પ્રમાણે સ્થવિરકલ્પી તથા જિનકલ્પીના અપવાદ તથા ઉત્સર્ગમાર્ગમાં અલ્પ અંતરાય ( ભિન્નતા ) છે. એટલે અપવાદમાર્ગથી ઉત્સર્ગમાર્ગની કંઇક ઉત્કૃષ્ટતા છે, તેથીજ એ ભેદ થયા છે. વળી જિનકલ્પની અપેક્ષાએ સ્થવિરકલ્પ કહ્યો છે અને ઉત્સર્ગમાર્ગની અપેક્ષાએ અપવાદમાર્ગ કહ્યો છે. ઉત્સર્ગમાર્ગથી કંઇક ન્યૂનતાવાળો અપવાદમાર્ગ અને અપવાદમાર્ગથી કંઇક અધિકતા-વાળો ઉત્સર્ગમાર્ગ ન કહીએ, તો ચૌદમા ગુણસ્થાનકના અંતસમયસુધી ઉત્સર્ગમાર્ગનો સંભવ ન થાય. કારણ કે સર્વોત્કૃષ્ટ સંવર ત્યાંજ છે. માટે જે ઠેકાણે જે માર્ગ ઉત્કૃષ્ટ કહ્યો હોય, તે ઠેકાણે તેજ ઉત્સર્ગમાર્ગ છે. જેમ કે સ્થવિરકલ્પમાં ચૌદ ઉપકરણજ ઉત્કૃષ્ટ હોવાથી તે ઉત્સર્ગમાર્ગ છે.

હવે મૂળ ગાથાથી પૂર્વપક્ષી આશંકા કરે છે કેઃ—

णणु बइजंगं साहण–मववाओ अंतरंगमुस्सग्गो ।
जा पुण सरागचरिया, समुच्चियाणेव सिद्धाए ॥ ११ ॥

पडिसिद्धसेवणं पुण, णो अववाओ फुडो अणायारो ।
ता वत्थाईगंथो, णो उस्सग्गो ण अववाओ ॥ १२ ॥

વ્યાખ્યા—પરદ્રવ્યમાત્રની જે નિવૃત્તિ, એટલે પરદ્રવ્યનો કાંઇ પણ પરિગ્રહ રહ્યો ન હોય, પણ માત્ર [illegible]મદ્રવ્યનોજ પ્રતિબંધ હોય—તેજ સંય-

મનું અંતરંગ કારણ છે, અને એનેજ ઉત્સર્ગમાર્ગ કહેવામાં આવે છે. એવી સામગ્રીની પ્રાપ્તિ વિના શુદ્ધોપયોગ—ભૂમિકાએ ચઢી શકાતું નથી; એટલે તેને સહાયતા કરનારી ઉપધિને જે ધારણ કરવી—તે અપવાદ કહેવાય. તે ઉપધિબંધનો હેતુ ન હોવાથી તેનો નિષેધ કરેલ નથી. કારણ કે એ ઉપધિ સંયમરહિત પુરૂષના ઉપયોગમાં આવતી નથી, પણ તે સંયતિનેજ ઉપયોગી હોય છે, અને મૂર્છાના હેતુભૂત તે થતી નથી. કહ્યું છે કેઃ—

" अप्प डिकुठं उवहिं, अपत्थणिज्जं असंजदजणेहिं ।
मुच्छादि जणगरहिदं, गेण्हदु समणो जदि वि अप्पंति " ॥१॥

તે ઉપધિ આ પ્રમાણે છે—એક યથાજાતલિંગ–પુદ્ગલ, એટલે જેવો માતાના ઉદરમાંથી નીકળ્યો હોય, તેવો આકાર ધારણ કરવો, બીજો વચન–પુદ્ગલ, એટલે જેથી શુદ્ધાત્મ–તત્ત્વનો બોધ–તેનું ગ્રહણ કરવું. ત્રીજું ગુર્વાદિકના વિનયરૂપ મનના પુદ્ગલનું ધારણ કરવું અને ચોથું સૂત્રાધ્યયનના પુદ્ગલનું ધારણ કરવું. કહ્યું છે કેઃ—

" उवयरणं जिणमग्गो, लिंगं जह जादरूपमिदि भणिदं ।
गुरूवयणं पि अ विणओ, सुत्तज्झयणं च पन्नत्तं " ॥ १ ॥

એ અપવાદમાર્ગને સરાગચર્યા કહે છે. અર્થાત્ શુદ્ધોપયોગની ન્યૂનતાને લીધે અપવાદમાર્ગ કહેવાય છે. પણ જે વસ્તુ પ્રતિષિદ્ધ—એટલે સેવન કરવા યોગ્ય ન હોય—તેનું સેવન કરવું, તે અપવાદમાર્ગ ન કહેવાય. તે તો પ્રગટ અનાચારજ કહેવાય.

અહીં કોઇ આશંકા કરે કેઃ—' ઉપર કહ્યા પ્રમાણે સંયતિને વસ્ત્ર સેવન કરવા યોગ્ય નથી; કારણ કે તે અનાચાર છે; માટે સર્વ પરિગ્રહનો ત્યાગ કરવો જોઇએ. વસ્ત્રાદિક પરિગ્રહનું ગ્રહણ કરવું—તે ઉત્સર્ગ કે અપવાદમાર્ગ નથી; પણ અનાચાર છે. માટે તે કેમ આચરી શકાય ?' એમ કહેનારને ઉત્તર આપી સમાધાન કરે છે કેઃ—

उवकुणइ जह सरीरं, सुद्धुवओगं तहेवमुवगरणं ।
जम्हा तओ मुणीणं, सुए अणेगे गुणा भणिआ ॥ १३ ॥

**વ્યાખ્યા**—જેમ શરીર પરદ્રવ્ય છતાં તે શુદ્ધોપયોગનું સહાયકારી હોવાથી તે પરિગ્રહ ન કહેવાય, તેમ ઉપકરણ પણ શુદ્ધોપયોગના સહાયકારી હોવાથી તે પરિગ્રહ કહેવાય નહીં. કારણ કે સિદ્ધાંતમાં પણ ધર્મોપકરણના અનેક ગુણ બતાવ્યા છે. જેમ કે રાત્રિએ ચઉકાલે કાલગ્રહ લેતાં વસ્ત્રથી યતિની શીતપીડા ટલે છે. અને જો વસ્ત્ર ન હોય, તો શીતની પીડાને લીધે અગ્નિના તાપપ્રમુખની ચિંતના થાય—તેથી આર્તધ્યાન ઉત્પન્ન થાય છે. વળી વસ્ત્રથી સચિત્ત પૃથિવીકાય, ધૂંહરી, ઓસ, વૃષ્ટિ તથા હિરમજ પ્રમુખની રક્ષા થાય છે. પણ જો વસ્ત્ર ન હોય અને શરીર ઉઘાડું હોય, તો શરીરની ગરમીની બાફથી તે જીવોને દુઃખ ઉત્પન્ન થાય છે. સંપાતિમ રજરેણુ પ્રમાર્જવાને માટે મુહપત્તી (મુખવસ્ત્રિકા) રાખવી, આદાન, પ્રદાનપ્રમુખ ક્રિયા પ્રથમ પ્રમાર્જીને કરવા માટે તથા જૈનલિંગને અર્થે ઓઘો (રજોહરણ) રાખવાની જરૂર છે. તથા પુરૂષવેદનીયોદયાદિક વર્જવાને માટે ચોલપટો રાખવો—ઇત્યાદિક વસ્ત્રના ગુણ કહ્યા છે. અનાભોગે લીધેલાં જે સંસક્ત ગોરસાદિક, તે પાત્રથી વિધિપૂર્વક પરઠી શકાય છે. પાત્ર વિના હાથમાંજ લીધા હોય, તો યોગ્ય સ્થાને કેમ પરઠવી શકાય ? તથા હાથમાં સરસ વસ્તુ લેતાં તેમાંથી બિંદુ જો નીચે જમીનપર પડે, તો તેથી કીડી વિગેરે અનેક જંતુઓની વિરાધના થાય. ગૃહસ્થભાજનને અર્થે ઉપભોગે પણ પશ્ચાત્કર્માદિક દોષ ઉપજે. વળી જો પાત્ર હોય તો ગ્લાન યા દુર્બલ સાધુના માટે પથ્યાદિક આહાર લાવવાને તે ઉપયોગી હોવાથી ઉપકાર થાય છે. વળી અલબ્ધિવંત તથા લબ્ધિવંત, અસમર્થ યા સમર્થ—પ્રાહુણાને વાત્સલ્ય પાત્ર હોય, તો અન્નપાનાદિક આપી ઉપકાર કરાય, અન્યથા કેમ બને ? ઇત્યાદિ વસ્ત્ર તથા પાત્રમાં અનેક ગુણ સમજીને શરીરની જેમ તે ધર્મના હેતુ હોવાથી તેમાં પરિગ્રહપણાની આશંકા કરવી નહિ.

પુનઃ ઉપહાસયુક્ત પૂર્વપક્ષી મૂળ ગાથાથી આશંકા કરે છે કેઃ—

जइ उवहिभारगहणं, इट्ठं दुज्झाणवज्जणणिमित्तं ।
तो सेयं थीगहणं, मेहुण सण्णाणिरोहट्ठं ॥ १४ ॥

**વ્યાખ્યા**—શીત અને તાપપ્રમુખની પીડાથી આર્ત્તધ્યાન ન ઉપજે, તેને માટે તમે એટલોબધો ઉપધિનો ભાર વેઠો છો; તો મૈથુનસંજ્ઞાનિમિત્ત આર્ત્તધ્યાનને નિવારવાને અર્થે એક સ્ત્રીનો પરિગ્રહ પણ શામાટે રાખતા નથી? જો જીર્ણ વસ્ત્રાદિક રાખવાથી મૂર્ચ્છા ન થાય, તો ભગ્નાંગ તથા કુરૂપ સ્ત્રી રાખવાથી મૂર્છા કેમ થાય?

એ આશંકાનો ઉત્તર આપે છે કેઃ—

एयं वि दूसगाणं, वयणं मयणंधवयणमिव मोहा ।
अण्णह समोवहासो, देहाहाराइ गहणे वि ॥ १५ ॥

**વ્યાખ્યા**—તમારૂં બોલવું ભાંડ (મશ્કરા) ના જેવું ભાસે છે. જેમ હોલીના દહાડામાં કામી પુરૂષો ગમે તેમ બકયા કરે અને કામને વશ થઈ લજ્જા ઉપજાવે એવાં વાકયો બોલે, તેમ તમે પણ મિથ્યાત્વના વેગમાં અજ્ઞાનના વશથી મશ્કરીનાં વચન બોલો છો. તેવાં વચનોથી અમને તો કાંઇ હાનિ નથી; કારણ કે તમે પોતે પણ ક્ષુધાની વ્યથાને દૂર કરવા આહાર ન મળે, તો આર્ત્તધ્યાન થાય, તેને ટાલવાને અને શરીરને જીવતું રાખવાને આહાર લેવાનું માનો છો, તેમ સ્ત્રીપરિગ્રહ શા માટે માનતા નથી? માટે જેમ આહારમાં ગુણ છે અને દોષ નથી, તેમ ધર્મોપકરણમાં પણ ગુણ છે, દોષ નથી. આ સમાધાન યુક્તિમદ્ છે. એ કારણથી ધર્મના સાધનમાં જે રાગ થાય, તે પ્રશસ્ત હોવાથી તેને પરિગ્રહરૂપ દોષ જાણવો નહિ.

સમ્યગ્જ્ઞાન થવા માટે રાગ પ્રશસ્ત છે અને દ્વેષ અપ્રશસ્ત છે—તે દર્શાવે છેઃ—

रागस्स व दोसस्स व उद्दिस्स सुहासुहे सुहासुहया ।
जइ पुण विसयाविरत्ता, कह होज्जा तो विभागोसि ॥ १६ ॥

વ્યાખ્યા—સારા ઉદ્દેશથી અરિહંતાદિકપર જે રાગ કરવો તે-પ્રશસ્ત રાગ કહેવાય છે. આવશ્યકસૂત્રમાં કહ્યું છે કે :—

" अरिहंते सुयरागो, रागो सारीसु बभयारीसु ।
एस पसत्थो रागो, अज्जस रागाण साहूणं "

વળી અશુભને તજવા માટે જે દ્વેષ કરવો—તે પ્રશસ્ત દ્વેષ કહેવાય. જેમ કે–મિથ્યાત્વ અજ્ઞાન તથા અવિરતિ પ્રમુખ દોષો ઉપર જે દ્વેષ થાય–તે પ્રશસ્ત દ્વેષ કહેવાય. કારણ કે તેવા દોષોપર દ્વેષ આવ્યા વિના તેનો ત્યાગ કેમ થાય ? કેવળ વિષયની અપેક્ષાથીજ દ્વેષ થાય છે, એમ ન માનવું. જો માત્ર વિષયના અર્થેજ દ્વેષ થતો હોય, તો તેના પ્રશસ્ત–અને અપ્રશસ્ત–એવા બે વિભાગ થઇ શકે નહિ. વળી આ લોકના સ્વાર્થના માટે ઉત્તમ યતિ યા ધર્મપર જે રાગ થાય, તે અપ્રશસ્ત રાગ કહેવાય છે. અહીં કોઇ પ્રશ્ન કરે કે :—' જેમ રાગના ઉપર કહ્યા પ્રમાણે બે વિભાગ થઇ શકે, કારણ કે તેના સંકલેશ અને વિશુદ્ધ–એવા બે અંગ છે, તેમ દ્વેષના એ બે વિભાગ થઇ શકે નહિ, કારણ કે તેનું બિજું વિશુદ્ધ અંગ નથી. તે માત્ર સંકલેશરૂપ હોવાથી અપ્રશસ્ત છે. પ્રવચનસારમાં કહ્યું છે કે :—

" परिणामो दो बंधो, परिणामो राग दोस मोह जुओ ।
असुभो मोहय दोसो, सुहो व असुहो व हवइ रागो " ॥ १ ॥

એ પ્રમાણે બોલનારને એમ કહેવું કે—' તમને સામાયિકમાં પાપગર્હાના અધ્યવસાય કેમ થાય છે ? જે વસ્તુપર દ્વેષ ન થાય, તેને ત્યાગ કરવાના પરિણામ થાય નહિ. જો તેવા પરિણામ થતા હોય, તો શું તે અપ્રશસ્ત દ્વેષ કહેવાય ? ના, તે પ્રશસ્ત દ્વેષજ કહેવાય. કારણ કે પરને તાપ કર-

વાનો વિચાર, તે ક્રોધનો અંશ છે. માટે ક્રોધરૂપ જે દ્વેષ-તે પણ રાગની જેમ દ્વિધા હોય છે.

હવે ચાર નિક્ષેપાથી રાગ તથા દ્વેષનું વિવરણ કરે છે :—

णामं ठवणा दविए, रागो दोसो अभावो चउहा
( रागो दोसो अभाव चउभेया ) ।
कम्मं जोग्गं बद्धं, बज्झंतमुदीरणोवगयं ॥ १७ ॥

णो कम्म दव्वराओ, णायव्वो वीससा पओगाय ।
संझाइकुसुंभाई, दोसो दुट्ठव्वणाईओ ॥ १८ ॥

जं राग दोस कम्मं, समुमान्नं जे तओ अ परिणाइ ।
ते भावराग दोसा, बोच्छामिह णय समोआरं ॥ १९ ॥

कोहो माणो दोसो, माया लोभो अ राग पज्जाया ।
संगहणयमयमेयं, दोसो माया विविवहारा ॥ २० ॥

उज्जुसुअस्स य कोहो, दोसो सेसेसुणत्थि एगंतो ।
कोहोच्चिय लोहो च्चिय, माणो माया व सद्दस्स ॥ २१ ॥

વ્યાખ્યા—રાગ-દ્વેષના-નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ-એ ચાર ચાર પ્રકાર હોવાથી બંનેના ચાર ચાર ભેદ થાય છે. જેમ કે-નામરાગ, સ્થાપનારાગ, દ્રવ્યરાગ અને ભાવરાગ-એ ચાર ભેદ રાગના થાય છે. તેમજ નામદ્વેષ, સ્થાપનાદ્વેષ, દ્રવ્યદ્વેષ અને ભાવદ્વેષ-એ ચાર ભેદ દ્વેષના થાય છે. જેનું રાગ એવું નામ હોય-તે નામરાગ કહેવાય, રાગવાનનું જે ચિત્ર કહાડેલું હોય-તે સ્થાપનારાગ કહેવાય, દ્રવ્યરાગના બે પ્રકાર છે :—એક કર્મ

દ્રવ્યરાગ, બીજો નોકર્મદ્રવ્યરાગ-તેમાં કર્મદ્રવ્યરાગના ચાર પ્રકાર છે. એક યોગ, બીજો બદ્ધયમાન, ત્રીજો બદ્ધ અને ચોથો ઉદીરણાપ્રાપ્ત. જે મોહનીય કર્મના પુદ્ગલબંધ પરિણામને અભિમુખ થયા હોય-તે યોગકર્મદ્રવ્યરાગ કહેવાય. જે મોહનીયકર્મના પુદ્ગલબંધક્રિયાના પરિણામને પામ્યા હોય-તે બદ્ધયમાન કર્મદ્રવ્ય રાગ કહેવાય. જે મોહનીય કર્મના પુદ્ગલબંધ પરિણામની નિષ્ઠાને પામ્યા હોય, તે બદ્ધકર્મદ્રવ્ય રાગ કહેવાય. અને જે મોહનીય કર્મના પુદ્ગલ ઉદયને પામ્યા હોય તે ઉદીરણા પ્રાપ્ત કર્મદ્રવ્યરાગ કહેવાય. તેમ નોકર્મદ્રવ્યરાગના બે પ્રકાર છે. એક વિશ્રસા અને બીજો પ્રયોગ. જે સંધ્યારાગ પ્રમુખ દેખાય છે-તે વિશ્રસા નોકર્મદ્રવ્યરાગ કહેવાય. અને જે વસ્ત્રાદિકમાં કુસુંબાદિક રાગ દેખાય છે-તે પ્રયોગ નોકર્મદ્રવ્યરાગ કહેવાય. અને ભાવરાગના પણ બે પ્રકાર છે.-એક ઉદય પ્રાપ્ત અને બીજો પરિણામ. મોહનીય કર્મનો ઉદય થાય-તે ઉદય પ્રાપ્ત ભાવ રાગ કહેવાય અને મોહનીયકર્મ પરિણામને પામે તે પરિણામ-ભાવરાગ કહેવાય.

હવે જેનું દ્વેષ એવું નામ હોય-તે નામ દ્વેષ કહેવાય દ્વેષવાનનું જે ચિત્ર કહાડેલું હોય-તે સ્થાપના દ્વેષ કહેવાય. દ્રવ્ય દ્વેષના બે પ્રકાર છેઃ— એક કર્મદ્રવ્ય દ્વેષ અને બિજો નોકર્મદ્રવ્યદ્વેષ, તેમાં કર્મદ્રવ્યદ્વેષના ચાર પ્રકાર છેઃ—એક યોગ, બીજો, બદ્ધયમાન, ત્રીજો બદ્ધ અને ચોથો ઉદીરણાપ્રાપ્ત. જે મોહનીય કર્મના પુદ્ગલબંધ પરિણામને અભિમુખ થયા હોય-તે યોગકર્મ દ્રવ્યદ્વેષ કહેવાય. જે મોહનીય કર્મના પુદ્ગલબંધ ક્રિયાના પરિણામને પામ્યા હોય-તે બદ્ધયમાન કર્મ દ્રવ્યદ્વેષ કહેવાય. જે મોહનીય કર્મના પુદ્ગલબંધ પરિણામની નિષ્ઠાને પામ્યા હોય-તે બદ્ધકર્મ દ્રવ્યદ્વેષ કહેવાય, અને જે મોહનીય કર્મના પુદ્ગલ ઉદયને પામ્યા હોય-તે ઉદીરણા પ્રાપ્ત કર્મ દ્રવ્યદ્વેષ કહેવાય. તેમ નોકર્મ દ્રવ્યદ્વેષના બે પ્રકાર છેઃ-એક વિશ્રસા અને બીજો પ્રયોગ. જે સંધ્યારાગ પ્રમુખ દેખાય છે, તે વિશ્રસા નોકર્મ દ્રવ્યદ્વેષ કહેવાય અને જે વસ્ત્રાદિકમાં કુસુંભાદિક રાગ દેખાય છે-તે પ્રયોગ નોકર્મ દ્રવ્યદ્વેષ કહેવાય, અને ભાવદ્વેષના પણ બે પ્રકાર છેઃ-એક ઉદય પ્રાપ્ત અને બીજો પરિણામ. મોહનીયકર્મનો જે ઉદય થાય-તે ઉદય

પ્રાપ્ત ભાવદ્વેષ કહેવાય અને મોહનીય કર્મ પરિણામને પામે-તે પરિણામ-ભાવદ્વેષ કહેવાય.

હવે નયદ્વારાએ રાગ-દ્વેષનું વિવરણ કરે છે:-સંગ્રહનયની રીતિથી ક્રોધ અને માન-એ બંને અપ્રીતિના પરિણામ હોવાથી દ્વેષ કહેવાય છે, અને માયા તથા લોભ-એ બંને પ્રીતિના પરિણામ હોવાથી રાગ કહેવાયછે. વ્યવહાર નયની રીતથી માયાની યોજના પરના ઉપઘાતને અર્થે થતી હોવાથી માયા પણ દ્વેષજ કહેવાય અને ન્યાયોપાત્ત દ્રવ્ય પ્રમુખમાં જે લોભ થાય છે, તે રાગ કહેવાય; પરંતુ અન્યાયોપાર્જિત દ્રવ્યાદિકમાં જે લોભ થાય, તે રાગ કહેવાય નહિ. કારણ કે એથી કષાયાદિકની ઉત્પત્તિ થાય છે. ઋજુસૂત્રનયની રીતિએ ક્રોધ-એ અપ્રીતિનોજ પરિણામ હોવાથી એકાંત દ્વેષ કહેવાય છે. બાકીના ત્રણ માન, માયા અને લોભ-તે એકાંત દ્વેષ ન કહેવાય, પરંતુ અનેકાંત કહેવાય. કારણ કે માન જ્યારે સ્વોત્કર્ષ પરિણામ-રૂપ હોય છે, ત્યારે રાગ કહેવાય છે અને પરનિંદાના પરિણામ રૂપ હોય, ત્યારે દ્વેષ કહેવાય. તેમજ માયા તથા લોભ પણ જ્યારે પૂર્વ પરિણામરૂપ હોય, ત્યારે રાગ કહેવાય અને પરદ્રોહના પરિણામ રૂપ હોય, ત્યારે દ્વેષ કહેવાય અને શબ્દનયની રીતિએ ક્રોધ તથા લોભ-એ બે કષાયરૂપ હોવાથી એમાંના માન તથા માયા અપ્રીતિના પરિણામરૂપે થઇને જ્યારે ક્રોધમાં આવીને મળી જાય છે, ત્યારે તે દ્વેષ કહેવાય છે અને પ્રીતિના પરિણામરૂપે થઇને જ્યારે લોભમાં આવીને મળી જાય છે, ત્યારે રાગ કહેવાય છે.

पर दव्वंमि पवित्ती, ण मोहजाणिया व मोहजणावा ।
जोगकयाहु पवित्ती, फलकंखा राग दोस कया ॥ २२ ॥

**વ્યાખ્યા**—પરદ્રવ્યમાં જે પ્રવૃત્તિ થાય, તેનું નિશ્ચયથી મોહ કારણ નથી. કારણકે પ્રવૃત્તિ તો મન, વચન અને કાયાના યોગથી થાય છે અને ફલની ઇચ્છા રાગ-દ્વેષથી થાય છે. માટે ફલની ઇચ્છા વિના યતિ જો

ધર્મોપકરણુ ધારણુ કરે, તો તેથી અયોગ્ય થયું શું કહેવાય? કારણકે ફલની ઇચ્છા વિના, રાગ અને દ્વેષ થતા નથી.

**वत्था इणेव गन्थो, मुणीण मुच्छं विणेव गहणाओ ।**
**तह देहपालणट्ठा, जह आहारो तुहत्ति इट्ठो ॥ २३ ॥**

**વ્યાખ્યા**—યતિને વસ્ત્રાદિકનો ગ્રંથ થતો નથી. કારણકે તે માત્ર શરીરની રક્ષા માટે ગ્રહણ કરે છે; તેમાં તેમને રંચ માત્ર પણ મૂર્ચ્છા હોતી નથી. જેમ શરીરની રક્ષાને માટે યતિ નિરવદ્ય આહાર ગ્રહણ કરે છે, પણ તેમાં મૂર્ચ્છા ન હોય, તેમ ધર્મોપકરણમાં પણ સમજી લેવું.

**जह देहपालणट्ठा, जुत्ताहारो विराहगो ण मुणी ।**
**तह जुत्तवत्थपत्ता, विराहगो णेव णिद्दिट्ठा ॥ २४ ॥**

**વ્યાખ્યા**—જેમ શરીરના નિર્વાહને માટે નિરવદ્ય આહાર લેતા યતિને વિરાધક કહ્યો નથી. તેમ નિરવદ્ય વસ્ત્ર, પાત્ર રાખવાથી પણ વિરાધક ન કહેવાય, પણ આરાધકજ કહેવાય. અહીં કોઇ એમ કહે કેઃ— 'શુદ્ધોપયોગ—તે પ્રદીપ જેવો છે અને ભોજન તથા શરીર સંચલન—તે તૈલપૂરણ તથા વાટ સંચાર સદૃશ છે. એતો યોગ્ય છે, પણ ઉપધિ અયોગ્ય છે.' અમરચંદનું આ બોલવું અસમીચીન છે. કારણકે ધર્મોપકરણ ધારણ કરવાં—તે પ્રદીપને નિર્વાત સ્થલે રાખવા બરોબર છે. માટે યોગ્યછે.

**अणसण सहावजोगा, जह असणं अणसणत्ति जुत्तमिणं ।**
**जुत्तं तह वत्थाइ, सहावओ तप्परिणयस्स ॥ २५ ॥**

**વ્યાખ્યા**—જેમ સર્વ ભોજનની તૃષ્ણાથી રહિત છતાં અંતરંગમાં આત્મસ્વભાવની ભાવના ભાવતાં તેના ઉપષ્ટંભ (આધાર) ને માટે આહાર લેવો—તે પરમાર્થથી અનાહારજ કહેવાય. પ્રવચનસારમાં કહ્યું છે કેઃ—

"जस्स अणसणंअमप्पा, तंपि तओ तप्पहिच्छगा समणा ।
अणाभिक्खमणेसण-मध ते समणा अणाहारा" ॥ १ ॥

તેમજ સકલ પરિગ્રહ રહિત છતાં આત્મસ્વભાવની ભાવના ભાવતાં—તેના ઉપષ્ટંભને અર્થે વસ્ત્રાદિક રાખતાં પણ પરમાર્થે વસ્ત્રાદિક રહિત કહેવાય-તે યુકતજ છે.

एवं च सचेलाणं, कह सुत्तुत्तंभवे अचेलत्तं ।
इय पभणंतस्स तुहं, कोणिअघररक्खणोन्नाओ ॥ २६ ॥

વ્યાખ્યા-'એવી રીતે સૂત્રમાં કહેલ સચેલ યતિને અચેલપણું કેમ સંભવે? એમ કહેવાથી તમને પોતાનું સાંભળવું કઠણ થઇ પડશે. કારણકે તમારા શાસ્ત્રમાંજ યતિને આહાર કરતાં પણ અનાહારી કહેલ છે. તોપછી મૂર્ચ્છારહિત સચેલને અચેલ કહેવાથી શું અઘટિત થાય?

जइ चेल भोगमेत्ता, ण जियाचेलयक्क प परिसहोसाहू ।
भुंजंतो अजिअखुहा-परीसहो तो तुमंपत्तो ॥ २७ ॥

વ્યાખ્યા-જો એમ કહેશો કે- 'વસ્ત્ર વાપરવાથી અચેલ-પરીષહ જીતાય નહિ.' તો આહાર કરવાથી ક્ષુધાપરીષહ કેમ જીતાય? જો એમ કહેશો કે 'તીવ્ર ક્ષુધા લાગી હોય, તોપણ યતિએ અનેષણીય આહાર ન લેવો, પરંતુ જો શુદ્ધ આહાર મળે, તોજ આત્માને ઉપગ્રહ કરવો, એવી રીતે ક્ષુધાપરીષહ જેમ જીતાય છે, તેમ શીતાદિક ઘણી વેદના થતી હોય, તોપણ યતિએ સદોષ વસ્ત્ર લેવું નહિ, પરંતુ નિર્દોષ વસ્ત્ર મળે, તોજ આત્માને ઉપગ્રહ કરવો-એમ કરવાથી અચેલ પરીષહ પણ જીતાય છે. એમ નિશ્ચયથી અચેલપણું જાણવું.

હવે વ્યવહારથી અચેલપણું દર્શાવે છેઃ-

जह जलमवगाहंतो, भणई चेलरहिओ सचेलोवि ।
तह थोवजुणकुच्छिय--चेला वि अचेलया साहू ॥ २८ ॥

વ્યાખ્યા—જેમ કોઇ માણસ પોતીયું પહેરીને તળાવ પ્રમુખના જળમાં સ્નાન કરવા પ્રવેશ કરે, તે વખતે તે પોતીયું છતાં નગ્ન કહેવાય, તેમ જીર્ણ વસ્ત્રને ધારણ કરનાર યતિ પણ અચેલજ કહેવાય.

उवयारेण अचेला, सेसमुणी सव्वहा जिणंदा य ।
खंधाउ देवदूसं, चवइ तओ चेव आरब्भ ॥ २९ ॥

વ્યાખ્યા—તીર્થંકર વિના બીજા યતિ ઉપચારથી અચેલા કહેવાય. કારણ કે તેઓ વસ્ત્ર છતાં પણ અવસ્ત્ર ગણે છે. જેમ કોટીધ્વજ છતાં તેને અભિમાન ન હોય, તો તે નિર્ધન જેવોજ ગણાય છે. એમ સચેલ સાધુને માટે પણ જાણી લેવું. સર્વથા અચેલ તો જયારે દેવ દૂષ્ય વસ્ત્ર સ્કંધ ઉપરથી પડી જાય, ત્યારે તીર્થંકર કહેવાય છે.

एएण जइ अचेला, जिणंद जिणकप्पिआईआ सुमुणी ।
ता एसोच्चिय मग्गो, ण ण्णोत्ति पराकयं वयणं ॥ ३० ॥

વ્યાખ્યા—આ રીતથી જિન-તીર્થંકર તથા જિનકલ્પીપ્રમુખ અચેલા છે, તેથી એજ માર્ગ ઉત્તમ છે, અને સ્થવિરકલ્પીનો માર્ગ ઉત્તમ નથી—એમ કહેનારાનું નિરાકરણ કર્યું. કારણ કે જિનકલ્પી પણ એકાંતે અચેલા નથી—કેમકે જે જિનકલ્પીને પાત્રની લબ્ધિ હોય, હાથ છિદ્ર રહિત થયા હોય, પરંતુ વસ્ત્રની લબ્ધિ ન હોય તેઓમાંના કોઇકને રજોહરણ, મુહપત્તી તથા એક કલ્પક—એ ત્રણ ઉપધિ હોય છે, કોઇકને રજોહરણ, મુહપત્તી અને બે કલ્પક મળી ચાર ઉપધિ હોય છે, કોઇકને રજોહરણ, મુહપત્તી અને ત્રણ કલ્પક મળી પાંચ ઉપધિ હોય છે. જેને વસ્ત્રની લબ્ધિ હોય, પરંતુ પાત્રની લબ્ધિ ન હોય—તેને સપ્તવિધ પાત્ર-

નિર્યોગ, રજોહરણ તથા મુહપત્તી મળી નવ ઉપધિ હોય છે. જેને બંને લબ્ધિમાંની એકે લબ્ધિ ન હોય-તેઓમાંના કોઇકને સાત પાત્રા, રજોહરણ, મુહપત્તી અને બે કલ્પક મળી દશ ઉપધિ હોયછે. કોઇકને સાત પાત્રા, રજોહરણ, મુહપત્તી અને બે કલ્પક મળી અગીયાર ઉપધિ હોય છે. અને કોઇકને સાત પાત્રા, રજોહરણ, મુહપત્તી અને ત્રણ કલ્પક મળી બાર ઉપધિ હોય છે. અર્થાત્ પોતાની શક્ત્યનુસારે ઉપધિ હોય છે અને જેને બંને લબ્ધિઓ હોય, તેને રજોહરણ તથા મુહપત્તી એ બે ઉપધિ તો નિશ્ચયથી હોયજ છે, એવો નિયમ છે.

जिणकयमेव य कम्मं, जइ कायव्वं तओ तुहं इहयं ।
उवएससिस्सदिक्खा, गुरूवयणाईहि किं कज्जं ॥ ३१ ॥

વ્યાખ્યા-જો તમે કહેશો કે-' જે કાર્ય જિનેશ્વરે કર્યું નથી, તે કાર્ય અમારે પણ કરવું નથી.' તોપછી ધર્મોપદેશ, શિષ્યદીક્ષા તથા ગુરૂવચનાદિકનું તમારે શું પ્રયોજન છે? જેમ ભગવંતે જ્ઞાન ઉત્પન્ન થયા પછી ધર્મોપદેશ આપ્યો, પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પહેલાં કોઇને ધર્મોપદેશ આપ્યો નથી, તેમ તમારે પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછીજ ધર્મોપદેશ કરવો, તે પહેલાં ઉપદેશ વિગેરે કંઇ પણ કરવું ન જોઇએ.

णिरतिसयाणं कप्पो, थेराणाहिओ ठिओ अ तित्थेव ।
पडिवज्जाऊ जिणकप्पं, पंचहि तुलणाइ जुत्तो तो ॥ ३२ ॥

વ્યાખ્યા-જે સાધુ લબ્ધિરહિત હોય, તેને સ્થવિરકલ્પ-માર્ગજ હિતકારી છે. તે વખતે જિનકલ્પ ત્યાગ કરવા યોગ્ય છે. જયારે આત્મજ્ઞાન થાય, ત્યારે જિનકલ્પ આદરવો. પરંતુ અસમર્થ છતાં ઉત્કૃષ્ટ માર્ગનો જે આદર કરવો-તે કેવળ આર્તધ્યાનના હેતુભૂત થાય છે. કહ્યું છે કે:-' अकालौत्सुक्य तत्त्वत आर्त्तध्यानरूपत्वाद्धर्मविद्: ' इति.

वेज्जुत्तदिट्ठं ओसह, मित्र जिणकहियं हियं तओ मग्गं ।
सेवंतो होइ सुही, इहगा विवरीअफलभागी ॥ ३३ ॥

વ્યાખ્યા-માટે ભગવંતે પ્રરૂપેલ માર્ગનો જે આદર કરે, તે સુખી થાય. અને ભગવંતે જેમ કર્યું તેમ જે કરવા જાય, તે વિપરીત ફળને લાયક થાય, જેમ રોગી વૈદ્યે કહેલ ઔષધિને જો સેવે, તો રોગરહિત થાય, પણ વૈદ્યના કહ્યા પ્રમાણે ન કરે, અને અપથ્ય સેવન કરતો રહે તો અકાલે નાશ પામે, તેમ અહીં પણ સમજી લેવું.

कारणिगं जहवत्थं, तह आहारो विदंसिउ समए ।
एगं चिच्चा अवरं, गिण्हंतागंणुक्कोभावो ॥ ३४ ॥

अणगूहिंतो सत्तिं, भुंजंतो वि जहणो चयइ मग्गं ।
अणगूहिंतो सत्तिं, तह उवगरणं धरंतोवि ॥ ३५ ॥

વ્યાખ્યા-સકલ આત્મશક્તિને ફોરવનાર યતિ જેમ સંયમ નિવાહેને માટે આહાર કરતાં પણ જિન માર્ગનો ત્યાગ કરતો નથી, તેમ સ્વાધ્યાદિકને માટે પણ યતિએ ધર્મોપકરણનો ત્યાગ કરવો નહિ. કહ્યું છે કે:- 'तिहिं ठाणेहिं वत्थं धरेज्जा, तंजह-हरिवत्तिअं, दुगंछवत्तिअं, परिसह वत्तिअं 'इति. લજ્જા અને દુગંછાને દૂર કરવા તથા સંયમના નિર્વાહ માટે વસ્ત્ર ધારણ કરવાં જોઇએ. જો વસ્ત્ર ન હોય અને નગ્ન હોય, તો લજ્જા થાય, તેથી સંયમ પળે નહિ. વળી જો વસ્ત્ર નહોય, તો લોક નિંદા કરે કે:- એ ધર્મ સારો નથી. કારણ કે એમાં સાધુ નગ્ન ફરે છે.' એ નિંદા ટાળવાને માટે વસ્ત્ર ધારણ કરવાં. જો વસ્ત્ર નહોય, તો ટાઢ તથા તાપ પ્રમુખ લાગે અને તેથી ચારિત્ર ભંગરૂપ આર્તધ્યાન ઉત્પન્ન થાય-તે મટાડવાને અર્થે વસ્ત્ર ધારણ કરવાં. એમ કારણિક હોવાથી-'અમે સાહસવંત છતાં કેમ ધારણ કરીયે ?'

એમ જો કહેશો, તો આહાર પણ કારણિક હોવાથી તમારે લેવો ન જોઇએ. કહ્યું છે કેઃ-'छहिं ठाणेहिं समणे णिग्गंथे आहारमाहारे माणेणाइ क्कमइ तं वेयण वेयावच्चे इरियट्ठाए अ संजमट्ठए तह पाण वत्तिआए छट्ठं पुण धम्मचिंताए' ઇત્યાદિ કારણને લીધે યતિ આહાર કરે, તેથી આજ્ઞાનુ અતિક્રમણ ન થાય. તેના કારણ આ પ્રમાણે છેઃ-ક્ષુધાની વેદનાને મટાડવાને અર્થે, વૈયાવચ્ચ કરવાને અર્થે, ઇર્યા શોધવાને અર્થે, સંયમ પાળવાને અર્થે, પ્રાણ ધારવાને અર્થે તથા સ્વાધ્યાય પ્રમુખ ધર્મ ચિંતાને અર્થે-સાધુ આહાર કરે છે, પણ બલ તથા રૂપાદિકના અર્થે તે કરતો નથી. તેમજ વસ્ત્ર પણ કારણને લીધે ધારણ કરે છે-તો તેનો ત્યાગ કરવાનું પ્રયોજન શું? આહાર લેવો અને વસ્ત્ર મૂકવા-એમ કરવામાં તમારો શો અભિપ્રાય છે? તે સમજાતું નથી.

अविजिय हिरिकुच्छाणं, जइ नूणं संजमे ण अहिगारो ।
ता कह अजियदुगंछा, तण्णाणं तत्थ अहिगारो ॥ १६ ॥

વ્યાખ્યા-જો એમ કહેશો કે-'જેણે લાજ તથા દુગંછા પ્રમુખ જીત્યાં ન હોય, તેને ચારિત્રનો અધિકાર નથી! તો જેણે ક્ષુધા તથા તૃષા વિગેરે જીત્યાં ન હોય, તેને ચારિત્રનો અધિકાર કેમ કહેવાય? જો ક્ષુધા અને તૃષા મૂલ ગુણના ઘાતક નથી, તો લજ્જા અને દુગંછા પણ મૂલ ગુણના ઘાતક કેમ કહેવાય? માટે અહીં અભિનિવેશ વિના બીજું કાંઇ તમારૂં કારણ જોવામાં આવતું નથી.

अह हिरिकुच्छा हि सया, हिरिकुच्छ सहावभावणाणोचे ।
तण्हाछुहाहि ता कह, तयभावसहावसंबुद्धी ॥ १७ ॥

વ્યાખ્યા-જો કહેશો કે-'યતિને લજ્જા તથા દુગંછા હોય.' તો તેથી વિપરીત જે અલજ્જા અને અદુગંછારૂપ આત્મસ્વભાવની ભાવના

તે ન થાય, તોપછી ક્ષુધા અને તૃષા છતાં તેથી વિપરીત જે અક્ષુધા અને અતૃષારૂપ જે આત્મસ્વભાવની ભાવના-તે યતિને કેમ થાય ? માટે શાંત, દાંત પ્રમુખ શ્રેષ્ઠ ગુણયુકત યતિ છે, તેનું મન શુદ્ધ હોવાથી તેના બળથી તેની આત્મસ્વભાવની ભાવના ટળતી નથી. એ સમાધાન આહાર અને ઉપકરણ-એ બંનેના સંબંધમાં લાગુ પડે છે.

**उस्सग्गववायाणं, मित्तीए अह ण भोअणं दुट्ठं ।**
**उस्सग्गववायाणं, मित्तीइ तहेव उवगरणं ॥ ३८ ॥**

**વ્યાખ્યા**—જો એમ કહેશો કે:-' ઉત્સર્ગ અને અપવાદ-એ બંને માર્ગમાં સાપેક્ષતાએ ભોજન કરવું-તે અયોગ્ય કહેવાય નહિ.' તો પછી સાપેક્ષતાથી ઉપકરણ ધારણ કરવામાં શું અયોગ્યતા છે ?

ए एणुवगरणेणं, पच्चक्खाणस्स दव्वओ भंगो ।
इय कप्पणावि विहवा, जोव्वणमिव णिप्फला णेआ ॥ ३९ ॥

**વ્યાખ્યા**—જો એમ કહેશો કે—' ઉપકરણ ભાવથી તો મૂર્ચ્છા રહિત છે, પણ દ્રવ્યથી પરિગ્રહ રૂપ છે; તેથી પચ્ચખાણનો ભંગ થાય છે. કારણકે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ-એ ચાર પ્રકારના પચ્ચખાણમાં ઉપકરણ છતાં પ્રથમ દ્રવ્ય પચ્ચખાણ સંભવે નહિ.' એવી અધ્યાત્મની કલ્પના તો વિધવાના યોવનની જેમ નિષ્ફલ છે. કારણકે દ્રવ્યાદિ ચાર પ્રકારે સર્વ મૂર્ચ્છાનો ત્યાગ કરવો-એજ સિદ્ધાંતનો પરમાર્થ છે. એમ જો ન માનીએ, તો શરીર પણ દ્રવ્ય પરિગ્રહ છે, તો તેનો ત્યાગ કેમ થાય? અને પચ્ચખાણના જે ચાર પ્રકાર કહ્યા છે, તે તો સર્વ ભાવ પચ્ચખાણનો વિસ્તાર છે, એમ જાણવું.

" अपरिग्गाहिआसुत्तेत्ति, जा य मुच्छा परिग्गहोभिमओ ।
सव्वदव्वेसुण सा, कायव्वा सुत्तसप्भावो " ॥ १ ॥

એ પ્રમાણે વિશેષાવશ્યકમાં કહ્યું છે.

**सिद्धंत सिद्धधरणं, उवगरणं तं मुणीण सुहकरणं ।**
**अह होइ पावहरणं, इय अम्हं बिंति आयरिया ॥ ४० ॥**

**વ્યાખ્યા**—એ પ્રમાણે સિધ્ધાંતમાં ઉપકરણ ધારણ કરવાનું કહ્યું છે. તે જયણાપૂર્વક રાખવાથી યતિને સુખકારક થાય છે, તથા તે પાપનું હરણ કરે છે. એમ ઉત્તરાધ્યયન બૃહદ્‌વૃત્તિ વિગેરે ગ્રંથોમાં અમારા પૂર્વાચાર્યોએ કહ્યું છે–તે અવશ્ય માન્ય રાખવા લાયક છે.

**पुच्छा दिअंबराणं, केवलमइजपिआण उवहासो ।**
**अम्हाणं पुण इहयं, दोह्न वि पडिआरवावारो ॥ ४१ ॥**

**વ્યાખ્યા**—આ ગ્રંથમાં દિગંબરોએ જે પ્રશ્ન કર્યા છે અને અધ્યાત્મીઓએ જે હાંસીનાં વચનો કહ્યાં છે–એ બંનેનો અમારે પ્રતીકાર કરવાનો અધિકાર છે. એ પ્રમાણે ધર્મોપકરણ તથા ભાવઅધ્યાત્મ–એ બંનેનું પોતપોતામાં અવિરોધપણું બતાવ્યું.

હવે અધ્યાત્મની પ્રાપ્તિ કેમ થાય–તે કહે છેઃ—

**पंच समिओ तिगुत्तो, सुविहियववहार किरिअ परिकम्मो ।**
**पावइ परमइजप्पं, साहू विजिइंदिअप्पसतो ॥ ४२ ॥**

**વ્યાખ્યા**—જે પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ સહિત હોય, આલય, વિહાર, ભાષા તથા વિનય પ્રમુખ વિવિધ પ્રકારે ક્રિયા પાલતો હોય અને ઇંદ્રિયોને જીતનાર હોય–તે સાધુને ઉત્કૃષ્ટ અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે.

**लुंपइ बइजं किरिअं, जो खलु आहच्चभाव कहणेणं ।**
**सो हणइ बोहिबीअं, उम्मग्गपरूवणं काउं ॥ ४३ ॥**

વ્યાખ્યા—અહીં કોઇ એમ કહે કેઃ—'વ્યવહાર રૂપ બાહ્ય ક્રિયાથી અર્થ સિદ્ધ થાય એવો નિયમ નથી. કારણકે ક્રિયા કર્યા વિના ભરતેશ્વરને કાચભુવનમાં અનિત્ય ભાવના ભાવતાં કેવલ જ્ઞાન ઉત્પન્ન થયું અને બાહ્ય ક્રિયા કરતાં રૌદ્રધ્યાનના યોગે પ્રસન્નચંદ્રે અશુભ પ્રકૃતિ બાંધી લીધી, માટે વ્યવહાર ક્રિયા કરવી નહિ, પણ નિશ્ચય ક્રિયાનો અંગીકાર (સ્વીકાર) કરવો. એમ કહેનારા ઉન્માર્ગની પ્રરૂપણા કરીને પોતાના બોધિબીજનો નાશ કરે છે. માટે તે વચન માનનીય નથી. કારણ કે ભરતાદિકનું સ્વરૂપ કદાચિત્ ભાવમાં કહેવાય, એટલે એવું કદાચિતજ બને છે, પણ નિયમથી એમજ થાય છે, એવું કોઇથી કહી શકાય નહિ. અને વ્યવહારપક્ષમાં તો વ્યવહારક્રિયા વિના નિશ્ચયક્રિયા સંભવેજ નહિ. માટે એકજ નિશ્ચયને સ્વીકારીને વ્યવહાર ક્રિયા મૂકી ન દેવી, પરંતુ બંને આવશ્યક છે.

सव्वं सहावसज्जं, णिच्छयओपरकयं चववहारा ।
एगंते मिच्छत्तं, उभयणयमयं पुणपमाणं ॥ २४ ॥

વ્યાખ્યા-નિશ્ચયનયની રીતિએ સર્વે વસ્તુ સ્વભાવે ઉત્પન્ન થાય છે-વિશિષ્ટ વસ્તુ પરિણામને સ્વભાવ કહે છે. જયારે બીજને અંકુરપણે ઉત્પન્ન થવાનો પરિણામ થાય છે, ત્યારે બીજપર્યાય ટળીને અંકુરપર્યાય ઉત્પન્ન થાય છે, પણ તેને બીજા કારણની અપેક્ષા હોતી નથી. અહીં કોઇ આશંકા કરે કે;—'જે બીજા કારણની અપેક્ષા ન હોય, તો કોઠારમાં પડેલા બીજનો અંકુરરૂપે કેમ પરિણામ થતો નથી? તેને જવાબ આપે છે કેઃ-'કોઠારમાં પડેલા બીજને અંકુરરૂપ પરિણામ થવાને બીજાં કારણો જોઇએ. માટે વ્યવહારનયનો પણ અહીં સ્વીકાર કરવો જોઇએ. તે કારણ યા સામગ્રી મળ્યા વિના બીજનો અંકુરરૂપે પરિણામ થાય નહિ, પણ સામગ્રીના યોગેજ તે પરિણામ થાય છે. અહીં કોઇ આશંકા કરે કેઃ— જો સામગ્રીથીજ કાર્યની ઉત્પત્તિ થતી હોય, તો તેનું પરિણામ એવું નામ રાખવાનું કારણ શું ? માટે સામગ્રીથીજ કાર્યની ઉત્પત્તિ થાય છે,

એમ સ્વીકારવું જોઇએ.' જો સામગ્રીથી કાર્યની ઉત્પત્તિ થાય છે-એમ માનીએ, તો વ્યવહારનય સિદ્ધ થાય, પણ નિશ્ચયનય ઉડી જાય. અને તેથી એકાંતપણું થવાથી મિથ્યાત્વ કહેવાય. માટે બંને નયનો મત પ્રમાણભૂત માનવો જોઇએ. જો એકલો નિશ્ચયનય અંગીકાર કરીએ અને વ્યવહારનય અંગીકાર ન કરીએ, તો સામગ્રીથી પરિણામ વિશેષની ઉત્પત્તિ મનાય નહિ, અને એકજ વસ્તુ કારણ તથા અકારણ-એ બંને ભાવે કહેવાશે, તો પછી અકારણ વસ્તુથી પરિણામરૂપ કાર્યની ઉત્પત્તિનો સંભવ કેમ થશે? કારણ કે કાર્યની ઉત્પત્તિ તો કારણથી થાય છે, પણ અકારણથી થતી નથી. ઇત્યાદિ સૂક્ષ્મ વિચાર કરતાં બંને પક્ષ અંગીકાર કરવા યોગ્ય છે, એવું સહજ જણાઇ આવશે.

अभ्भंतर बज्झाणं, बलिआवलितणं तिजइ बुद्धी ।
णणुकयरं अबलत्तं, वेचित्तंत्राविवेसम्मं ॥ ४५ ॥

णिप्पत्ती वफलट्टं, अणियय जोगो फलेण वा सिद्धं ।
पढमे समसामग्गी, बिइए वावार वेसम्मं ॥ ४६ ॥

तइए दोण्हवि समया, चरथ परको पुणो आसिद्धोत्ति ।
तेग सभावेरूकाणं, दोण्हवि समयात्ति वत्थुठिई ॥ ४७ ॥

વ્યાખ્યા—અહીં કોઇ કહે કેઃ—' કર્મરૂપ અંતરંગ હેતુ બલવાન્ છે અને ઉદ્યમાદિરૂપ બાહ્ય હેતુ નિર્બલ છે એમ કહેનારને પુછવું કે— કર્મરૂપ અંતરંગ હેતુ શી રીતે બલવાન્ છે?' જો કહેશો કેઃ—' એક જાતનો ઉદ્યમ કરનારા પુરૂષોને કર્મની વિચિત્રતાને લીધે સુખ દુઃખની અધિકતા અને ન્યૂનતા દીસે છે, તેથી કર્મરૂપ અંતરહેતુનું બલ સિદ્ધ થાય છે; તો તે કર્મ શાથી થયા છે? એનો વિચાર કરતાં તે પૂર્વભવના ઉદ્યમથી થયા છે-એમ ઠરશે. તેથી ઉદ્યમની વિચિત્રતાને લીધેજ કર્મની વિચિત્રતા છે. જો કહેશો કે—'સુખના કારણ છતાં પણ અશાતાવેદનીય

કર્મના ઉદયથી જીવને દુઃખ ઉત્પન્ન થાય છે-એ કર્મનું બલવંતપણું જાણવું. અહીં દ્રષ્ટાંત એ છે કે—જેમ કોઇક મનુષ્યને દૂધના પાનથી પણ દુઃખ થાય છે એ વચન સમર્થ નથી કારણ કે અહીં પણ ભવાંતરના ઉદ્યમની અપેક્ષા છે. વળી દુગ્ધપાનાદિકથી પણ પિત્તાદિકના યોગે તિક્ત રસાદિકના ઉદ્બોધનથી દુઃખ ઉત્પન્ન થાયછે. જો કહેશો કેઃ-'કર્મ પોતાના ભોગને અર્થે બાહ્ય કારણ લે છે, તે બળ છે.' તો જન્માંતરનો ઉદ્યમ જન્માંતરના ફલભાગને અર્થે અંતરાલે કારણ કર્માદિક કારણને ઉત્પન્ન કરે છે—એમ પણ કહી શકાય. જો કહેશો કેઃ-'ક્વચિત્ બાહ્ય કારણ વિના કાર્યની ઉત્પત્તિ થાય છે, પણ અંતરંગ કારણ વિના કોઇ કારણની ઉત્પત્તિ થાયજ નહિ, એ બળ જાણવું.' તો એમ પણ સંભવે નહિ, કારણ કે સાક્ષાત્ અથવા બાહ્ય કારણથીજ કાર્યની ઉત્પત્તિ થાય છે, તે વિના કાર્ય થાયજ નહિ વધારે શું કહીએ, કાલાદિક બાહ્ય કારણ વિના કોઇ કાર્યની ઉત્પત્તિજ થતી નથી. માટે પરમાર્થતાએ બાહ્ય તથા અંતરંગ-એ બંને કારણ સરખાંજ છે. એ વસ્તુસ્થિતિ કહેતાં બે નયને અનુરોધે પ્રમાણ માર્ગ છે.

હવે નિશ્ચયનયનો મત કહે છે:—

**णिच्छियओ सकयंचिय, सव्वंणो परकयं हवइ वत्थुं ।**
**परिणामावंझत्ता, णयबंझ दाणहरणाई ॥ ૪૮ ॥**

વ્યાખ્યા-નિશ્ચયનયે સર્વ વસ્તુ આત્મપરિણામથી ઉત્પન્ન થાય છે, પરંતુ પરથી પર વસ્તુની ઉત્પત્તિ થતી નથી. કેવલ પુણ્ય-પાપ કર્મના વિપાકને અવસરે પાસે આવેલા જે અંગના સર્પાદિક બાહ્ય અર્થ-તે નિમિત્ત માત્ર છે. તેને વ્યવહારબદ્ધ મૂઢ જીવ કારણ માની લે છે. અહીં વ્યવહારવાદી કહે છે કે;-'જો પરકારણત્વ નથી, તો સાધુને દાન આપવાથી શુભ ફળ અને પર દ્રવ્યનું હરણ કરવાથી અશુભ ફળ કેમ થાય છે?' નિશ્ચયવાદી સમાધાન કરે છે કેઃ- નિર્દોષ આહાર સાધુને આપતાં દાતાને પોતાના શુભ પરિણામથી શુભ ફળ થાય છે, પરંતુ અન્નાદિ પુદ્ગલથી

ફળ થતું નથી. કારણ કે પુદ્ગલ દ્રવ્યથી પુદ્ગલ પરિણામ થાય છે, પણ આત્મ પરિણામ થતો નથી. તેમજ પરદ્રવ્યનું હરણ કરવાથી જે અશુભ ફળ થાય છે-તેમણ આત્માના અશુભ પરિણામને લઇને થાય છે, પણ દ્રવ્યરૂપ પુદ્ગલથી તે થતું નથી.

હવે નિશ્ચયથી દાન પણ આત્મપરિણામરૂપ છે, પણ પુદ્ગલ પરિણામરૂપ નથી-એમ કહે છે:-

दिन्तोव हरंतोवा, णय किंचि परस्सदेइ अवहरइ ।
देई सुहं परिणामं, हरइ वतं अप्पणोचेव ॥ ४९ ॥

વ્યાખ્યા-નિશ્ચયનયથી તો સાધુને નિર્દોષ આહાર આપતાં તથા પર દ્રવ્યનું હરણ કરતાં દાન દેનાર તથા દ્રવ્ય હરણ કરનારમાં કંઇ દેવું તથા લેવું બન્યુંજ નથી. કોઇ કોઇને દાન દેતો નથી તથા કોઇ કોઇનું દ્રવ્ય હરણ કરતો નથી. સાધુને આહારાદિકનું દાન આપતાં દાતા પોતે પોતાનેજ પરાનુગ્રહ બુદ્ધિરૂપ:શુભ પરિણામ આપે છે અને પરનું દ્રવ્ય હરણ કરતાં તે હરણ કરનારો જીવ ઘાતબુદ્ધિથી પોતેજ પોતાના શુભ પરિણામનું હરણ કરે છે. પરંતુ પરને વિષે કાંઇ દેવું લેવું સંભવે નહિ.

णयधम्मोव सुहं वा, परस्स देयं णयावि हरणिज्जं ।
कयणासा कयभोग, प्पमुहा दोसा फुडा इहरा ॥ ५० ॥

વ્યાખ્યા—જો પરઆત્મા પરને દેતો હોય, તો પોતાનો ધર્મ તથા પોતાનું સુખ બીજાને દઇ શકાય, અને જો પરનો આત્મા પરનું હરણ કરતો હોય, તો બીજાનો ધર્મ તથા બીજાનું સુખ પોતે લેવાઇ શકાય. એ બંને પક્ષમાં કૃતનાશ અને:અકૃતાગમ દોષ પ્રાપ્ત થાય છે. કારણ કે જો પોતાનો ધર્મ તથા પોતાનું સુખ બીજાને દઇ શકાતું હોય, તો પોતે કરેલા કૃતનો નાશ થઇ ગયો કહેવાય અને લેનારને અકૃતનો

આગમ થયો કહેવાય, કારણ કે તેને ન કરેલા ધર્મ તથા તેના ફલના સુખની પ્રાપ્તિ થાય છે, અને કરેલ અધર્મ તથા તેના ફલનો નાશ થાય છે, તે કૃતનાશ કહેવાય. તથા બીજાનું સુખ પોતાથી લઇ શકાતું હોય, તો તેણે કરેલા કૃતનો નાશ થઇ ગયો કહેવાય અને પોતાને અકૃતનો આગમ થયો કહેવાય. કારણ કે પોતાને ન કરેલા ધર્મ તથા તેના ફળની પ્રાપ્તિ થાય છે, તથા કરેલ અધર્મ તથા તેના ફળનો નાશ થાય, તે કૃતનાશ કહેવાય.

भत्ताइ पोग्गलाण विण दाणहरणाइ होइ जीवस्स ।
जइ तं संचिय हुज्जा, तो दिज्जावा अवहरिज्जा ॥ ५१ ॥

વ્યાખ્યા–ભક્ત પ્રમુખ પુદ્ગલનું દેવું તથા લેવું જીવને વિષે થાય નહિ, કારણ કે જે વસ્તુ પોતાની હોય, તેનું દેવું લેવું થાય છે; પણ પરની વસ્તુનું લેવું દેવું થતું નથી.' અને પર-વસ્તુનું લેવું દેવું તો પ્રત્યક્ષ કરીએ છીએ-તે કેમ બને? જો પુદ્ગલ દ્રવ્ય આપણું નથી-તો લેવું દેવું કેમ કરાય છે?

जोगवसेणु वणीआ, इट्ठाणिट्ठा य पोग्गलाजे हु ।
अण्णा ते जीवाओ, जीवो अण्णोअ तेहिंतो ॥ ५२ ॥

વ્યાખ્યા–નામ કર્મના પરિણામરૂપ મન, વચન અને કાયાના યોગ વશથી પુદ્ગલનું ગ્રાહણ થાય છે. જેમકે સુગંધ તથા દુર્ગંધનું ગ્રહણ કરતાં કાયયોગના વશથી પુદ્ગલનું ગ્રાહણ થાય છે-તે આત્મ-તત્ત્વના જ્ઞાનથી જીવને રાગ દ્વેષના કારણ થાય છે, પણ તે આત્માથી અન્ય છે અને આત્મા તે થકી અન્ય છે. કારણ કે પુદ્ગલ ગ્રાહણ ગુણ છે અને આત્મા ઊપયોગ ગુણ છે.

तम्हा सपरविभागो, पोग्गल दव्वंमि णात्थि णिच्छयओ ।
भोगा भोग विसेसा, ववहारा चेव सपरतं ॥ ५३ ॥

વ્યાખ્યા-માટે નિશ્ચયનયથી એટલું વિશેષ છે કે જે આપણને ભોગમાં આવે છે, તેમાંનું ન્યાયોપાર્જિત વિત્ત હોય-તે આપણું અને જે પરના ભોગમાં આવે-તે પરનું જાણવું.

**पुण्ण पयडीण उदये, भोगो भोगंतराय विलएणं ।**
**जइ णिअ वित्तेणं चिअ, तो भोगो किण्ण किं विणाणं ॥ ५४ ॥**

વ્યાખ્યા-સાતાવેદનીય પ્રમુખ પુણ્યપ્રકૃતિના ઉદયથી ભોગાંતરાય-કર્મના વિલય થયા પછી પણ જો જીવને ભોગ થતા હોય, તો કૃપણને પણ ભોગની પ્રાપ્તિ થવી જોઇએ અને તેમ તો થતું નથી. કારણ કે કૃપણને પણ લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી દ્રવ્યની પ્રાપ્તિ તો થાય છે, પરંતુ ભોગાંતરાયકર્મના વશથી તે ભોગવી શકતો નથી. માટે જે આપણને (પોતાને) ભોગવવા યોગ્ય હોય, તે સ્વદ્રવ્ય કહેવાય અને બીજું બધું પર દ્રવ્ય છે-એમ જાણવું. એવી રીતે વ્યવહારનયના મતથી પણ એકાંત નથી. માટે એ સર્વ પુદ્ગલદ્રવ્યને પર કરી જાણવું જોઇએ.

આ સર્વ પુદ્ગલદ્રવ્ય પરકીય છે-એમ જે જાણે નહિ, તેને આત્મ સ્વભાવની પ્રાપ્તિ ન થાય-તે કહે છે:-

**जो परदव्वंगि पुणो, करेइ मूढो ममत्त संकप्पं ।**
**सो कह आय सहायं, गिद्धो विसएसु उवलहइ ॥ ५५ ॥**

વ્યાખ્યા-વ્યવહારમૂઢ જીવ પરદ્રવ્યની ઉપર મમત્વ સંકલ્પ કરે છે. તે વિષયલોલુપી હોવાથી આત્મસ્વભાવને પામતો નથી, કારણ કે શરીરાદિકમાં 'હું માતેલો છું, હું દુર્બળ છું, હું ગોરો છું, તથા હું કાલો છુ.' ઇત્યાદિક અહંકાર જીવને ઉત્પન્ન થાય છે. તથા 'મારૂં શરીર, મારૂં કુટુંબ' ઇત્યાદિ મમકાર ઉત્પન્ન થાય છે. તેથી વિષયોમાં દઢ પ્રવૃતિ થાય છે અને વિષયના અભ્યાસથી તેમાં દઢ ભાવ થાય. આવી પરંપરાથી અજ્ઞાનની વૃદ્ધિ થઇ જવાથી આત્મજ્ઞાન કેમ થાય?

**णाहं होमि परेसिं, णमेपरे णत्थि मज्झमिह किंची ।**
**इय अप्पभावणाए राग दोसा विलिज्जंति ॥ ५६ ॥**

**વ્યાખ્યા**–હું બીજા કોઇનો સંબંધી નથી, તેમ મારો કોઇ બીજો સંબંધી નથી. આ જગતમાં મારૂં કાંઇ નથી. કારણકે પરદ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન છે. અને મારા આત્મદ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન છે. શરીર, કુટુંબાદિક કર્મના યોગે સંયોગ લક્ષણ ભાવ છે–તેમાં મારૂં કાંઇ લાગતું વળગતું નથી. કારણ કે તેમનો વિયોગ પણ થાય છે. જેનો કોઇ કાળે સંયોગ અને કોઇ કાળે વિયોગ થતો હોય, તે પોતાનું દ્રવ્ય કહેવાય નહિ, પણ જેનો કોઇ કાળે વિયોગ ન થાય, તે પોતાનું દ્રવ્ય કહેવાય. અને તે તો આત્મસ્વભાવજ છે. જેનો આત્માથી વિયોગ થતો નથી; જેમ જ્ઞાન, દર્શનાદિક સ્વભાવનો કોઇ કાલે આત્માથી વિયોગ થતો નથી. એ પ્રમાણે શાસ્ત્રોક્ત મર્યાદાથી આત્મભાવના ભાવતાં રાગ, દ્વેષનો નાશ થાય છે.

**तो परिणामाओ च्चिय, बंधो मोक्खो व णिच्छयणयस्स ।**
**णेगंतिया अणच्चंतिया पुणो बाहिरा जोगा ॥ ५७ ॥**

**વ્યાખ્યા**—માટે નિશ્ચયનયે જીવને બંધ યા મોક્ષ—આત્મપરિણામથીજ થાય છે. અજ્ઞાનરૂપ પરિણામથી બંધ થાય છે અને આત્મજ્ઞાનરૂપ પરિણામથી મોક્ષ થાય છે. જેમ હિમ થકી થયેલ શીતની વેદના અગ્નિના તાપથી નિવૃત્ત થાય છે, તેમ આત્માના અજ્ઞાનથી થયેલ કર્મબંધ આત્મજ્ઞાન થકી નિવૃત્ત થાય છે. વળી સિદ્ધાંતમાં પણ એમ કહ્યું છે કેઃ—' તપથી દુશ્ચીર્ણ કર્મનો ક્ષય થાય છે, તે પણ જ્ઞાનના સંયોગથીજ ફલિત થાય છે. ' કારણ કે **અજ્ઞાની કોડાકોડી વર્ષોમાં જે કર્મનો ક્ષય કરે, તે કર્મનો ક્ષય જ્ઞાની એક શ્વાસોશ્વાસમાં કરી શકે છે.** બાહ્યયોગ પ્રાણાતિપાતાદિક તથા ક્રિયાનુષ્ઠાનાદિક એકાંતિક નથી, તેમ આત્યંતિક પણ નથી. કારણ કે બાહ્યહિંસા વિના તંદુ-

લમત્સ્ય ક્લિષ્ટ પરિણામથી સાતમી નરકે ઉત્પન્ન થાય છે અને અપ્રમત્ત યતિને જયણાએ ચાલતાં અનાભોગે જીવઘાતથી પણ પ્રત્યયિક કર્મનો બંધ થતો નથી. તથાવિધ ક્રિયાનુષ્ઠાન વિના પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે અને અભવ્ય જીવ યતિલિંગે ઉત્કૃષ્ટ બાહ્ય ક્રિયા પાળતાં નવમા ગ્રૈવેયક સુધી જાય છે, તોપણ શુદ્ધ પરિણામ વિના તે સંસારનો પાર પામતો નથી.

**सिद्धी णिच्छयउ च्चिय, दोह्णं संजोगओ अछेयत्तं ।**
**कत्थइ कत्थइ दोह्णवि, उवओगो तुझवं चेव ॥ ५८ ॥**

**વ્યાખ્યા**—સંસારપાર ગમન સિદ્ધલક્ષણ નિશ્ચય ક્રિયાથીજ થાય છે. તેમાં પણ એટલી વિશેષતા છે કે-ઘણાને વ્યવહાર થકીજ નિશ્ચય આવે છે અને કોઇક ભરતાદિકને પૂર્વે ચારિત્રાભ્યાસથી તથા ભવ્યત્વના પરિપાકથી સહજમાં પણ થાય છે. કપણું એટલે યોગ્યપણું નિશ્ચય તથા વ્યવહાર—એ બંનેના સંયોગથીજ થાય છે. એ વિષે સિદ્ધાંતમાં ચાર ભાંગા કહ્યા છે. તેમાં પહેલો ભાંગો-જે રૂપું સારૂં નહિ અને છાપ પણ સારી નહિ. તેની જેમ ચરક પરિવ્રાજક પ્રમુખમાં રૂપાસદૃશ શુદ્ધ પરિણામ પણ ન મળે અને છાપના જેવો વેષ પણ ન મળે, માટે તેમના અર્થની સિદ્ધિ થતી નથી અને તે વંદન કરવા યોગ્ય પણ નથી. બીજો ભાંગો-રૂપું ખોટું હોય અને છાપ ખરી હોય, તેની જેમ પાસ તથા, ઉસન્ના અને દિગંબર વિગેરેમાં રૂપાના જેવો શુદ્ધ પરિણામ નથી, પણ માત્ર છાપની જેમ તેમનો વેષ તેવો છે. પરંતુ તેમના અર્થની સિદ્ધિ થતી નથી, જયાંસુધી તેમના દોષ જાણવામાં ન આવ્યા હોય, ત્યાં સુધી વેષને લઇને તે વંદન કરવા યોગ્ય છે, પણ દોષ જાણ્યા પછી જો વંદન કરીએ, તો મહા દોષ લાગે. વિશેષાવશ્યકમાં કહ્યું છે કેઃ—

" जहवेलं बगलिंगं, जाणंतस्स णमओ धुवं दोसो ।
णिद्दंदसात्तिणाऊ, ण वंदमाणे धुवं दोसो " ॥ १ ॥

'જેમ યતિનો વેષ લીધેલ કોઇ ભાંડને જાણી જોઇને વંદન કરતાં અવશ્ય દોષ લાગે, તેમ નિર્દ્ધંદ્ધસ જાણીને વેષમાત્ર જોઇને વંદન કરતાં અવશ્ય દોષ લાગે.' ત્રીજો ભાંગો–રૂપું ચોખ્ખું હોય, પણ છાપ ખરી ન હોય–એ ભાંગો પ્રત્યેક બુદ્ધને લાગુ પડે છે. કારણ કે તેઓ અન્ય-લિંગે પણ હોય, તથાપિ તેમને રૂપાની પેઠે ભાવચારિત્ર તો છેજ, તેથી પોતાના આત્માનો અર્થ તો સિદ્ધ કરે છે, પરંતુ સાધુના વેષ વિના તે વંદન કરવા યોગ્ય નથી. ચોથો ભાંગો–રૂપું પણ ચોખ્ખું અને છાપ પણ ચોખ્ખી હોય–તેની માફક સર્વ શુદ્ધ જાણવું. જે મહાનુભાવ આલય, વિહારાદિક સર્વ શુદ્ધ યતિની સમાચારી પાળે અને વિશુદ્ધ ચારિત્રવંત હોય–એને રૂપાની જેમ શુદ્ધ પરિણામ છે, તેથી આત્માનો અર્થ સિદ્ધ કરે છે. વળી સાધુનો વેષ હોવાથી તે વંદનીય તથા પૂજનિય પણ છે. એવી રીતે આવા ઠેકાણે શુદ્ધ પરિણામરૂપ નિશ્ચય બલવંત છે. સાધુ વેષાદિરૂપ ઉપચરિતા–સદ્‌ભૂત વ્યવહાર નિર્બળ છે. તથા કોઇક ઠેકાણે વ્યવહાર અને નિશ્ચય–એ બંનેનો સરખો ઉપયોગ છે. અહીં જ્ઞાન આ ક્રિયાનું ઉદાહરણ લેવું. જ્ઞાનનયની રીતિએ એમ કહ્યું છે કે—જ્ઞાન વિનને ક્રિયા માત્રથી ફલની સિદ્ધિ થતી નથી. કારણ કે મિથ્યા જ્ઞાનથી છીપમાં રૂપાની બુદ્ધિ પ્રવર્ત્તે છે અને તેની પ્રાપ્તિ તો થતી નથી. માટે મિથ્યા જ્ઞાન-જન્ય ક્રિયાથી ફલની પ્રાપ્તિ થતી નથી; કિંતુ સત્યજ્ઞાનજન્ય ક્રિયાથી ફલની પ્રાપ્તિ થાય છે, પરંતુ ક્રિયા તો જ્ઞાને કરીનેજ થાય છે. તેમાં મિથ્યા જ્ઞાનજન્ય ક્રિયા નિષ્ફળ થાય છે અને સત્ય જ્ઞાનજન્ય ક્રિયા સફળ થાય છે. એવી રીતે ક્રિયાનું કારણ જ્ઞાન હોવાથી પ્રધાન છે અને જ્ઞાનનું કાર્ય ક્રિયા હોવાથી અપ્રધાન છે. તેમજ ક્રિયાનયની અપેક્ષાએ એમ કહ્યું છે કેઃ—' જ્ઞાનજન્ય ક્રિયાથી સંપાદન કરેલું ફલ કોઇ કારણને લીધે ક્ષીણ થઇ જાય, તો તે પાછું ક્રિયાથી પ્રાપ્ત થાય છે. માટે ક્રિયા પ્રધાન છે અને જ્ઞાન અપ્રધાન છે. વળી જુઓ કે જ્ઞાનવંત છતાં ક્રિયા ન કરે, તો જ્ઞાન માત્રથી ફલની પ્રાપ્તિ થતી નથી. અહીં દષ્ટાંતે કહે છે કેઃ—જેમ કોઇ પુરૂષને માર્ગનું જ્ઞાન સારી રીતે હોય, પણ જો ચલનક્રિયા ન કરે, તો અભીષ્ટસ્થાને પહોંચી શકે નહિ. જેમ કોઇ

પુરૂષને નૃત્યકળાનું સારૂં જ્ઞાન હોય, પણ જો નૃત્ય અભિનયક્રિયા ન કરે, તો જોનારા લોકનું મન રંજન કરી શકે નહિ, તથા તેને કાંઇ દ્રવ્યની પ્રાપ્તિ થાય નહિ. વળી જેમ કોઇ પુરૂષ તરી જાણતો હોય એટલે જલતરણ-જ્ઞાનવાન હોય, પણ જો હસ્ત-પાદ ચલનરૂપ ક્રિયા ન કરે, તો ઇચ્છિત સ્થળે ન પહોંચતાં વચ્ચેજ બૂડી મરે. એ પ્રમાણે જ્ઞાનનય તથા ક્રિયાનયનો પરસ્પર વિવાદ છે, તેને એક બાજુપર મૂકીને માત્ર સારાંશનો જો વિચાર કરવામાં આવે, તો પરમાર્થ-દષ્ટિએ વિચારતાં ફલસિદ્ધિને માટે બંને સમાન બલવંત છે. કારણ કે શૈલેશીઅવસ્થામાં કેવલ જ્ઞાનરૂપ જ્ઞાન તથા સંવરરૂપ ક્રિયા-એ બંને યોગથી મુક્તિ થાય છે, પણ એ બંનેમાંનું કોઇ એક ન હોય, તો મુક્તિ ન થાય-એ પ્રમાણ પક્ષ છે.

હવે નિશ્ચયનયની અપેક્ષાએ કહે છે:—

**तुल्लत्तमवेक्खाए, णियमा समुदाय जोगमहिगिच्च ।**
**किरिआ विसस्सए पुण, नाणाउ सुए जओ भणिअं ॥ ५९ ॥**

**जम्हा दंसण नाणं, संपुन्नफलं न दिन्ति पत्तेअं ।**
**चारित्त जुआ दिंति हु, विसस्सए तेण चारित्तं ॥ ६० ॥**

**વ્યાખ્યા**—યદ્યપિ કાર્ય કરવાની અપેક્ષાએ જ્ઞાન અને ક્રિયા—એ બંનેનું સરખું બળ છે, તથાપિ જ્ઞાન કરતાં ક્રિયાને આટલી વિશેષતા છે:- જ્યારે શુદ્ધક્રિયા હોય છે, ત્યારે ષષ્ઠાદિ ગુણસ્થાનકે નિયમે શુદ્ધ જ્ઞાન હોય છે; પણ જ્યારે શુદ્ધજ્ઞાન હોય, ત્યારે શુદ્ધક્રિયાનો નિયમ નથી. કારણકે ચતુર્થ ગુણસ્થાન કે સમ્યક્ત્વના પ્રતાપથી શુદ્ધજ્ઞાન તો હોય છે, પરંતુ અવિરતિ હોવાને લીધે શુદ્ધક્રિયા હોતી નથી. એ માટે આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે:—'દર્શન તથા જ્ઞાન-એ પ્રત્યેક સંપૂર્ણ ફળ દઇ શકતા નથી, પણ જ્યારે ચારિત્રમાં તે એકત્ર મળે છે, ત્યારે સંપૂર્ણ ફળ આપે છે-તે માટે દર્શન તથા જ્ઞાન કરતાં ચારિત્ર શ્રેષ્ઠ છે.

एवं ववहाराओ, बलवंतो णिच्छओ ममुणेयव्वो ।
एगमयं ववहारो, सव्वमयं णिच्छओ वत्ति ॥ ६१ ॥

**વ્યાખ્યા**—એવી રીતે વ્યવહાર કરતાં નિશ્ચયનું બળ અધિક કહ્યું તથા આવી રીતે પણ નિશ્ચયની વિશેષતા છે:—જે એક નયનો મત તે વ્યવહાર અને સર્વનયનો મત–તે નિશ્ચય કહેવાય. તથા ભૂતપદાર્થનું કથન–તે નિશ્ચય નય કહેવાય; અને એ ભૂતાર્થનય પણ કહેવાય છે. નિશ્ચયનયનો વિષય ભાવ–તે સર્વ સમાન છે. વિશેષાવશ્યકમાં કહ્યું છે કે:—
'सव्वणया भावामिच्छंति.'

આ પ્રમાણે નિશ્ચયનયનો મત સાંભળીને વ્યવહારાદી સિંહાવલોકન ન્યાયથી કહે છે કે:—

अहिआ जइ तुह किरिआ, अहिअं नाणं वितस्स हेउत्ति ।
कारण गुणाणुरूवा, कज्ज गुणाणेव विवरीआ ॥ ६२ ॥

**વ્યાખ્યા**—પૂર્વ કથિત રીતિએ જયારે તું ક્રિયાને અધિક માને છે, ત્યારે તારે જ્ઞાનને પણ અધિક માનવું જોઇએ. કારણકે જ્ઞાન–એ ક્રિયાનું કારણ છે, અને કારણના ગુણ જેવાજ કાર્યના ગુણ હોય છે, પણ તેથી વિપરીત હોતા નથી. જ્ઞાન–એ ક્રિયાનું કારણ હોવાથી તેના ગુણને લઇને ક્રિયાને કાર્યપણાની પ્રધાનતા છે, તેથી જ્ઞાન અત્યંત પ્રધાન છે. જો એમ કહેશો કે:—'મોક્ષરૂપ કાર્ય ક્રિયાથી થાય છે; માટે ક્રિયા અધિક છે.' તો તેમ પણ સંભવે નહિ. કારણ કે જયારે ક્રિયા જ્ઞાનનું કાર્ય છે, ત્યારે ક્રિયાનું કાર્ય–જે મોક્ષ–તે પણ પરંપરાએ જ્ઞાનનુંજ કાર્ય જાણવું. કહ્યું છે કે:—'दासेण मे खरोकीओ, दासो विमे खरो वि मे' એટલે મારા દાસે ખર (ગધેડું) વેચાતું લીધું, તે દાસ પણ મારો અને ખર પણ મારો છે. એમ સિદ્ધાંતોક્ત ન્યાયથી જાણી લેવું.

अहजइ सव्वणयमयं, वि णिच्छिओ इगमगं च ववहारो ।
तो सो सयलादेसो, विगला देसो कहं होऊ ॥ ६३ ॥

**વ્યાખ્યા**—પૂર્વે કહ્યા પ્રમાણે નિશ્ચયનય-એ સર્વ નયનો મત છે, જો એમ હોય, તો તે સર્વ ભાંગાનું ગ્રહણ કરનાર સકલાદેશ પ્રમાણ રૂપ માનવો પડશે ત્યારે તે નયરૂપ વિકલાદેશ કેમ માનશે ?

એવી રીતે વ્યવહાર તથા નિશ્ચય-એ બંને નયને પરસ્પર વાદ કરતા જોઇને પ્રમાણવાદી મધ્યસ્થપણે કહે છેઃ—

मुख्का मुख्क विभागो, इच्छामेत्तेण णत्थि एगंतो ।
जइ अत्थि तो विनाणे, चरणं सारोत्ति तं मुख्कं ॥ ६४ ॥

**વ્યાખ્યા**—વ્યવહાર તથા નિશ્ચય-એ બંને નયોના મુખ્ય તથા અમુખ્ય-એવા બે વિભાગ પોતપોતાની ઇચ્છાએ થઇ શકે છે. કોઇક ગુણને લઇને નિશ્ચયની મુખ્યતા કહેવાય છે અને કોઇક ગુણને લઇને વ્યવહારની મુખ્યતા કહેવાય છે, પણ એમાં એકાંતપણું સંભવે નહિ. કિંતુ અનેકાંતપણું સંભવે છે. કારણકે નિશ્ચય તથા વ્યવહારના મુખ્ય તથા અમુખ્ય-એ વિભાગ સ્વાભાવિક ધર્મરૂપ નથી, પણ આપેક્ષિક છે. જેમ આમલક (ફળ વિશેષ) બદર (બોર) ની અપેક્ષાએ દીર્ઘ કહેવાય અને ઘટાદિકની અપેક્ષાએ હ્રસ્વ કહેવાય છે; તેમ એ બંને નયો એકબીજાની અપેક્ષાએ મુખ્ય તથા અમુખ્ય કહેવાય છે. એમ છતાં પણ જો વ્યવહારવાદી પોતાના મતનું મુખ્યપણું પ્રકાશવાનું માંડી ન વાળે તો તેણે વળી આ યુક્તિથી પોતાના મનનું સમાધાન કરી લેવું જોઇએ કે—વ્યવહારનું મુખ્યપણું માત્ર કહેવાનું છે અને નિશ્ચયનું મુખ્યપણું તો કાર્યને ઉપયોગી છે. કારણકે સામાયિક આદિથી ચૌદ પૂર્વપર્યંત જ્ઞાનના સારરૂપ ચારિત્ર છે, વળીઃ—

" सामाइअमाईअं, सुअनाणं जावाबिंदु साराउं ।
तस्सवि सारो चरणं, सारो चरणस्स निव्वाणं " ॥ १ ॥

એમ આવશ્યકમાં કહ્યું છે.

**सव्वणयमयत्तं, पुण सव्वेसिं सम्मओ जओ विसओ ।**
**णयणिच्छयस्स तेणं, सयलादेसत्तमेगस्स ॥ ६५ ॥**

**વ્યાખ્યા**—નિશ્ચયનયને સર્વ નયમયપણું જે પૂર્વે કહેવામાં આવ્યું તે સર્વ નય સમ્મત અર્થ માને છે, તે માટે કહ્યું, એમ જાણવાથી એકલા નિશ્ચયનયને સર્વ નય સમૂહરૂપ પ્રમાણાત્મક સકલાદેશપણું પણ દોષનું કરનાર થશે નહિ.

**जेणं सयला देसो, अभेयवित्तीइ णिच्छयाधीणो ।**
**तेणेवसो पमाणं, ण पमाणं होइ ववहारो ॥ ६६ ॥**

**વ્યાખ્યા**—જ્યાં એક ધર્મની ધારાએ સર્વ ધર્મ સકલાદેશમાં પ્રતિપાદન કરાય છે; ત્યાં અસ્તિત્વાદિક એક ધર્મની સાથે બીજા સકલ ધર્મોનું અભેદપણું સમજવું-તે નિશ્ચયનયને આયત છે. એવી અપેક્ષાથી નિશ્ચયનયને પ્રમાણ કહેવામાં આવેલ છે અને વ્યવહારનયને અપ્રમાણ કહેલ છે. પરંતુ એકાંત નિશ્ચયનયને પ્રમાણ કહેવામાં આવેલ નથી.

**जमणुवयारोवि बलं, कास्सइ णेगंतिअंहवेतंपि ।**
**एगस्स मुख्कभावे, णियमा अवरोवयारोत्ति ॥ ६७ ॥**

**વ્યાખ્યા**—અહીં કોઇ એમ કહે કે:-'નિશ્ચયનય પરમાર્થગ્રાહી છે. તેમાં કોઇ ઉપચાર ન હોવાથી તે બલવાન છે અને વ્યવહારનય પરમાર્થગ્રાહી ન હોવાથી તથા તેમાં ઘણા ઉપચાર હોવાથી તે નિર્બલ છે.' એમ પણ એકાંત નથી, કારણ કે બંને નય વસ્તુગ્રાહક છે. વ્યવહારનય અંશગ્રાહી છે. તેમાં જયારે નિશ્ચયનયની મુખ્યતા લઇએ, ત્યારે નિશ્ચયનય પણ ઉપચારસહિત થાય છે. અહીં કંઇ વિશેષતા નથી. કારણ કે—

'अर्पितानार्पितसिद्धे तत्त्वार्थे' શબ્દે કરી નયની પ્રધાનતાની જે વિવક્ષા કરવી—તે અર્પિત કહીએ અને નયાંતરની અપેક્ષાએ તેની અપ્રધાનતાની જે વિવક્ષા કરવી—તે અનર્પિત કહીએ. એ બંને પ્રકારની વિવક્ષાથી જે પદાર્થની સિદ્ધિ થાય છે—તે તત્ત્વાર્થસિદ્ધિ કહેવાય છે.

णिच्छयणयस्स विसयं, भावंचिय जे पमाणमा हंसु ।
तेसिं विणेव हेउं, कज्जप्पत्तीइ का मेरा ॥ ६८ ॥

વ્યાખ્યા—વળી કોઇક એમ માને છે કે—'નિશ્ચયનયનો વિષય ભાવ છે; તેજ પ્રમાણ છે.' તો તે ભાવનો હેતુ દ્રવ્ય છે. દ્રવ્ય વિના ભાવની ઉત્પત્તિ થાય નહિ. જો દ્રવ્ય વિના ભાવની ઉત્પત્તિ માન્ય કરીએ, તો મર્યાદા ન રહે, અને 'કારણ વિનાં કાર્યની ઉત્પત્તિ થતી નથી'—એવા નિયમનો ભંગ થશે. જો એમ કહેશો કે-'દ્રવ્ય ક્રિયા સંસારમાં અનંતવાર પ્રાપ્ત થયેલી છે, માટે તે અપ્રધાન છે.' તોપછી ભાવપણ અપ્રશસ્ત અનંતવાર પ્રાપ્ત થયેલ છે—તે કેમ પ્રધાન કહેવાય? જો કહેશો કે—'શુદ્ધ ભાવ અપૂર્વ છે.' તો શુદ્ધ દ્રવ્ય પણ અપૂર્વજ છે, તે શામાટે ન માનવું?

खाओवसमिगभावो, सुद्धो हेउ सुहस्स खइयस्स ।
तप्भावेण कया पुण, किरिआ तप्भाववुड्ढि करी ॥ ६९

વ્યાખ્યા—ક્ષાયોપશમિક ભાવથી કરવામાં આવેલ ક્રિયાજ ક્ષાયોપશમિક ભાવની વૃદ્ધિ કરનારી થાય છે. માટે શુદ્ધ ભાવથી ક્રિયા કરવી આવશ્યક છે. અને તેમ ન કરવાથી ભાવની હાનિ થઇ જાય.

धिइ सद्धा सुह विविइस, विण्णत्ती तत्त धम्म जोणित्ति ।
तल्लद्धधम्मभावा, वड्ढइ भावंतरं तत्तो ॥ ७० ॥

एवं पवड्ढ भावो, कमेण गुणठाण सिड्ढिमारुहिय ।
पक्खीणघाइकम्मो, कयकिच्चो केवली होइ ॥ ७१ ॥

**વ્યાખ્યા**—ધૃતિ, શ્રદ્ધા, શુશ્રૂષા, વિવિદિષા તથા વિજ્ઞપ્તિ–એ પાંચ ધર્મનાં કારણ છે. એ વિષે પતંજલિ પ્રમુખ ગ્રંથોમાં પણ કહેવામાં આવેલ છે, ઉદ્વેગાદિકનો ત્યાગ કરીને ચિત્તને સ્વસ્થ કરવું–તે ધૃતિ, ચિત્ત સ્વસ્થ થવાથી માર્ગાનુસારિણી રૂચિ ઉત્પન્ન થાય—તે શ્રદ્ધા, માર્ગાનુસારિણી બુદ્ધિ થવાથી ક્ષાયોપશમભાવ ઉત્પન્ન થાય, જેમ સર્પ બહાર વક્રરીતે ચાલે, પણ રાફડામાં પેસતાં પાંસરો–સીધો થઇ જાય, તેમ શ્રાવણાદિકમાં બુદ્ધિની સરલતા થવી—તે શુશ્રૂષા. શ્રાવણાદિક કરવાથી જેમ જેમ શુદ્ધ બુદ્ધિ થતી જાય;તેમ તેમ આત્મતત્ત્વચિંતનની ઉત્પત્તિ થતી જાય. ચિંતનથી તે વિવિદિષા.

આત્મતત્ત્વચિંતનથી શુશ્રૂષા–તે શ્રાવણાદિ ગુણરૂપ થાય છે. તે વિના આભાસ માત્ર કહેવાય, પણ ગુણ કહેવાય નહિ. આત્મતત્ત્વ ચિંતનથી શ્રાવણાદિક ગુણ ઉત્પન્ન થતાં સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે તે સમ્યકત્વના શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકચ–એ પાંચ લિંગ કહેવાય છે. એવા આત્માના શુભ પરિણામને પરમતમાં વિજ્ઞપ્તિ કહે છે. આત્માના શુભ પરિણામથી ધર્મનો ભાવ ઉત્પન્ન થાય છે અને તેથી ભાવાંતરની વૃદ્ધિ થાય છે. એમ ઉત્તરોત્તર ભાવવૃદ્ધિથી અવિરતિ, દેશવિરત્યાદિક ગુણસ્થાન શ્રેણીપર આરૂઢ થતાં ઘાતિકર્મનો ક્ષય કરી આત્મા કૃતકૃત્ય કેવલી થાય. એનો સારી રીતે વિચાર કરતાં સહજ સમજાય તેમ છે.

આ પ્રમાણે યુક્તિપૂર્વક વચન સાંભળીને પરવાદી પીડિતકર્ણ થઇને બોલ્યો કેઃ—

नणु जय सो कयकिच्चो, अट्ठारसदोसविरहिओ देवो ।
ता छुहतण्हा भावा, जुज्जइ कम्मा कवलभोजी ॥ ७२ ॥

**વ્યાખ્યા**—દેવ તો અઢાર દોષરહિત, કૃતકૃત્ય અને સર્વમાન્ય છે. એમ તમે પણ જો માનતા હો, તો તેને કવલાહાર કરનાર કેમ કહો છો? કવલાહાર અંગીકાર કરતાં ક્ષુધા, તૃષા પણ અંગીકાર કરવી પડશે, કારણ કે ક્ષુધા, તૃષા વિના કવલાહાર સંભવે નહિ. અને જો ક્ષુધા તૃષા પણ અંગીકાર કરશો, તો પરમેશ્વરને અઢાર દોષ રહિત કેમ કહી શકશો? કારણ કે ક્ષુધા અને તૃષા—એ બે દોષ તો કવલાહાર ગ્રહણ કરવાથી સિદ્ધ થાય છે. ત્યારે શું કેવલી સોળ દોષ રહિત છે? જો એમ માનશો, તો આગમ વચનનું અપમાન થશે. કારણ કે:—

" क्षुत्पिपासा जरातंक–जन्मांतकभयस्मयाः ।
न रागद्वेषमोहाश्च, यस्याप्तः स प्रकीर्त्यते " ॥ १ ॥

દિગંબર ગ્રંથાંતર ગત ઉપાસક–અધ્યયનમાં ક્ષુધા, તૃષા, જરા, ક્ષય, જન્મ, યમ, ઇહલોકાદિ ભય, અહંકાર, રાગ, દ્વેષ, મોહ, ચિંતા, અરતિ, નિદ્રા, વિસ્મય, વિષાદ, સ્વેદ તથા ખેદ–એ અઢાર દોષ કેવલીને ન હોય–એમ કહ્યું છે. તે તેમાં ક્ષુધા અને તૃષા–એ બે દોષ છતાં કૃતકૃત્યતા કેમ સંભવે? માટે કેવલીને જો કવલાહારી કહો, તો બે દોષ અંગીકાર કરો.

હવે એ આશંકાનો ઉત્તર કહે છે:—

**तो सक्कावुत्तुंजे, छुहतहूणाई जिणस्स किरदोसो ।**
**जइतं दूसेज गुणं, साहावियमप्पणो किं वि ॥ ७३ ॥**

**दूसइ अव्वाबाहं, इय जइ तुह सम्मओ तयं दोसो ।**
**मणुयत्तणं विदोसो, ता सिद्धत्तस्स दूसणओ ॥ ७४ ॥**

**વ્યાખ્યા**—ક્ષુધા અને તૃષા–એ દોષને અઢાર દોષમાં ગણીને કૃતકૃત્ય કેવલીમાં એ બે દોષનો તેં જે અભાવ કહ્યો, તે વચન

તારાજ મતાનુયાયીઓમાં શોભા પામે તેમ છે; પરંતુ પંડિતોની સભામાં તો શોભા ન પામતાં તે મૂલ્ય વિનાના ગણાય. કારણ કે ક્ષુધા અને તૃષા—એ બંનેને દોષમાં ત્યારે ગણી શકાય, કે જયારે કોઇ સ્વાભાવિક આત્માના ગુણને દૂષણ લાગતું હોય અને તેમ તો કાંઇ થતું નથી, કારણ કે એ ભાવવેદનીય કર્મના કરેલા હોવાથી કેવલજ્ઞાનને તે દૂષિત ન કરી શકે. કારણ કે કેવલજ્ઞાનને દૂષિત કરનાર જ્ઞાનાવરણીયકર્મ છે, તેમ કેવલદર્શનને દૂષિત કરનાર દર્શનાવરણીયકર્મ છે. વળી તે સમ્યકત્વચારિત્રને પણ દૂષિત ન કરી શકે— કારણ કે તેને દૂષિત કરનાર મોહનીયકર્મ છે, તેમજ દાનાદિક પાંચ લબ્ધિને પણ દૂષિત કરી શકે નહિ. કારણ કે લબ્ધિઓને દૂષિત કરનારૂં અંતરાય કર્મ છે. એ કારણથી ક્ષુધા અને તૃષા—એ બે દોષ કહેવાય નહિ. અહીં કોઇ એવી આશંકા કરે કેઃ—'જેમ ક્ષુધા અને તૃષાથી છદ્મસ્થને ઇર્યાસમિતિ–શ્રુતાભ્યાસાદિકનો ભંગ જોવામાં આવે છે. તેમ કેવલીને પણ ચારિત્ર-જ્ઞાનમાં તે પ્રતિબંધરૂપ શામાટે ન થાય?' એને જવાબ આપે છે કેઃ—'યદ્યપિ ક્ષુધા અને તૃષા—એ બે બહિરિંદ્રયવૃત્તિની ગ્લાનિ કરવાને લીધે એકેંદ્રિય જ્ઞાનાદિકના વિરોધી થાય છે, તથાપિ અતીંદ્રિય જ્ઞાનનો તે ઘાત કરી શકતા નથી.' વળી કોઇ એવી આશંકા કરે કે—જીવનો અવ્યાબાધ ગુણ છે એટલે નિરાકુલત્વરૂપ જે જીવ—તેને દૂષિત કરનાર ક્ષુધા અને તૃષા છે; કારણ કે તે આકુલતા પરિણામ રૂપ છે. જે આકુલતાની ક્ષુધાથી નિવૃત્તિ થાય છે–તે ક્ષુધાની પરિણામક છે, અને ક્ષુધા તે પરિણામ છે. અને જે આકુલતાની તૃષાથી નિવૃત્તિ થાય છે, તે તૃષાની પરિણામક છે, અને તૃષા પરિણામ છે. તેને જવાબ આપતાં કહે છે કેઃ–'કેવલીના સિદ્ધત્વ–ગુણને દૂષિત કરનાર મનુષ્યપણું પણ દોષરૂપ કેમ ન કહેવાય?' ઇત્યાદિ વિચારથી પોતાની કલ્પના મૂકીને ઘાતિકર્મના કરેલા અઢાર દોષ–જેમ પૂર્વાચાર્યોએ કહ્યા છે, તેવી રીતેજ માનવા જોઇએ. કહ્યું છે કેઃ—

"अंतराया दानलाभ–वीर्यभोगोपभोगाः ।
हासो रत्यरती भीति–जुगुप्सा शोक एवच ॥ १ ॥

**कामो मिथ्यात्वमज्ञानं, निद्रा चाविरतिस्तथा ।**
**रागो द्वेषश्च नो दोषाः, तेषामष्टादशाप्यमी" ॥ २ ॥**

જ્ઞાનગુણનો ઘાત કરનાર અજ્ઞાન, દર્શનગુણનો ઘાત કરનાર નિદ્રા, સમ્યકત્વગુણનો ઘાત કરનાર મિથ્યાત્વ, ચારિત્રગુણનો ઘાત કરનારાં હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા, કામ, અવિરતિ, રાગ તથા દ્વેષ અને દાનાદિ લબ્ધિરૂપ વીર્યનો ઘાત કરનારા-દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંરાય-એ અઢાર દોષ ઘાતિકર્મના કહ્યા છે, પણ કેવલીને ઘાતિ કર્મનો ક્ષય હોય છે, માટે તે નિર્દોષ કહેવાય છે. તેમ છતાં ક્ષુધા અને તૃષાને જે અઢાર દોષમાં ગણે છે, તે યુક્તાયુક્તનો વિચાર ન કરતાં કેવળ સ્વમતનું પોષણ કરે છે.

**अह जइ जिणस्स खइअं, सुक्खं दुक्खं विरूज्झए तेणं ।**
**तो सामण्णाभावे, विसेससत्ता कहं जुत्ता ॥ ७५ ॥**

**વ્યાખ્યા**—અહીં કોઇ આ શંકા કરે કેઃ-'જે કેવલીને ક્ષાયિક જ્ઞાનાદિક છે તેમ ક્ષાયિક સુખ પણછે. ત્યાં દુઃખનો લેશ પણ નથી, તો ક્ષુધા, તૃષા કેમ લાગે છે?'

**तो वेयणिज्जकम्मं, उदयप्पत्तं कहं हवे तस्स ।**
**णयसोपदेस उदओ, समयम्मि विवाग-भणणाओ॥ ७६ ॥**

**વ્યાખ્યા**—ઉક્ત આ શંકાનો જવાબ આપે છે કેઃ-'કેવલીને જો ક્ષાયિક સુખ માનતા હો, તો સિદ્ધાંતમાં કેવલીને વેદનીય કર્મનો ઉદય કહ્યો છે-તે શામાટે ન માનશો ? અર્થાત્ તે માનવો પડશે. જેમ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય છતાં ક્ષાયિક જ્ઞાન થતું નથી, તેમ વેદનીય કર્મનો ઉદય છતાં ક્ષાયિક સુખ પણ થતું નથી. અહીં કોઇ આશંકા કરે કેઃ-'કેવલીને એવા વેદનીય કર્મનો ઉદય હોય છે, કે જેના પ્રદેશ આત્મપ્રદેશની સાથે મળે છે, તે સ્થિતિ પ્રમાણે રહીને ક્ષીણ થઇ

જાય છે. પરંતુ કેવલીને તેથી આકુલતા થતી નથી.' એનો ઉત્તર એવો છે કેઃ-'યદ્યપિ એવો પ્રદેશોદય અમને પણ માન્ય છે; તો કેવલીને ક્ષાયિક સુખ સંભવે નહિ, તેમ છતાં અભ્યુચ્ચયતાથી અમારે કહેવું જોઇએ કે-કેવલીને વેદનીય કર્મનો પ્રદેશોદય છેજ નહિ, પરંતુ સિદ્ધાંતોમાં વિપાકોદય કહ્યો છે.

**आवस्सयणिज्जत्ती, पयडि पसत्थोदओ वएसेणं ।**
**णज्जइ ता सुहयाओ, असुहपडिवक्खवयणेणं ॥ ७७ ॥**

**વ્યાખ્યા**—આવશ્યક નિર્યુક્તિમાં પ્રકૃતિનો પ્રશસ્ત ઉદય કહ્યો છે, તથા દિગંબરના પ્રવચનસાર-નામના ગ્રંથમાં પણ-'**पुण्णफला अरिहंता**' ઇત્યાદિક વચનો કહ્યાં છે. એવી રીતે અસુખના પ્રતિપક્ષ-વચનથી કેવલીને સુખનો વિપાક છે. અહીં કોઇ આશંકા કરે કે-'જે કારણથી સુખ વિપાક છે, તેથીજ દુઃખ વિપાક નથી ?'

તેનું સમાધાન કરે છે કેઃ—

**तत्तत्थसुत्त भणिआ, एकारसजं परीसहा य जिणे ।**
**तेणवि छुहतहूणाई, खइअस्स सुहस्स पडिकूलं ॥ ७८ ॥**

**વ્યાખ્યા**—અમારા શ્રી ભગવતીસૂત્રમાં કેવલીને અગ્યાર પરીષહ કહ્યા છે. તે આ પ્રમાણેઃ—

"**एगविहबंधगस्सणं भंते सजोगि भवत्थ केवलिस्स कइ परीसहा पण्णत्ता ?**"

"**गोयमा एकारस परीसहा पण्णत्ता, णव पुणवेयंतित्ति**" તથા બેહુને '**एकादश जिने**' એવી રીતે શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં અગ્યાર પરીષહ કહ્યા છે. આથી કરીને કેવલીને ક્ષુધા તથા તૃષા પ્રાપ્ત થઇ હોય છતાં ક્ષાયિક સુખની હાનિ થતી નથી, એવું ઠરે છે. અહીં '**एकादश जिने**' એ ઉક્ત

સૂત્રનો અર્થ, કેટલાક પોતાના મતને પુષ્ટ કરવાના હેતુથી એવો કરે છે કેઃ–'**एके नाधिका न दश**' એટલે એક અધિક દશ ન થાય. **અર્થાત્** અગ્યાર પરિષહ નહિ. એ અપવ્યાખ્યાન જાણવું. કારણ કે એવો સમાસ સંભવે નહિ. વળી કેટલાક સર્વાર્થસિદ્ધિ પ્રમુખ '**नसंति**' એવું બાહેરથી વાક્ય લે છે, તે તો જાણે પોતાનું ઉત્સૂત્ર ભાષણજ પ્રગટ કરતા હોય–એમ ભાસે છે. પરંતુ તેઓએ એવો વિચાર કરવો જોઇએ કે–પરીષહના સ્વામી ચિંતાના અધિકારમાં પ્રસિદ્ધ છતાં તેનો અભાવ કેમ થશે ? જે ધનરહિત હોય, તે ધનનો સ્વામી કહેવાય નહિ. વળી કેટલાક આવી રીતે વ્યાખ્યાન કરે છે કેઃ–'કેવલીને વેદનીય કર્મ હોવાથી કારણ કાર્યોપચારથી કરીને અગ્યાર પરીષહ કહ્યા છે.' એ વ્યાખ્યાન પણ નદીમાં બૂડતાં ઘાસનો આશ્રય લેવા જેવું છે, કારણ કે સ્વામિત્વચિંતાએ ઉપચાર સંભવે નહિ. જો ઉપચાર માનીએ, તો છતા મોહનીય કર્મના હોવાથી ઉપશાંત મોહ ગુણસ્થાનકમાં પણ બાવીશ પરીષહ કહેવા પડશે. આ પ્રમાણે સૂત્રના ઘણાં અપવ્યાખ્યાનોનો ત્યાગ કરીને પરમાર્થનો વિચાર કરવો જોઇએ.

**अस्साय वेयणिज्जं, छुहतहूणाईण कारणं जाण ।**
**पज्जत्तिसत्तितदुदय-जलिअंतर जलण दित्ताणं ॥ ७९ ॥**

**વ્યાખ્યા**—આહાર પર્યાપ્તિ નામકર્મ તથા અસાતાવેદનીય કર્મ એ બંનેના ઉદયથી જ્વલિત થયેલા મજાઠરાગ્નિથી જીવને ક્ષુધા અને તૃષા લાગે છે. તે બધાં કારણ કેવલીમાં છતાં હોવાથી તેને ક્ષુધા અને તૃષા કેમ ન લાગે ? તે કહો.

અહીં વાદી આશંકા કરે છે કેઃ—

**णणु छुह तहूणा तहूणा, मोहुदओ पत्तियारिंसव्व ।**
**भणइ अण्णा तहूणा, अण्णहरकं तयद्धंति ॥ ८० ॥**

વ્યાખ્યા—' ક્ષુધા તથા તૃષા—એ મૈથુનની ઇચ્છાની જેમ તૃષ્ણા-રૂપ હોવાથી તે મોહનીયકર્મથી ઉત્પન્ન થાય છે. માટે કેવલીમાં એ સંભવે નહિ કારણ કે કેવલી એ તો મોહનીયકર્મનો પ્રથમથીજ નાશ કર્યો છે.' તેને જવાબ આપે છે કેઃ—' તૃષ્ણા અને દુઃખમાં ઘણી ભિન્નતા છે. તૃષ્ણાનેજ દુઃખ કહેવાય નહિ; પરંતુ સંસારીને તૃષ્ણાથકી દુઃખની ઉત્પત્તિ થાય છે.

હવે તૃષ્ણા ઉત્પન્ન થવાનો પ્રકાર કહે છેઃ—

**मोहाभिणिवेसेणं, चउहि वि उमकोट्ठयाइ हेऊहिं ।**
**पगरिस पत्ता तहूणा, जायइ आहार सण्णत्ति ॥ ८१ ॥**

વ્યાખ્યા—મોહનીયકર્મ—અભિનિવેશે ચાર કારણથી આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે. તે ઉત્કર્ષ પામવાને લીધે તૃષ્ણા કહેવાય છે, તે ચાર પ્રકાર શ્રી ઠાણાંગમાં કહ્યા છેઃ—

"**चउहिं ठाणेहिं आहारसंण्णा समुप्पज्जइ, उमकोट्ठयाए, छुहावेहणिज्जस्सणं कम्मस्स उदएणं, मतीए, तदट्ठोवओगेणं**"—અર્થઃ—ચાર કારણથી આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે. કોઠો ખાલી થવાથી, ક્ષુધાવેદનીયકર્મના ઉદયથી, આહારાદિકની કથાનું શ્રવણ કરવાથી તથા વારંવાર આહારનો ઉપયોગ કરવાથી આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે. અર્થાત્ એ ચાર કારણ મળવાથી મોહનીયકર્મના બળે આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે. એટલા માટે ગોમટ્ટસાર-ટીકા પ્રમુખમાં પણ આહારસંજ્ઞાને આહારાભિલાષરૂપ કહી છે. તે તૃષ્ણારૂપ હોવાથી યતિને એ વિના અશનપાનાદિકમાં પ્રવૃત્તિ છે—તે કહે છેઃ—

**असणाइम्मि पवित्ती, एत्तोच्चियतं विणा सुसाहूणं ।**
**ण जहुत्त विहविहाणे, अइआरो हंदि णिद्दिट्ठो ॥ ८२ ॥**

વ્યાખ્યા—એ હેતુથીજ યતિને પણ આહારસંજ્ઞા વિના અશનાદિકમાં પ્રવૃત્તિ કહી છે, કારણ કે વિધિ પાળતાં યતિને અતિચાર

કહ્યા નથી, અને આહારસંજ્ઞા તો અતિચારમાં છે: માટે જે એમ કહે છે કે—'આહારસંજ્ઞા વિના યતિએ આહાર કરવો નહિ—તેને આચારમાં પણ અતિચાર કહ્યા છે.

एयं विणा ण भुत्ती, मेहुणसण्णं विणा जह अबंभं ।
इय वयणं पि परेसिं, एएण पराकयं णेअं ॥ ८३ ॥

વ્યાખ્યા—'જેમ મૈથુનસંજ્ઞા વિના અબ્રહ્મચર્ય ન થાય, તેમ આહારસંજ્ઞા વિના કેવલીને ભુક્તિ થાય નહિ.' એવા પરવાદીના વચનનું આવી રીતે નિરાકરણ કર્યું છે કે:—' જેમ યતિએ આહારસંજ્ઞા વિના આહાર કરવો—એ ઉચિત છે, તેમ કેવલીને પણ માની લેવું જોઇએ.

ण हु साहु व्विय पवित्ती, णेवय सुपसत्थझाण हेउत्ति ।
आहारोव्व अबंभं, अण्णह तुह होइ णिद्दोसं ॥ ८४ ॥

વ્યાખ્યા—આહાર અવર્જનીય હોવાથી ઉચિત છે, તથા છદ્મસ્થ યતિને પ્રશસ્ત ધ્યાનનું કારણ છે. માટે આહારસંજ્ઞા વિના કેવલીને આહાર લેવો સંભવે છે, અને મૈથુન વર્જનીય હોવાથી અનુચિત છે, તથા દુર્ધ્યાનનું કારણ છે. માટે મૈથુનાદિક અનુચિત પ્રવૃત્તિ અપ્રશસ્ત રાગ દ્વેષ વિના કેવલીને થાય નહિ. એવા અર્થનો વિચાર કરીને તેનું ગ્રહણ કરવું જોઇએ.

आहार चिंतणुब्भवमेयं आहार सण्णमासज्ज ।
वड्ढइ अट्टज्झाणं, इट्ठा लोभेण मूढाणं ॥ ८५ ॥

વ્યાખ્યા—આહારના ચિંતનથી આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે, તેમાં મોહિત થયેલા મૂઢ જીવને જો તે આહારરૂપ ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થાય, તો તે વસ્તુ ક્યારે પ્રાપ્ત થશે ? એવા ચિંતનરૂપ આર્ત્તધ્યાન કરે છે. પરંતુ તે અભિલાષા મટતી નથી.

तत्तो माणस दुरकं, लहइ जिओ कंकणाइ कुव्वंतो ।
लध्धुंत्ति इट्ठ विसयं, रईइ चिंतेइ अवियोगं ॥ ८६ ॥

વ્યાખ્યા—ત્યારપછી પૂર્વોક્ત રીતિએ જો તેને આહારાદિક ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થાય, તો તે જીવ ક્ષુધા વેદનીયના ઉદયથી પ્રજ્વલિત થયેલા ઉદરાનલ (જઠરાગ્નિ) ના યોગે શરીરે દુઃખ પામે છે, અને પછી ક્રંદન તથા રોદનાદિક કરવાથી અરતિ મોહનીય કર્મના ઉદયને લીધે ચિત્તમાં ગાઢ ઉપતાપરૂપ માનસિક દુઃખ પામે છે. કદાચ પુણ્ય પ્રકૃતિના યોગે ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થાય, તો પણ રતિ મોહનીય કર્મના ઉદયથી તે વસ્તુના અવિયોગની ઇચ્છા કર્યા કરે, આવી રીતે તે વસ્તુ ઉપર ગાઢ અનુરાગથી આર્ત્તધ્યાનને વશ થઇને જીવ દુઃખજ પામે છે, માટે મોહ મૂઢ જીવને પરમાર્થથી કદી પણ સુખ નથી.

तोमोहणिज्जखयओ, तप्भवदुरकाणुबंध विलपणं ।
लहई सुहं सव्वहणु–चएइणो पुण छुहं चइउं ॥ ८७ ॥

વ્યાખ્યા—મોહનીય કર્મના ક્ષયથી જીવને આહાર કરવાની રતિ તથા અરતિ ઉત્પન્ન થાય છે, અને મોહનીય કર્મના ઉદયથી જીવને માનસ દુઃખ ઉત્પન્ન થાય છે, તે દુઃખ કેવલીને મટી જાય છે, પણ અશાતા વેદનીય કર્મના ઉદયથી કેવલિને જે ક્ષુધા અને તૃષા લાગે તેનો ત્યાગ કરી શકે નહિ.

घाईव वेयणीयं, इयजइ मोहं विणा ण दुरकयरं ।
पयडं पडिरूवाओ, ता अण्णाओ वि पयडीओ ॥ ८८ ॥

વ્યાખ્યા—અહીં પૂર્વ પક્ષી કહે છે કે–વેદનીય કર્મ ઘાતિકર્મના જેવું હોવાથી મોહનીયકર્મ વિના તે દુઃખદાયક થાય નહિ. કર્મ કાંડમાં કહ્યું છે કેઃ–'**घादीव वेयणीयं मोहस्सुदएण घाददे जीवं**' તેનું સમાધાન આ પ્રમાણે છેઃ–'જો તમારા કહ્યા પ્રમાણે હોય તો અસાતા

વેદનીયની જેમ કેવલીને બીજી પ્રકૃતિઓ પણ મોહનીયકર્મ વિના પોતાના કાર્યની કરનારી હોવી જોઇએ, અને તમે વેદનીય કર્મની સાથે ઘાતિ કર્મની તુલના શીરીતે કરો છો? ઘાતિકર્મના રસના જેવો તેનો રસ હોય છે–એમ સરખામણી કરોછો કે સ્વકાર્ય કરવામાં ઘાતિ કર્મની અપેક્ષા કલ્પો છો, અથવા દોષનું હેતુપણું કહો છો? જો કહેશો કે–ઘાતીયાના રસના જેવો રસ હોવો જોઇએ; તો અઘાતીની પ્રકૃતિ ઘાતીના જેવી હોવી જોઇએ. કારણકે જયારે અઘાતીની પ્રકૃતિ સર્વ ઘાતીની પ્રકૃતિની સાથે વેદિએ, ત્યારે તે સર્વ ઘાતિની પ્રકૃતિનો વિપાક દેખાડે અને જયારે દેશઘાતિનીનો વિપાક દેખાડે તથા એકલી વેદિએ ત્યારે માત્ર તે એકલો પોતાનોજ વિપાક દેખાડે છે, માટે પક્ષ સંભવતો નથી. જો કહેશો કે–સ્વકાર્ય કરવામાં ઘાતીયાની અપેક્ષા હોવી જોઇએ, તો નામકર્મ પણ પૂર્વે મોહનીયકર્મની અપેક્ષા કરતું છતાં જેમ કેવલીને મોહ વિના આપણું કાર્ય કરે છે, તેમ વેદનીય કર્મ પણ મોહનીયકર્મની અપેક્ષા વિના કાર્ય કરે છે, માટે બીજો પક્ષ પણ સંભવે નહિ. જો કહેશો કે—વેદનીયકર્મથી દોષ લાગે છે. તો તે પણ મનાય નહિ. કારણ કે ક્ષુધા અને તૃષામાં દોષપણાનું પૂર્વેજ ખંડન કર્યું. છે આ પ્રમાણે સ્વબુદ્ધિથી સારી રીતે વિચાર કરી જુઓ.

**अणुकूलं पडिकूलं च, वेयणं लक्खणं सुहदुहाणं ।**
**णहुएसो एगंतो, अपमत्त जईसु तयभावा ॥ ८९ ॥**

**વ્યાખ્યા**—ઔદયિક સુખ છતાં અનુકૂલત્વ વેદન થાય છે–તે રાગરૂપ છે અને ઔદયિક દુઃખ છતાં પ્રતિકૂલત્વ વેદન થાય છે–તે દ્વેષરૂપ છે; માટે કેવલીને ઔદયિક સુખ તથા દુઃખ–એ બંને હોતાં નથી, કિંતુ ક્ષાયિક સુખજ હોય છે–એમ કેટલાક કહે છે, તે યોગ્ય નથી, કારણ કે જેમ અપ્રમત્તયતિને ઔદયિક સુખ તથા દુઃખ–એ બંને હોય છે, પણ રાગ તથા દ્વેષ–એ બંને હોતા નથી—તેમ કેવલીમાં પણ જાણી લેવું, એમાં એકાંતપણું ન માનવું.

**अध्रुवाण सुहदुहाणं, भोगो भोगेण कम्मबंधो य ।**
**णहु एसो एगंतो, अपमत्त जईसु तयभावा ॥ ९० ॥**

**વ્યાખ્યા**—સુખ તથા દુઃખ—એ બંને પદાર્થ શાશ્વત નથી, કિંતુ અશાશ્વત છે. તેઓના એવો નિયમ છે કે—અવશ્ય તે ભોગને આપે છે. કહ્યું છે કે—'**नाभुक्तं क्षीयते कर्म**' ઇત્યાદિ અને ભોગથી કર્મબંધ થાય છે. એ કારણુ માટે કેવલીમાં તે સંભવે નહિ. કારણ કે સુખ તથા દુઃખ—એ બંને પદાર્થ અધ્રુવ છે—એમ કેટલાક કહે છે, તેપણુ યોગ્ય નથી. કારણુ કે સુખ તથા દુઃખ અધ્રુવ છતાં તે અપ્રમત્ત યતિને હોય છે, તોપણુ તેનાથી કર્મબંધ થતો નથી. તેમ કેવલીમાં પણુ સમજી લેવું જોઇએ. અહીં પણુ એકાંત નથી.

**अन्नाण जंतु दुरकं, नाणावरणक्खएण खयमेइ ।**
**तत्तो सुहमकलंकिय केवलनाणा पुहप्भूयं ॥ ९१ ॥**

**વ્યાખ્યા**—જયારે દરેક પદાર્થનો સૂક્ષ્મ અર્થ જાણુવામાં આવતો નથી, ત્યારે જીવને મહાદુઃખ ઉત્પન્ન થાય છે. કારણુ કે યથાર્થ વસ્તુ જાણુવાની ઇચ્છા પ્રમાણે જાણુવામાં ન આવે, તો તેથી જીવને આકુલતા થાય છે–તેજ દુઃખ જાણુવું. એ દુઃખ વસ્તુનો સૂક્ષ્મ અર્થ ન જાણુવાથી થાય છે, માટે અજ્ઞાનરૂપજ છે. અજ્ઞાન જ્ઞાનાવરણીયકર્મના ક્ષયથી નાશ થાય છે, તે દુઃખનોજ નાશ જાણુવો. કેવલીને જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય થઇ જવાથી દુઃખરૂપ અજ્ઞાનનો લેશ પણુ રહ્યો નથી અને કેવલજ્ઞાનનો ઉદય થયો છે—તે સર્વ સુખરૂપ છે—તે સુખ કેવલજ્ઞાનથી પૃથગ્ભૂત નથી, કારણુ કે કેવલજ્ઞાન સ્વભાવના પ્રતિઘાત રહિત હોવાથી અનાકૂલતારૂપ છે, ત્યાં આકૂલતા છેજ નહિ. જયારે આકૂલતા નથી, તો પછી તજ્જન્ય દુઃખ પણુ કયાંથી હોય? અને દુઃખ નથી ત્યારે સુખજ છે. કહ્યું છે કે—

"जं केवलित्तिनाणं, तं सोक्खं परिणमंचसोचेव ।
खेदो तस्स न भणिदो, जम्हाघादीखयं जादा" ॥ १ ॥

એ પ્રવચનસારનાં વચન અસંભવિત છે; તો પણ એટલું વિશેષ છે કે:—કેવલજ્ઞાન ક્ષાયિકસુખપ્રક્રિયા સંભવે નહિ. કારણ કે ક્ષાયિક સુખ તો વેદનીયકર્મના ક્ષયથીજ ઉત્પન્ન થાય છે.

णय सुक्खं दुक्खंवा, देहगयं इंदिउप्भवं सव्वं ।
अन्नाणमोहकज्जे, पमाण सिद्धेउ संकोए ॥ ९२ ॥

**વ્યાખ્યા**—દિગંબર એમ કહે છે કે—"શરીરગત સુખ દુઃખ સર્વ ઇંદ્રિયથીજ ઉત્પન્ન થાય છે. કારણ કે છદ્મસ્થને જે સુખ દુઃખ ઉત્પન્ન થાય છે–તે એવી રીતેજ થાય છે. પ્રથમ પરોક્ષજ્ઞાનના કારણથી ઇંદ્રિયોની ઉપર મૈત્રી પ્રવર્તે છે, અને ઇંદ્રિયોની મૈત્રીથી વિષયોમાં તૃષ્ણા ઉત્પન્ન થાય છે. જેમ લોહનો ગોળો અગ્નિથી તપેલો હોય, તેમ વિષયોની તૃષ્ણાથી ઇંદ્રિયો તપ્ત હોય છે. તે મહાવ્યાધિ સ્થાનીય છે અને તૃષ્ણા ટાળવાને માટે વિષયનું સેવન થાય છે–તે વ્યાધિના ઔષધસ્થાનીય છે. તે યદ્યપિ વ્યવહારદૃષ્ટિએ તો સુખ કહેવાય છે; તથાપિ પરમાર્થતાએ દુઃખરૂપ છે. પ્રવચનસારમાં કહ્યું છે કે—

" पप्पा इट्ठे विसए, फासेहि समास देस हावेण ।
परिणममाणोअप्पा, सयमेव सुहणयवदिरेहोति "

એ કારણ માટે દેહગત સુખ ઐંદ્રિયક છે, તેમજ દુઃખ પણ ઐંદ્રિયક છે. એવા ઐંદ્રિયક વિષયોના દ્વેષથી દુઃખ ઉત્પન્ન થાય છે માટે દેહગત સુખ તથા દુઃખ કેવલીમાં નથી. તેથીજ કેવલી અતીંદ્રિય થયા છે. પ્રવચનસારમાં કહ્યું છે કે—

"सोक्खं वा पुण दुक्खं, केवलनाणिस्स नत्थि देहगयं ।
जम्हा अदिंदिअत्तं, जावं तम्हा दुतंणेयंति "

એનું સમાધાન કરે છે. કેઃ—દેહગત સર્વ સુખ તથા દુઃખ ઇંદ્રિયાધીન નથી. કારણ કે ઇંદ્રિયોની પરાધીનતાથી અજ્ઞાન તથા મોહથી જે સુખ અને દુઃખ ઉત્પન્ન થાય છે—તેઓનેજ ઇંદ્રિયોની અપેક્ષા છે; પરંતુ અપ્રમત્ત યતિને જે માનસિક સુખ થાય છે તથા સાતાદિકર્મના ઉદયથી જે ક્ષુધાદિ દોષ ઉત્પન્ન થાય છે—તેમાં ઇંદ્રિયોની અપેક્ષાનો નિયમ નથી. જો એમ ન માનીએ અને ઇંદ્રિયાધીનજ સુખ તથા દુઃખ માનીએ—તો રતિમોહનીયકર્મ તથા અરતિમોહનીયકર્મનું નામાંતરજ વેદનીયકર્મના ઉદયથી અસાતાવેદનીયકર્મ થાય છે—એમ ઠરશે, તોપછી વેદનીયકર્મ ભિન્ન કહી શકાશે નહિ. જો વેદનીયકર્મ મોહનીય સાથે માનીએ, તો સાતજ કર્મ ઠરશે—આઠ કર્મનો સંભવ થશે નહિ. એમ કરતાં સર્વ જૈન પ્રક્રિયાનો ઉચ્છેદ થશે. વળી દેહગત સુખ જો કેવલીને ન માનીએ, તો તીર્થંકરનામકર્મનો વિપાક કેમ સંભવે? જો એમ કહીએ કે-તીર્થંકરનામકર્મ જીવ વિપાકી છે, તેથી જીવગત સુખ તો ઉપજે છે; પરંતુ દેહગત ક્ષુધાદિક દુઃખ સંભવે નહિ. તો જેમ સુખને પણ દેહની અપેક્ષા છે, તેમ દુઃખને પણ દેહની અપેક્ષા છે. માટે દેહગતજ માનવા યોગ્ય છે. ઇત્યાદિ સૂક્ષ્મ વિચાર કરી મધ્યસ્થ બુદ્ધિથી ન્યાય કરો.

**एत्तोच्चिअ बहु दुक्खक्खएण तेसिं छुहाइवेयणियं ।**
**णिंबरस लवुव्व पए, अप्पंति भणंति समय विऊ ॥ ९३ ॥**

**વ્યાખ્યા**—કેવલીને અજ્ઞાનાદિજન્ય ઘણાં દુઃખ મટી ગયાં છે. એક ક્ષુધાવેદનીય રહ્યું છે, તે પણ ઘાતીકર્મની સાથે મળેલા જેવો પોતાનો વિપાક દેખાડે છે, કારણ કે કેવલીને પુણ્ય પ્રકૃતિનો વિપાક અબલ છે. કારણ કેઃ—

**" अस्सायमाइआओ, जाविअ असुहा हवंति पयडीओ ।**
**णिंबुरस णिंबुव्वपणु, ण हुंति ता असुहयातस्स "**

એ આવશ્યક-ગાથામાં તીર્થંકરને અસાતાપ્રકૃતિ દુઃખદાયિની થતી નથી-જે દૂધના ઘડામાં નિંબના રસનો એક બિંદુ નાખવાથી કટુતા થાય નહિ- તેવી રીતે અહીં પણ સમજવું. એમ શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યું છે. જેમ તેને પ્રબલ પુણ્ય પરાભવ કરે છે, પરંતુ તેથી ક્ષુધાદિક ન ઉપજે-એમ ન જાણવું-એવો ભાવ જણાય છે. પછી વિશેષાર્થ તો બહુશ્રુત જાણે.

णय तं कवलाजोग्गं, वेयाणियं अगणिमंदयाभावा ।
णय दड्ढरज्जुकप्पं, वेयणिअं हंदि सुआसिद्धं ॥ ९४ ॥

**વ્યાખ્યા**—કેવલીનું વેદનીયકર્મ કવલાહાર યોગ્ય ન થાય-એમ ન કહેવું. કારણ કે કેવલીને અગ્નિમંદપણું નથી. આહારપર્યાપ્તનામકર્મનો ઉદય અને વેદનીયકર્મનો ઉદય હોવાને લીધે ઉદરાગ્નિ પ્રજ્વલિત થાય છે. એ બંને કારણો હોવાથી કેવલીને વેદનીયકર્મ કવલાહારને યોગ્ય થાય છે. જો કોઇ કહેશે કે-વેદનીયકર્મ બળેલી દોરડીના જેવું છે, તેથી કેવલીને વ્યાબાધ કરી શકે નહિ. તેને એવો જવાબ આપવો કેઃ—એ વચન પ્રઘોષનું છે, પણ શાસ્ત્રનું નથી. કારણ કે શ્રી સુયગડાંગની ટીકામાં એમ કહ્યુંછે કેઃ—

" यद्यपि दग्धरज्जुस्थानकत्वमुच्यते वेदनीयस्य तदप्यनागमिकमयुक्तिसंगतं चागमे ह्यत्यंतोदयः सातस्य केवलिन्यभिधीयते युक्तिरपि घातिकर्मक्षयाज्ज्ञानादयस्तस्या अभूवन् वेदनीयोद्भवायाः क्षुधः, किमायातंयेनासौनभवति न तपोच्छायातपयोरिव सहानवस्थानलक्षणो विरोधो, नापि भावाभावयोरिव परस्परपरिहार लक्षणः कश्चिद्विरोधोस्तीति. सातासातयोश्चांतर्मुहूर्त्तपरिवर्त्तमानतया यथा सातोदय एवमसातोदयोपीति. अनंतवीर्यत्वे सत्यपि शरीरबलापचयक्षुद्वेदनीयोद्भवा पीडा च भवत्येव, नचाहारग्रहणे

**किंचित् क्षीयते. केवलमहो पुरुषिकामात्रमेवेति, पंचाशीतिर्जरद्रू-ज्जुप्रायाः शेषा सयोगिनी."**

એવું જે ગુણસ્થાનક ક્રમારોહમાં કહ્યું છે. તે તો થોડી સ્થિતિની અપેક્ષાએ જાણવું, પણ રસની અપેક્ષાએ ન જાણવું. કારણ કે સત્તાની પ્રકૃતિ તો એવી કહી છે, પણ ઉદયની પ્રકૃતિ એવી કહી નથી. ઉલટો તીર્થંકર નામ પ્રમુખનો પ્રબલ ઉદયજ કહ્યો છે. એમ જાણીને "**अत एव दग्धरज्जुकल्पेन भवोपग्राहि कल्पेनापि सता केवलिनोपि न मुक्तिमासादयेयुः**" એ આવશ્યક બૃહદ્વૃત્તિનું વચન છે. તે જોઇને પણ વ્યામોહ કરવો નહિ. તેટલા માટેજ અહીં પણ સ્થિતિની અપેક્ષાએજ કેવલીને કર્મ બળેલી દોરડીનાં જેવાં કહ્યાંછે. '**अतएव भवोपग्राहित्वा-वग्राहित्व विशेषणं**' કહ્યું હોય એમ અમને પ્રતિભાસે છે અને વિશેષ તો જેમ વિરોધ ન થાય, તેમ ગીતાર્થ પાસે વિચારવું. કેટલાક પ્રમેયકમલ માર્તંડના અભિપ્રાયને અનુસરીને એવી રીતે કહે છે કે—' અપૂર્વ કરણ ગુણઠાણાએ પાપ પ્રકૃતિનો રસ કહ્યો છે, માટે કેવલીને તથાવિધ સાતોદય થાય નહિ. મોહસાપેક્ષ પ્રકૃતિ થાય. તેનો મોહના ઘાતથી અવશ્ય ઘાત થાય છે. અન્યથા પરાઘાતનામકર્મના ઉદયથી કેવલી પરહનનાદિક કેમ ન કરે?'—એ બોલવું પણ દુરાગ્રહ ભરેલું છે. કારણકે જેમ રસનો ઘાત થાય છે, તેમ સ્થિતિનો પણ ઘાત થાય છે. માટે જો રસ ઓછો થતો હોય, તો સ્થિતિ પણ ઓછી થવી જોઇએ. જેમ બદ્ધયમાનકર્મની સ્થિતિ ઘટી જાય છે, તેમ બદ્ધયમાનકર્મનો રસ પણ ઘટી જાય છે—એજ સમાધાન છે. તથા પરાઘાતનામકર્મનું ફળ કેવલીને થાયજ છે અને પરહનન તો મોહ વિના થાય નહિ. કેટલાક એમ કહે છે કે—વેદનીય કર્મ કેવલીમાં હતવીર્ય (ક્ષીણરૂપ) છે, માટે તેમાં ક્ષુધાદિક પરીષહ છાયારૂપ છે.' એમ જે કેવલીના સંબંધમાં કહે છે, તેણે શ્વેતાંબરની પ્રક્રિયા જાણી નથી એમ જાણવું. કેટલાએક કહે છે કે—કેવલીમાં ઉદીરણા વિના પ્રચુર પુદ્ગલ આવતા નથી, માટે અસાતાવેદનીયનો

ઉદય દગ્ધ દોરડીના જેવોજ છે—એ બોલવું પણ વિચાર વિનાનું છે. કારણકે એવી રીતે તો સાતાવેદનીયનો ઉદય પણ મંદ હોવો જોઇએ. ઇત્યાદિક મતનો વિચાર કરતાં વાસ્તવિક અર્થ સહજ દેખાઇ આવશે. માટે સૂક્ષ્મદૃષ્ટિથી તે અર્થનું શોધન કરો.

**णयकेवलनाणाई, छुहाईपडिबंधगं जिणंदस्स**
**दाहस्सिव मंताई, इय जुत्तं तंत जुत्तीए ॥ ९५ ॥**

**વ્યાખ્યા**—'જેમ દાહના પ્રતિબંધક મંત્રાદિક છે, તેમ ક્ષુધાદિકનું પ્રતિબંધક કેવલજ્ઞાન છે'—એ વચન પણ શાસ્ત્રાનુસાર નથી. કારણકે મંત્રેલ અગ્નિ હાથમાં રાખ્યા છતાં હાથ બળતો નથી—એવું પ્રત્યક્ષ જોવામાં આવે છે, તેથીજ મંત્રાદિક દાહના પ્રતિબંધક છે, એવી કલ્પના કરાય છે. તેમ જો કેવલીમાં વેદનીયાદિક કર્મોદય રૂપ કારણ છતાં ક્ષુધાદિ ઉભય ઉત્પન્ન થતાં નથી, એમ જો સંમત શાસ્ત્રમાં કહ્યું હોય, તો એવી કલ્પના થઇ શકે, તે વિના બોલવું વ્યર્થ છે. માટે શાસ્ત્રની યુક્તિથી જેમ પૂર્વે કહ્યું તેમ, આદરવું યોગ્ય છે.

**खिज्जइ बलं छुहाए. णय तं जुज्जइ अणंत विरिआणं ।**
**इय वुत्तं पि ण सुत्तुं, बल विरियाणं जओ भेओ ॥ ९६ ॥**

**વ્યાખ્યા**—કેવલીને જો ભૂખ લાગતી હોય તો બલની હાનિ થાય અને તે તો તેમના વિષે સંભવે નહિ. કારણકે વીર્યાંતરાય કર્મના ક્ષયને લીધે તે અનંત વીર્યવંત છે.' એ વચન પણ અયોગ્ય છે. કારણકે બળ અને વીર્યમાં ભેદ છે. શરીરનું પરાક્રમ તે બળ કહેવાય અને અંતરંગ શક્તિ વિશેષ તે વીર્ય કહેવાય. તેમ છતાં ક્ષુધાથી શરીરનું બળ ક્ષીણ થાય છે તે માટે અમે ના કહેતા નથી, એ યોગ પ્રત્યય છે અને યોગ—એ શરીરનામકર્મ-પરિણતિ વિશેષરૂપ છે અને નામકર્મ તો ભગવંતમાં ક્ષીણ થતું નથી.

અહીં પૂર્વપક્ષી આશંકા કરે છે કેઃ—

**बंधो परपरिणामा, सो पुण नाणा न वीयमोहाणं ।**
**जोगकया पिहु किरिया, तो तेसिं होइ णिव्वीआ ॥ ९७ ॥**

**વ્યાખ્યા**—ગ્રહણ તથા મોચનાદિક પરપરિણામથી જીવને કર્મ બંધ થાય છે. તે પરિણામ વીતરાગને જ્ઞાનના પ્રતાપે થાય નહિ. પ્રવચન સારમાં કહ્યું છે કે—

**" गहेदि णेवण मुंचदि, णपरं परिणमदि केवली भगवं ।**
**पेच्छदि समंतदोसो, जाणदि सव्वं निरवसेसं " ॥**

કેવલીને તો યોગની ક્રિયા પણ નથી, તો પછી ભોજનની શી વાત? અર્થાત્ કેવલીમાં ભોજન પણ સંભવે નહિ. જો કેવલીમાં ભોજન ક્રિયા માનીએ તો તેથી યોગક્રિયા સિદ્ધ થશે અને તે કેવલીમાં સંભવે નહિ. વળી સ્થાન નિષદ્યા, વિહાર અને ધર્મોપદેશાદિક ક્રિયા પણ કેવલીને થતી નથી, તો પછી ભોજન ક્રિયા કેમ સંભવે? જો કહેશો કે–'સ્થાનનિષદ્યા, વિહાર અને ધર્મોપદેશાદિક ક્રિયા કેવલીમાં પ્રત્યક્ષ વિદ્યમાન છતા ના કેમ કહેવાય?' તો તે ક્રિયા યદ્યપિ છે, તથાપિ પ્રયત્ન પૂર્વક નથી. કારણકે રાગ, દ્વેષ વિના પ્રયત્ન થતો નથી અને તે તો કેવલીમાં છે નહિ, માટે એ ક્રિયા સ્વભાવસિદ્ધ છે. જેમ આકાશમાં વાદળા અવસરે સ્વભાવથીજ સંચાર કરે છે, રહે છે, ગર્જના કરે છે અને વરસ્યા કરે; તેમ કેવલીને પણ સ્થાનનિષદ્યા, વિહાર તથા ધર્મોપદેશાદિક સ્વભાવેજ થાય છે. પ્રવચનસારમાં કહ્યું છે કેઃ—

**" ठाण णिसेज्जविहारा, धम्मुवदेसो अ णियदिणा तेसिं ।**
**अरिहंताणं काले मायाचारोव्व इत्थीणं " ॥ १ ॥**

એટલા માટેજ કેવલીને ઔદયિક ક્રિયામાં મોહ ન હોવાને લીધે પરદ્રવ્ય પરિણામના વિરહથી ક્ષાયિકીજ જાણવી. કહ્યું છે કે—

" पुण्णफला अरिहंता, तेसिं किरिया पुणो हि ओदयिगी ।
मोहादिहिं विरहिया, तम्हा सा खाइ गित्ति मदा " ॥

હવે પૂર્વપક્ષીની આશંકાનો ઉત્તર આપે છેઃ—

जोगं विणावि किरिआ, सहावओ जइ कहण्ण तहसोत्ति ।
तुल्लं किरि वे चित्तं, तहतुल्लमबुद्धिपुवत्तं ॥ ९८ ॥

**વ્યાખ્યા**—કેવલીમાં સ્થાનનિષદ્યાદિ ક્રિયા જો સ્વભાવેજ થતી હોય તો પ્રયત્ન નિરર્થક થાય અને એમ તો કાંઇ જોવામાં આવતું નથી. પ્રયત્ન સાર્થકજ હોય છે. કારણકે પ્રયત્ન વિના ચેષ્ટા થતીજ નથી. માટે કેવલીમાં પ્રયત્નનો સંભવ થાય છે; પણ માત્ર સ્વાભાવિકતાનોજ ઉપયોગ કરવો નહિ. જો કહેશો કે—' કેવલીમાં પ્રયત્ન જન્ય ચેષ્ટા નથી પરંતુ તેથી વિલક્ષણ છે. અર્થાત્ કેવલીની ચેષ્ટા પ્રયત્ન વિનાજ થાય છે.' તો જેમ ચેષ્ટા વિલક્ષણ છે, તો પછી પ્રયત્ન પણ કેમ વિલક્ષણ ન માનીએ ? અને જેમ વિલક્ષણ ચેષ્ટા મોહ વિના થાય છે તેમ વિલક્ષણ પ્રયત્ન પણ મોહ વિના થવો જોઇએ. જો કહેશો કે–કેવલીની ચેષ્ટા મનઃપૂર્વક નથી, તો તે પ્રમાણે પ્રયત્ન પણ મનઃપૂર્વક નથી એમ શા માટે ન માનો ? એ પ્રમાણે સર્વત્ર સરખું સમાધાન જાણી લેવું.

एवं सहावत्राणी, कह जुत्ता जेण तेसि वयजोगो ।
हेऊ दव्व सुअस्सा, पओअणं कम्मखवणाय ॥ ९९ ॥

**વ્યાખ્યા**—પૂર્વે કહેલા હેતુથીજ દિગંબરો કહે છે કે—કેવલીને રાગ ન હોવાથી તેમાં વચન વ્યાપાર સંભવે નહિ. તેમછતાં જે વચનુ

વ્યાપાર થાય છે; તે સ્વભાવેજ મસ્તકમાંથી ધ્વનિ નીકળે છે-એમ જાણવું; પણ અક્ષરરૂપ વાણી સંભવે નહિ, એ શંકા પણ અયુક્ત છે. કારણ કે કેવલીને કેવલસ્થિતિની પૂર્વે જેમ વચન યોગ હતો તેમ કેવલજ્ઞાન થયા પછી પણ જાણવો; અને કેવલીને રાગ વિના પણ ક્રિયાનું સામર્થ્ય હોવાથી અક્ષરરૂપ વાણી કેમ ન સંભવે? અહીં કોઇ આશંકા કરે કે—કેવલી કૃતકૃત્ય છે; ત્યારે તે ઉપદેશ શા માટે કરે છે? તેનું સમાધાન એવુ સમજવું કે-તીર્થંકરનામકર્મનો વિપાક એવી રીતેજ ભોગવાય છે; તેથીજ કેવલી ઉપદેશ કરે છે-એ કેવલીનો સ્વભાવજ છે. જો કહેશો કે-કેવલી પદે કરી એકાંતે કૃતકૃત્ય છે. તો તેમ પણ ન સમજવું, વિશેષાવશ્યકમાં કહ્યું છે કેઃ—

" एगंतेणं कयत्थो, जेणोदिन्नं जिणंदणामं से ।
तद्वंझफलं तस्स य, खवणो वाओ अमवे जउ " ॥

જો કહેશો કે-પરોપકારની ઇચ્છા વિના ઉપદેશ આપવો સંભવે નહિ અને ઇચ્છા તેજ રાગ કહેવાય છે, તે રાગતો વીતરાગમાં સંભવે નહિ, એવો વ્યામોહ પણ ન કરવો; કારણ કે એવી ઇચ્છા તે કૃપા કહેવાય છે, પણ તેને રાગ સમજી ન લેવો.

**णय वयणपयत्तेणं, खेयस्सोदीरणं जिणंदस्स ।**
**इहरा सुहस्स पावइ, तं णय वा अण्णपयडीणं ॥ १०० ॥**

**વ્યાખ્યા**—જો કહેશો કે-વચન બોલવાના પ્રયત્નથી જીયને ખેદ થવાનીઉદીરણા થાય છે; તો તે સંભવે નહિ. કારણકે મનુષ્યના આયુષ્યમાં સાતા-અસાતા-વેદનીયકર્મની ઉદીરણા પ્રમાદના પરવશ-પણાથીજ થાય છે. પ્રમાદ વિના બીજાં કારણો છતાં ઉદીરણા થાય નહીં, જો એમ ન કહીયે અને બીજા કારણોથી ઉદીરણા થાય છે-એમ કહીએ; તો કાયયોગમાં સાતાવેદનીયની ઉદીરણા પણ કેમ કહેવાય? કારણ કે ઉદીરણાનું તો આવું લક્ષણ કહ્યું છે કેઃ—

સ્થિતિના દલિક ઉદયાવલિકાથી બહાર વર્ત્તે છે, તેને કષાયસહિત યોગ નામના વીર્યથી આકર્ષણ કરીને-ઉદયાવલિકામાં જે પ્રક્ષેપન કરવું- તે ઉદીરણા કહેવાય છે.

णय तं विरिअ विरहियं, जायइ अपवत्तणच्च करणंति ।
केवलसहावपक्के, ( सुगयस्स मयमणुमयं जाण )
सुगयस्स मयं अणुण्णायं ॥ १०१ ॥

**વ્યાખ્યા**—જો કહેશો કે-તે ઉદીરણા વીર્ય વિના થાય છે, તો તે સંભવે નહિ. કારણ કે ઉદીરણા-એ અપવર્ત્તનાની પરીકરણ વિશેષ છે-એટલે સ્થાનાંતર કરાવવાનું કારણ છે અને કારણ-તે પ્રયત્નરૂપ છે, એમ ન માનતાં જો કેવલ સ્વભાવવાદ માનીએ; તો બૌદ્ધનો મત અનુમત થાય. માટે પ્રયત્નનો પણ સ્વીકાર કરવો જોઇએ.

खेओ णोई रिज्जइ, केवालि जोगेहि तो विणु पमायं ।
उल्लुदयहेउपभवो, दीसइ पुण सो वितत्तुल्लो ॥ १०२ ॥

**વ્યાખ્યા**—કેવલી યોગ-પ્રમાદ વિના ખેદ ઉદીરતો નથી; પરંતુ ઉદયના હેતુ ત્યાં ઉદીરણા સરખા જોવામાં આવે છે; તેથી ખેદ ઉદીરિતના જેવો જણાયછે; પણ પરમાર્થતાએ તે ઉદીરણા કહેવાય નહિ.

भुत्तीइ सुहप्पत्ती, तं पुण जोगादुदीरियं हुज्जा ।
एसा परजुत्तिलया, एएण पकंपिआ णेआ ॥ १०३ ॥

**વ્યાખ્યા**—ભુકિત એટલે કવલાહારથી કેવલીને જે સુખ ઉત્પન્ન થાય છે, તે યોગથી ઊદીર્યું અને કેવલીને તો યોગની ઉદીર્ણા સંભવે નહિં કારણ કે તેને વેદનીયની ઉદીરણા હોતી નથી. માટે કેવલીને કવલાહાર સંભવે નહિં એવી જે પરયુકિત રૂપ વેલી તે આવી રીતે કપાઇ જાય છે, કે પ્રમાદ વિના ઊદીરણા થાયજ નહિ, એમ નિશ્ચય જાણવું.

णय दुप्पणिहाणं पिहु, केवलि जोगाण होइ भुत्तीए ।
तं रागद्दोसकयं, ते पुण तेसिं विलीणात्ति ॥ १०४ ॥

इय सत्तमाइ फासग, कोडिन्नाईण कवलभोईणं ।
णेवय दुप्पणिहाणं, सुप्पणिहाणस्स माहप्पा ॥ १०५ ॥

વ્યાખ્યા—આહારથી કેવલીના યોગને દુઃપ્રણિધાન થાય નહિ કારણ-કે યોગ દુઃપ્રણિધાન રાગદ્વેષથી થાય છે. અને તે રાગદ્વેષ તો કેવલીમાં છે નહિ, એટલા માટેજ સપ્તમાદિ ગુણુસ્થાનકે ચડેલા જે કોડિન્નાદિ મહર્ષિ—તેઓને આહાર કરતાં પણ દુઃપ્રણિધાન યોગ થતો નથી. વિધિથી આહાર કરતાં તેમને આત્મલીનતાના મહાત્મ્યથી પ્રમાદ થતો નથી; કિંતુ અપ્રમાદજ રહે છે. સાતમા ગુણુસ્થાનકે નવા વ્યાપારને‌ા આરંભ થતો નથી. પણ પૂર્વે આરંભેલા વ્યાપારની નિષ્ઠા હોય છે, જેમ દેવતાના આયુષ્યના બંધને‌ા આરંભ થતો નથી, પણ છઠ્ઠે ગુણુસ્થાનકે બાંધવા માંડેલ દેવતાનું આયુષ્ય તે બાંધતાં પણ સાતમા ગુણુસ્થાનકે બંધાય છે, માટે નવા આરંભના અભિપ્રાયેજ “ इत्येतस्मिन् गुणस्थानानि संत्या वश्यानि षट्” એમ ગુણુસ્થાનક્રમારોહ કહ્યું છે તે સંભવિત છે.

हेऊ पमत्तयाए, आहारकहवणेव आहारो ।
होज्ज उजइण इआरो, अण्णह तीए व तेणावि ॥ १०६ ॥

વ્યાખ્યા—આહારની કથા કરતાં સાધુ પ્રમત થાય છે, ત્યારે આહાર કરતાં કેમ પ્રમત્ત ન થાય? એવું પ્રભાવે કહે છે તે અયુક્ત જાણવું. કારણ કે આહારકથા પ્રમાદનું કારણ નથી. તેમ છતા જો બંને સરખા કહીએ તો જેમ આહારકથા કરતાં અતિચાર થાય છે, તેમ આહાર કરતાં પણ યતિને અતિચાર થવો જોઇએ.

णिद्दाए विण णहेउ, भुत्ती सहयारमेत्तओ तीए ।
जेण सुए णिद्दिट्ठा, पयडी सा दंसणावरणी ॥ १०७ ॥

**વ્યાખ્યા**—જો કેવલી આહાર કરતા હોય તો તેને નિદ્રા હોવી જોઇએ, એમ જે કહે છે, તે પણ અપ્રમાણ જાણવું, કારણ કે આહાર નિદ્રાનું કારણ નથી, પણ આહાર તો માત્ર નિદ્રાનો સહચારી છે. સિદ્ધાંતમાં નિદ્રાને દર્શનાવરણીયકર્મની: પ્રકૃતિ કહી છે. કારણ કે આહાર કરતા પણ કેવલીને દર્શનાવરણીયકર્મનો અભાવ છે માટે કેવલીને નિદ્રા હોતી નથી.

**णय तस्स थोवयाए, जेण अणुण्णा तओ तओ दुट्ठो ।**
**णिद्दव्व दुट्ठयाजं, णिद्दाइ पसंगओ तस्स ॥ १०८ ॥**

**વ્યાખ્યા**—શાસ્ત્રોમાં કહ્યું છે કે અલ્પ આહાર કરવો, માટે આહાર દુષ્ટ છે એમ કહેવું પણ અયોગ્ય છે, કારણકે ઘણો આહાર કરવાથી દર્શનાવરણીયકર્મના વિપાકનો ઉદય થાય છે, એટલા માટે ઘણો આહાર કરવો દુષ્ટ કહ્યો છે, પણ સ્વભાવે આહાર દુષ્ટ નથી.

**आहारो ण पमाओ, भन्नइ अववाइओत्ति काऊणं ।**
**अववाया बोलीणा, वीयभयाणं जिणाण जओ ॥ १०९ ॥**

**વ્યાખ્યા**—આહાર અપવાદ માર્ગને પ્રતિબંધ કરનારો હોવાથી પ્રમાદ રૂપ છે એમ ન કહેવું, કારણ કે વીતભય તીર્થંકરને કોઈ અપવાદ નથી. અપવાદ તો જે ઉત્સર્ગમાર્ગ કરી શકે નહિં અને ચારિત્રના ત્યાગથી ભય પામે તેને છે. જિનને તો તે ન હોય એ કેવલ પોતાની કલ્પના નથી, કારણ કે ધર્મબિંદુમાં નિરપેક્ષ યતિધર્મના અધિકારે અપવાદ ત્યાગ સૂત્ર કહેલ છે. એનો ગીતાર્થે યથાસૂત્ર વિચાર કરવો.

**पत्तं ममत्त हेऊ, जुत्तं वोत्तुं पुणो ण देहुव्व ।**
**इहरा र्णिम्मम भावो, जिणाण कह पाणिपत्ताणं ॥ ११० ॥**

**વ્યાખ્યા**—આહાર કરનારને પાત્ર રાખવા જોઇએ, અને પાત્ર

તો મમત્વનું કારણ છે એમ કહેવું નહિં, કારણ કે પાત્ર તો શરીરની જેમ ધર્મ સાધન છે, જો એમ ન માનીએ અને મમત્વનું કારણ માનીએ તો તીર્થંકર પ્રમુખ જે પાણિપાત્રી છે તેમનામાં નિર્મમત્વ કેમ સંભવે ? જો કહેશો કે બાહ્યપાત્ર મમત્વનું કારણ છે તો તે પણ અસમીચીન છે, કારણ કે જેટલું પુદગલ દ્રવ્ય છે તે સર્વ આત્માથી બાહ્ય છે માટે શું તે મમત્વનું કારણ થાય ?

**झाणं तवोवघाओ, आहारेणंति ते मई मिच्छा ।**
**जाणं सेलेसीए, तवो अ ण विसिस्स ते सिंति ॥ १११ ॥**

**વ્યાખ્યા**—જો કહેશો કે આહારથી કેવલીના ધ્યાન તથા તપનો વ્યાઘાત થાય માટે આહાર લેવો અયોગ્ય છે, તો એવું તારી મતિમાં ભાસે છે, તે પણ મિથ્યા છે, કારણ કે ધ્યાન તો શૈલેશીએ છે, પણ પૂર્વે ઉત્કર્ષતાથી દેશ ન્યુન પૂર્વકોડિ સુધી નથી, અને વિશેષતાથી કેવલીને કાંઈ તપ પણ નથી. ઠાણાંગમાં કેવલીને જે અનુત્તર તપ કહ્યું છે, તે પણ શૈલેશ્યાવસ્થાભાવ ધ્યાનરૂપ કહ્યું છે અને સોમિલના પ્રશ્નના અધિકારે શ્રી ભગવતીમાંઃ—

**" किं भंते जत्ता सोमिला, जं मे तव णियम संयम**
**सज्झाय सज्झाण वस्सयमाईसु जोएसु जयणा."**

એવું જે કહ્યું છે ત્યાં પણ તપનું ફળ છે, માટે ઉપચારથી તપ કહેવામાં આવ્યું છે.

**ओरालिय देहस्स य, ठिई अवुड्डीयणो विणाहारं ।**
**तेणं पिअ केवलिणो, कवलाहारित्ताणं जुत्तं ॥ ११२ ॥**

**વ્યાખ્યા**—ઔદારિક શરીરની સ્થિતિ તથા તેની વૃદ્ધિ આહાર વિના થતી નથી, માટે કેવલીને કવલહારયુક્ત છે.

**परमोरा लिअदेहो, केवलिणं नणु हवेज्ज मोहखए ।**
**रुहिराइ धाउ राहिओ, तेअमओ अप्पमपडलुव्व ॥ ११३ ॥**

**વ્યાખ્યા**—પૂર્વપક્ષી શંકા કરે છે, કે મોહનીયકર્મના **ક્ષયથી** કેવલીને પરમૌદારિક શરીર હોય છે. તે રૂધિરાદિ સપ્ત ધાતુ રહિત તથા પરમ પવિત્ર હોય છે. અને ભોડલના પડલની જેમ કેવલ તેજ મય હોય છે. એવા શરીરને કવલાહારની અપેક્ષા નથી.

ઉકત આશંકાનું સમાધાન કરે છે કેઃ–

**संघयणणामपगई, केवलिदेहस्स धाउराहियत्ते ।**
**पोग्गल विवागिणी कह, अतारिसे पोग्गले होऊ ॥ ११४ ॥**

**વ્યાખ્યાઃ**—કેવલીના શરીરને જો સપ્તધાતુ રહિત કહીએ તો તેને વજ્રઋષભનારાચ સંઘયણ નામ કર્મપ્રકૃતિનો ઉદય કેમ થાય? કારણ કે તે પ્રકૃતિ તો પુદ્‌ગલવિપાકની છે અને તે અસ્થીપુદગલને વિષેજ વિપાક દેખાડે છે. જો દૃઢ સંસ્થાન માત્ર પુદ્‌ગલમાં તે વિપાક દેખાડતી હોય તો દેવતાને પણ વજ્રઋષભનારાચ સંઘયણ કહેવું પડશે.

**मोह विलएण नाणं, णामुदया चेव तस्स पारम्मं ।**
**तो वण्णाइविसेसो, तं होऊण धाउरहियत्तं ॥ ११५ ॥**

**વ્યાખ્યા**—મોહનીયકર્મના વિલયથી કેવલીને કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે, પણ તેમના શરીરમાં કાંઈ વિશેષપણું થતું નથી. શરીરનામકર્મના ઉદયથીજ શરીરમાં વિશેષતા થાય છે. માટે કેવલીના શરીરમાં પુણ્ય પ્રકૃતિના માહાત્મ્યથી વર્ણ, ગતિ, સારસત્વાદિકની વિશેષતા યુકતજ છે, પરંતુ ધાતુ રહિત પણું થાય નહિ. એટલા માટે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

**" संघयणरुव संठा, ण वन्नगइसारसत्त ऊसासा ।**
**एमा इणुत्तराइं, हवंति णामोदया तस्स " ॥**

તેમ છતાં જે કેવલીના શરીરમાં અસ્થ્યાદિ પુદ્ગલ પલટીને અન્ય વિશેષજ પુદ્ગલ ઉત્પન્ન થાય છે—એવી કલ્પનાઓ કરવી—તે દૃષ્ટિ વિપરીત હોવાથી અયોગ્ય છે. કારણ કે પુણ્ય પ્રકૃતિનો ઉદય થવાથી તથાવિધ લબ્ધિને લીધે શરીરવર્ણાદિક વિશેષ દૃઢ હોય છે, એમ જાણવું.

**ओरालिअत्तणेणं, तह परमोरालिअंवि केवलिणो ।**
**कवलाहारावेक्खं, ठिइं च वुड्ढिं च पाउणई ॥ ११६ ॥**

વ્યાખ્યા—તીર્થંકરનું શરીર જો પરમૌદારિક હોય તો પણ તેને કવલાહાર, સાપેક્ષજ સ્થિતિ તથા વૃદ્ધિનો અનુભવ થાય. કારણ કે સામાન્ય પણે ઔદારિક શરીરમાં એવો નિયમ ગ્રહ્યો છે કે આહાર વિના શરીરની સ્થિતિ હોયજ નહિ.

**णय मइनाण पसत्ती, कवलाहारेण होइ केवलिणो ।**
**पुप्फाईअं विसयं, अण्ण हधाणाइ गिह्निज्जा ॥ ११७ ॥**

વ્યાખ્યા—જો કેવલી આહાર કરે તો તેના આસ્વાદથી રસનાનું મતિજ્ઞાન થાય નહિ, જો એમ માનીએ તો સમવસરણની ભૂમિકામાં જાનુ પ્રમાણ ફૂલ પાથરેલા હોવાથી તેના પરિમલથી ઘ્રાણેંદ્રિયનું મતિજ્ઞાન કેમ ન થાય? વળી આસ્વાદ વિના તૃપ્તિ થાય નહિ, એમ પણ ન કહેવું, કારણ કે રતિરૂપ તૃપ્તિ થતી ન હોય તો તે અમારે પણ ઈષ્ટ છે; પરંતુ ક્ષુધા નાશરૂપ તૃપ્તિ તો આહાર વિના થાયજ નહીં.

**इरिआ वहिआ किरिआ, कवलाहारेण जइण केवलिणो ।**
**गमणाइणा वि नहवे, सा किं तुहपाण पिहियत्ति ॥ ११८ ॥**

વ્યાખ્યા—જો કહેશો કેવલીને કવલાહાર કરતાં ઇરિયાવહિકી ક્રિયા લાગે છે, તો ગમનાગમનાદિક ક્રિયાથી કેવલીને ઇરિયાવહિયા

ક્રિયા કેમ ન લાગે? માટે જે કેવલીને ગમનાદિક ક્રિયા છે, તેમ ભોજનક્રિયા પણ જાણવી. એમ પ્રથમજ કહ્યું છે.

**ण य परुवयारहाणी, तेण सया जोग्गसमयाणियएण ।**

**ण य वाहिसमुप्पत्ती, हिअमिअआहारगहणाओ ॥ ११९ ॥**

**વ્યાખ્યા**—કેવલી જો કવલાહાર કરે તો ધર્મોપદેશમાં અંતરાય પડે અને તેથી પરોપકારની હાનિ થાય, એમ પણ કહેવું ન જોઇએ; કારણ કે તે તૃતીય પ્રહરમાં મુહૂર્ત માત્ર નિયત સમયેજ આહાર કરે છે, તેથી બાકીનો સર્વ કાળ ઉપદેશને અર્થે રહે છે. જો કહેશો કે કેવલી આહાર કરે તો શૂલાદિક વ્યાધિ ઉત્પન્ન થવાનો સંભવ રહે, તો એ કલ્પના પણ વ્યર્થ છે; કારણ કે તે સારી રીતે જાણીને અભિષ્વંગ-પરિણામ રહિત હિત અને મિતાહારજ કરે છે. માટે તેમાં શૂલાદિકનો સંભવ થાય નહિ અને એથી તેમાં રાગની પણ કલ્પના થાય નહિ.

**ण पुरीसाइ दुगंछिय मेसिं णिद्दड्ढमोहबीआणं ।**

**अइसयओ न परेसिं, विवित्तदेसे विहाणाय ॥ १२० ॥**

**વ્યાખ્યા**—જો કહેશો કે કેવલી આહાર કરે તો તેથી વડિનીતિ પ્રમુખ કરવી જોઇએ અને તે તો દુગંછાનું કારણ છે, એમ પણ ન કહેવું. કારણ કે દુગંછાનું મૂળ મોહનીયકર્મ છે, તેનું તો પ્રથમથીજ ઉન્મૂલન કરેલું છે, અને તીર્થંકરનો એવો અતિશય હોય છે કે તેમના આહાર કે નિહારના વિધિને કોઈ જોઇ શકે નહિ, એ કારણ માટે બીજાને પણ દુગંછા ઉત્પન્ન થાય નહિ. વળી સામાન્ય કેવળી એકાંતે નિહાર કરે તેથી પણ બીજા કોઇને દુગંછા ઉત્પન્ન થાય-નહિં અહીં પૂર્વપક્ષી કહે છે કે તીર્થંકરને પૂર્વે પણ નિહાર હોય નહિ, તો પછી તે કેમ સંભવે? કારણ કે:—

**"तित्थयरतप्पियरो, हलधरचक्की य वासुदेवा य ।**

**मणुआण भोगभूमि, आहारो णत्थि णीहारो" ॥**

આતો કોઇ અપૂર્વજ મત છે; કારણ કે શાસ્ત્રોમાં એવો કોઇ અતિશય કહ્યો નથી. તેમ એવી ઉદરાગ્નિ પણ નથી કે જેથી નિહારનો અભાવ થાય. તેમ છતાં જો એ વાત સાચી માનીએ તો ભસ્મક વ્યાધિની જેમ તે દોષરૂપ થશે. ખલરસીકૃત આહાર માત્ર જો ભસ્મ થાય તો પૂર્વે કેમ ન થાય? માટે તે કેવલ આપ રૂચિ માત્ર છે.

**जो पुण भुत्तिअभावो, केवलिणो अइसओ त्ति जंपेइ ।**
**सो वायामित्तेणं, साहेउ सुहं खपुप्फं पि ॥ १२१ ॥**

વ્યાખ્યા—જો કહેશો કે-કેવલીને જે ભુક્તિનો અભાવ છે, તે અતિશય જાણવો. તો એમ કહેવાથી તમે પોતે પોતાના વચનથી અછતી વસ્તુને છતી કરો છો અને ત્યારે આકાશમાં પણ પુષ્પ છે-એમ કહેશો; તોપણ કોણ ના કહેનાર છે? પણ એ વચનો સપ્રમાણ ન કહેવાય.

**एवं कवलाहारो, जुत्तीहिं समत्थिओ जिणवराणं ।**
**पुव्वायरिएहिं जहा, तहेव लेसेण उवइट्ठो ॥ १२२ ॥**

વ્યાખ્યા—એમ જે પ્રકારે પૂર્વાચાર્યોએ કેવલીમાં કવલાહારની સમર્થના કરી છે, તે પ્રકારેજ એમ અહીં લેશ માત્ર કહ્યું છે.

**तेणं केवलनाणी, कयकिच्चो चेव कवलभोई वि ।**
**नाणाईण गुणाणं, पडिघायाभावओ सिद्धो ॥ १२३ ॥**

વ્યાખ્યા—માટે કેવલી કવલાહાર કરતા છતાં પણ કૃતકૃત્યજ છે; કારણ કે જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા વીર્યગુણને સ્વભાવપરાવૃત્તિ એટલે પાછલ હઠવારૂપ પ્રતિઘાત નથી. જ્ઞાનાદિકગુણ સંપૂર્ણ સિદ્ધજ હોય છે. માટે તે સર્વથા કૃતકૃત્ય તો સિદ્ધજ છે, એમ કહેવું જોઇએ; તથાપિ જ્ઞાનાદિગુણ ચતુષ્ટયની વિશુદ્ધતાને લીધે કેવલીને દેશકૃતકૃત્ય કહેતાં પણ કાંઇ વિરોધ આવે નહિ.

नाणस्स विसुद्धीए, अप्पा एगंतओ ण संसुद्धो ।
जम्हा नाणं अप्पा, अप्पा नाणं व अण्णं वा ॥ १२४ ॥

**વ્યાખ્યા**—જો કહેશો કે-આત્મા જ્ઞાનરૂપ છે, તેથી જ્ઞાનની એકાંત શુદ્ધતાને લીધે આત્મા પણ એકાંત શુદ્ધ થાય છે-એમ ન કહેવું. કારણ કે જ્ઞાન-તે આત્મસ્વરૂપજ હોય છે અને આત્મા વિના જ્ઞાનને રહેવાપણું નથી. આત્મા-તે જ્ઞાન સ્વરૂપ પણ હોય છે અને તદન્યસ્વરૂપ પણ હોય છે. એ હેતુથી કેવલી જ્ઞાનાદિક ગુણના સ્વભાવે શુદ્ધ પણ છે, અને અવ્યાબાધાદિ ગુણના સ્વભાવે અશુદ્ધ પણ છે-એમ જાણવું.

एवं परमप्पत्तं, नाणाइदुवारगं मुणेअव्वं ।
सव्वह परमप्पत्तं, सिद्धाणं चेव संसिद्धं ॥ १२५ ॥

**વ્યાખ્યા**—એવી રીતે કેવલીને પરમાત્માપણું જ્ઞાનાદિગુણે કરી દેશથીજ જાણવું-સર્વથા પરમાત્મા તો સિદ્ધજ કહેવાય. માટે આઠ દોષના વિરહથી આઠ ગુણ તેનેજ પ્રગટ થાય છે. આત્મા ત્રણ પ્રકારનો હોય છે-એક બાહ્યાત્મા, બીજો અંતરાત્મા અને ત્રીજો પરમાત્મા. આત્મબુદ્ધિથી જે કાયાદિકનું ગ્રહણ થાય છે-તે બાહ્યાત્મા કહેવાય. શરીરાદિકનો અધિષ્ઠાતા ચેતન-તે અંતરાત્મા કહેવાય અને સર્વ ઉપાધિ રહિત શુદ્ધ આનંદમય-તે પરમાત્મા કહેવાય. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે:—

" आत्मधिया समुपात्तकायादिः कीर्त्यते अत्र बहिरात्मा, कायदेशमधिष्ठायको भवत्यन्तरात्मा, चिद्रुपानन्दमयस्तु निःशेषोपाधिवर्जितः शुद्धः अप्रत्यक्षोऽनन्तगुणः परमात्मा कीर्त्तितस्तज्ज्ञैरिति"॥

વળી કેટલાએક એમ કહે છે કે-જે મિથ્યાત્વાદિ પરિણામવાન્ હોય-તે બાહ્યાત્મા કહેવાય. જે સમ્યક્ત્વાદિ પરિણામવાન્ હોય-તે

અંતરાત્મા કહેવાય અને જે કેવલ જ્ઞાનનિધાન હોય–તે પરમાત્મા કહેવાય. મિથ્યાત્વાદિ ત્રણ ગુણસ્થાનક સુધી બાહ્યાત્મા કહેવાય છે. **અવિરતિસમ્યગ્દષ્ટિ** નામના ચોથા ગુણસ્થાનકથી લઇને **ક્ષીણમોહ** નામના બારમા ગુણસ્થાનક સુધી અંતરાત્મા કહેવાય છે. માટે મિથ્યાદષ્ટિને પણ નિશ્ચયથી સમ્યગ્દર્શન તથા કેવલજ્ઞાન છે–તે શકિતથી અંતરાત્મતા તથા પરમાત્મતાને પામે છે, કારણ કે અવિરતિ સમ્યગ્દષ્ટયાદિકને પણ નિશ્ચયથી કેવલજ્ઞાન છે અને બાહ્યાત્મા–તે ભૂતપૂર્વ નયથી કહેવાય છે; કારણકે તેને મિથ્યાદર્શન–પર્યાય પૂર્વે થયા છે. જેમ મધુથી ભરેલા ઘટમાંથી મધુ કહાડી લીધા પછી પણ મધુઘટ કહેવાય છે–તે ન્યાય અહીં પણ સમજી લેવો, વ્યકત રીતે પરમાત્મા, બાહ્યાત્મા તથા અંતરાત્મા પૂર્વભૂતનયથી કહેવાય છે; કારણ કે તેને મિથ્યાદર્શન તથા સમ્યકત્વદષ્ટયાદિ–એ બંને પર્યાય પૂર્વે થયા છે.

**तस्स य सहावसिद्धा, किरिआ गुणकरण जोगमहिगिच्च ।**
**कम्मुवणीआ वि हवे, जुंजणकरणं तु अहिगिच्च ॥ १२६ ॥**

**વ્યાખ્યા**—તે કેવલીને ગુણકરણ આશ્રી સ્વભાવસિદ્ધ ક્રિય હોય છે. તેને કેવલજ્ઞાનાદિ ગુણપર્યાય ઉપજતાં આત્માથી અન્ય કર્માદિ કારણની અપેક્ષા નથી. કાલ–સ્વભાવાદિકે તેના કારણપણે સર્વ આત્માંતર્ભૂત છે. મનોવાક્કાયરૂપ યુંજના કારણ આશ્રીને કેવલીને કર્મોપનીત ક્રિયા પણ થાય છે, માટે તે અંશે કરી કેવલ સ્વભાવસિદ્ધ ક્રિયાજ નથી.

**अह सो सेलेसीए, झाणानलदड्ढसयलकम्ममलो ।**
**कणगं व सव्वह च्चिय, लद्धसहावो हवइ सिद्धो ॥ १२७ ॥**

**વ્યાખ્યા**—હવે કેવલી શૈલેશીઅવસ્થામાં શુકલધ્યાનરૂપ અગ્નિથી સર્વ કર્મરૂપ મલને દગ્ધ કરીને અગ્નિથી નિર્મલ કરેલા

સુવર્ણની જેમ સર્વથા લબ્ધસ્વભાવ થઈને સિદ્ધત્વપર્યાયનો ભજનાર થાય છે.

**तस्स वरनाणदंसणवरसुहसंमत्तचरणनिच्चठिई ।**
**अवगाहणा अणंता, मुत्ताणं थई अविरियं च ॥ १२८ ॥**

**नाणावरणाईणं, कम्माणं अट्ठ जे ठिया दोसा ।**
**तेसु गएसु पणासं, एए अट्ठ वि गुणा जाया ॥ १२९ ॥**

વ્યાખ્યા—જ્ઞાનાવરણીયાદિક આઠકર્મથી જીવને અજ્ઞાનાદિક દોષ હોય છે-તે નાશ પામ્યા પછી સિદ્ધને આ પ્રમાણે આઠ ગુણો પ્રાપ્ત થાય છે. પહેલો જ્ઞાનાવરણીયકર્મના ક્ષયથી અનંત કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે. બીજો દર્શનાવરણીયકર્મના ક્ષયથી અનંત કેવલદર્શન ઉત્પન્ન થાય છે. ત્રીજો વેદનીયકર્મના ક્ષયથી અવ્યાબાધપણું ઉત્પન્ન થાય છે અને ચોથા મોહનીકર્મના ક્ષયથી ક્ષાયિકસમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. તેમજ ક્ષાયિકચારિત્ર ઉત્પન્ન થાય છે. પાંચમો આયુઃકર્મના ક્ષયથી અક્ષય સ્થિતિ ઉત્પન્ન થાય છે. છઠ્ઠો નામકર્મ તથા ગોત્રકર્મ-એ બંનેનો ક્ષય થવાથી એક સિદ્ધાવગાહક સ્થાનમાં ક્ષીરશર્કરાની જેમ અનંતસિદ્ધાવગાહના ઉત્પન્ન થાય છે. અહીં મોહનીયકર્મના ક્ષયથી બે ગુણ ઉત્પન્ન થાય છે એમ કહ્યું-તથા નામ અને ગોત્ર-એ બે કર્મના ક્ષયથી એકજ ગુણ ઉત્પન્ન થાય છે-એમ કહ્યું છે-અહીં સ્વપરિભાષાજ શરણ છે.

**थिरयावगाहणाओ, पत्तेअं नाम गोत्तकम्मक्खए ।**
**चरणं वि अ मोहक्खए, इअ अट्ठ गुण त्ति बिंति परे ॥१३०॥**

વ્યાખ્યા—કેટલાએક મોહનીયકર્મના ક્ષયથી એકજ ચારિત્ર ગુણ માને છે તથા નામકર્મના ક્ષયથી આત્મપ્રદેશસ્થિરતારૂપ ગુણ કહે છે; તેમજ ગોત્રકર્મના ક્ષયથી અવગાહના-ગુણ માને છે.

જે આચાર્યે સિદ્ધને ચારિત્ર ગુણ નથી માનતા, તે સૂત્રનું અવલંબન કરીને પૂર્વપક્ષ કરે છેઃ—

**नणु सिद्धांते सिद्धो, णो चारित्ती अणो अचारित्ती।**
**भणिओ तो तस्स गुणो, चारित्तं जुज्जए कम्हा ?॥**
**(भणिओ ववहारणया, णिच्छओ होइ चारित्ती॥ १३१॥**

**વ્યાખ્યા**—"**सिद्धेणो चारित्तीणोअचारित्ती**" એ સૂત્રમાં સિદ્ધને ચારિત્રીનો અચારિત્રી કહ્યો છે, એવું વચન તો ચારિત્ર ન હોય તો સંભવે. જેમ ભવ્યત્વ ન હોવાથી ભવ્યત્વને ઠેકાણે અભવ્યત્વ કહેવાય છે તેમ છતાં સિદ્ધના ગુણોમાં ચારિત્રની ગણના કેમ કરી છે ?

અહીં કોઇ એક એ સૂત્રનું સમાધાન કરે છે કેઃ—

**नणु इह देसणिसेहे, णो सद्दो तेण तस्स देसस्स।**
**अत्थु णिसेहो किरिया, रूवस्स ण सत्तिरूवस्स॥ १३२॥**

**વ્યાખ્યા**—'**णो चारित्रीणो अचारित्री**' એ વાકયમાંના નો શબ્દથી દેશનો નિષેધ થાય છે. એટલે ચારિત્ર બે પ્રકારનું હોય છે. એક ક્રિયારૂપ અને બીજું પરિણામરૂપ. તેમા ક્રિયારૂપ ચારિત્રનો સિદ્ધમાં નિષેધ છે; પણ શક્તિરૂપ ચારિત્રનો નિષેધ નથી–એમ જાણવું.

અહીં કેવલીમાં ક્રિયારૂપ ચારિત્ર છે પરંતુ શક્તિરૂપ ચારિત્ર નથી–એમ કહેવું નહિ. તે કહે છેઃ—

**जइ किरियारूवं चिय, चारित्तं णेव णायपरिणामो।**
**तो किरियारूवं चिअ, सम्मत्तं णायपरिणामो॥ १३३॥**

**વ્યાખ્યા**—જે પ્રેક્ષોત્પ્રેક્ષાદિ ક્રિયા છે–તે ચારિત્ર કહેવાય–અને તદુપયોગરૂપ ચારિત્ર–તે ભાવચારિત્ર કહેવાય. ભાવચારિત્ર જ્ઞાનરૂપજ

છે. ત્યારે નિઃશંકતાદ્યાચારરૂપ ક્રિયા--તે સમ્યકત્વ કહેવાય; અને શ્રદ્ધાનપરિણામ-તે જ્ઞાન કહેવાય--એમ નિર્ણય કરતાં જ્ઞાન તથા દર્શનનો ભેદ થાય નહિ. જયારે આત્મગુણરૂપ સમ્યકત્વ છે, ત્યારે ચારિત્ર પણ આત્મગુણરૂપ કેમ ન કહેવાય? એટલા માટે મરૂદેવાદિકને બાહ્યાચાર વિના પણ ચારિત્ર સંભવે છે.

**" इहभविए भंते ! चरित्ते परभविए चरित्ते, तदुभयभविए चरित्ते ? गोयमा, ! इहभविए चरित्ते, णो परभविए चरित्ते, णो तदुभयभविए चरित्ते " ॥**

એવાં ભગવતીસૂત્રનાં વચનોથી ચારિત્ર ભવાનનુગામિ કહ્યું છે. માટે મોક્ષમાં ચારિત્ર સંભવે નહિ એમ-જે કહે છે તેનું આવી રીતે સમાધાન કરે છે કે—

**जं पुण तं इहभविअं, तं किरियारूवमेव णेयव्वं ।**
**अहवा भवो ण मुक्खो, णो तम्मि भवे इअं अहवा ॥१३४॥**

**વ્યાખ્યા**—જે ચારિત્ર ઇહભવિક કહ્યું છે તે ક્રિયારૂપ જાણવું અને બીજું જે મોહનીયકર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે, તે ચારિત્ર મોક્ષમાં હોય છે. તેની અમો પણ ના કહેતા નથી, અથવા મોક્ષની ભવમાં વિવક્ષા કરી નથી માટે ઇહભવિક ચારિત્ર કહ્યું છે. અથવા મોક્ષમાં ચારિત્ર તો છે, પરંતુ કર્મ નિર્જરારૂપ ત્યાં પ્રયોજન નથી. તેથીજ ઇહભવિક કહ્યું છે.

**ण य मोक्खसुहे लद्धे, तयणुट्ठाणस्स हंदि वेफल्लं ।**
**तक्कारणस्स इहरा, नाणस्स वि होइ वेफल्लं ॥ १३५ ॥**

**વ્યાખ્યા**—ચારિત્રનું ફલ મોક્ષ છે. તે પામ્યા પછી ચારિત્ર રહેતું નથી એમ કહેવું નહિ. અન્યથા જ્ઞાનનું ફલ વિરતિ છે, તો તે

પામ્યા પછી જ્ઞાન પણ સંભવે નહિ. જ્યારે સિદ્ધને જ્ઞાનનું ફલ નિશ્ચયથી લોકાલોક પ્રકાશરૂપ છે ત્યારે ચારિત્રનું ફળ પણ નિશ્ચયથી શુદ્ધાત્મ સ્વભાવાનુભવલક્ષણ રૂપ શા માટે ન હોય ?

णेव पईण्णाभंगो, अहियावहि पूरणम्मि चरणस्स ।
स वा किरियारूवे, सुअकरणे जं करेमि त्ति ॥ १३६ ॥

**વ્યાખ્યા**--સિદ્ધને જો ચારિત્ર માનીએ તો યાવજ્જીવતાની પ્રતિજ્ઞાનો ભંગ થશે, એમ પણ ન કહેવું, કારણ કે ઓછા કાલે પ્રતિજ્ઞાનો ભંગ થાય છે, પણ અધિકકાલે પ્રતિજ્ઞાનો ભંગ ન થાય અથવા તે પ્રતિજ્ઞા ક્રિયારૂપ ચારિત્રનીજ જાણવી. કારણ કે '**करेमि भंते**' એ સૂત્ર શ્રુત કરણાર્થે કહેલ છે. શ્રુતકરણ યુંજના કરણરૂપ ચારિતજ અવલંબીને પ્રવર્તે છે, ગુણરૂપ ચારિત્ર તે આત્મ સ્વરૂપ છે અને મોહ-વિરહથી તેનો આવિર્ભાવ માત્ર થાય છે.

अह चरणमणुट्ठाणं, तं ण सरीरं विणु त्ति जइ बुद्धी ।
तेण विणा नाणाई, ता तस्स हेऊअं पत्तं ॥ १३७ ॥

**વ્યાખ્યા**—ચારિત્ર અનુષ્ઠાન રૂપછે, માટે તે શરીર વિના સિદ્ધમાં સંભવે નહિ, એમ જો કહીએ તો શરીર વિના જ્ઞાનાદિક પણ સિદ્ધને વિષે કેમ સંભવે ? પૂર્વાવસ્થામાં શરીરથી ઉત્પન્ન થયેલા જ્ઞાનાદિકના નાશના કારણ વિના સિદ્ધને ધ્રુવ કહીએ.

किरिया खलु ओदयिगी, खइअं चरणं वि दोण्हमह भेओ ।
सा तेण बज्झचरणं, बज्झंतरियं तु परिणामो ॥ १३८ ॥

**વ્યાખ્યા**—બીજું ક્રિયા તે શરીરનામકર્મના ઉદયથી છે, શરીર વિના ક્રિયા થાય નહિ. શરીરથી ચારિત્ર રૂપ ક્રિયા થાય છે–તે બાહ્ય ચારિત્ર કહેવાય છે. એવા બાહ્યચારિત્રરૂપ શુદ્ધજૈનસમાચારીરૂપ ક્રિયાનું સેવન કરીને અભવ્ય જીવ પણ નવમા ગ્રૈવેયક સુધી જાય

છે. એવો બાહ્યચારિત્રનો મહિમા છે, અને કેવલીને તો ક્ષાયિક ચારિત્ર કહ્યું છે; માટે તે બાહ્ય ચારિત્રકહેવાય નહિ, કિંતુ તે શુદ્ધ આત્મ પરિણામ રૂપ હોવાથી અંતરંગ ચારિત્ર કહેવાય.

आया खलु सामा इय, आया सामाइअस्स अट्ठोत्ति ।
तेणेव इमं सुत्तं, भासइ तं आयपरिणामं ॥ १३९ ॥

વ્યાખ્યા—' आया सामाईए आया सामाइयस्सअट्ठे ' એ સૂત્ર પણ ચારિત્રને આત્મ પરિણામ રૂપજ કહે છે, પરંતુ બાહ્ય ક્રિયારૂપ નથી કહેતા.

णय खइअं वि चरित्तं, जोगिणि रोहेण तं विलयमेई ।
अण्णह विहलं पत्तो, विरहो चारित्त मोहस्स ॥ १४० ॥

વ્યાખ્યા—કેવલીને જે ક્ષાયિક ચારિત્ર ઉત્પન્ન થાય છે, તે જ્યારે યોગનો નિરોધ કરીને મોક્ષને વિષે ગમન કરે છે, તેના પ્રથમ સમયમાં તેનો નાશ થાય છે, એમ કહેવું નહિં; કારણ કે ક્ષાયિક ભાવનો નાશ થતોજ નથી. જો એમ ન માનીએ અને ક્ષાયિક ભાવનો નાશ માનીએ, તો ચારિત્રમોહનીયકર્મનો નાશ કહેવાશે નહિ. તેમ છતાં બલાત્કારથી નાશ અંગીકાર કરશું, તો પણ તે નિરર્થક થશે. કારણ કે ચારિત્રમોહનીયકર્મના નાશથી ક્ષાયિક ભાવ તો ઉત્પન્ન થયો નહિ, ત્યારે એ નાશપણું શા કામનું ? જેમ જ્ઞાનાવરણીયકર્મના નાશનું ફલ કેવલજ્ઞાન છે, તેમ ચારિત્રમોહનીય ર્મના નાશનું ફલ યથાખ્યાત ચારિત્ર છે. તે જો સિદ્ધમાં ન હોય, તો મોહનીયકર્મનો નાશ નિષ્ફલ કહેવાશે.

तेणं सुद्धुवओगे, चरणं नाणाउ दंसणामि वअं ।
कारणकज्जविभागा, संततमिय किं न सिद्धेसु ॥ १४१ ॥

વ્યાખ્યા—તે કારણ માટે શુદ્ધોપયોગરૂપ ચારિત્ર યદ્યપિ ઉપયોગરૂપતા જ્ઞાનથી અન્યથા છે, તથાપિ તેઓમાં કાર્ય–કારણભાવ ભેદ છે. જ્ઞાન ચારિત્રનું કારણ છે, તેમ ચારિત્ર જ્ઞાનનું કારણ છે. જેમ સમ્યક્ત્વ તથા જ્ઞાનના વિષયોમાં ભેદ નથી, અર્થાત્ બંનેનો એકજ વિષય છે, તથાપિ તત્વરોચકરૂપ તે જ્ઞાન કહેવાય છે અને તત્વરૂચિરૂપ તે સમ્યક્ત્વ કહેવાય છે, એવો બંનેનો ભેદ છે, તેમ જ્ઞાન અને ચારિત્રનો પણ ભેદ જાણવો. તેમજ જ્ઞાનાવરણીયાદિક કર્મોનો ભેદ પણ સંભવે છે. એવી રીતે જ્ઞાનથી અન્ય ચારિત્ર ઉપયોગરૂપને જ્ઞાનથી અનન્ય અનેકાંત સ્વરૂપ સિદ્ધમાં કેમ ન થાય ?

અહીં એ પ્રમાણે સિદ્ધમાં ચારિત્રની સમર્થના, કરી તે ઉપર સિદ્ધાંતપક્ષને અવલંબીને પૂર્વપક્ષી સમાધાન કરે છેઃ—

**एत्थ समाहाणविही, जो मूलगुणेसु हुज्ज थिरभावे ।**
**सो परिणामो किरिआ, जुंजणकरणं पडिच्छं तो ॥ १४२ ॥**

વ્યાખ્યા—મૂલગુણમાં જે સ્થિરભાવ રૂપ છે, તેજ ચારિત્ર ક્રિયા રૂપ કહેવું. કારણ કે તે મનોવાક્કાયયોગરૂપ યુંજના કરણની અપેક્ષા કરે છે. કોઇ પૂછે કે–એમ કહેવાથી વીર્યરૂપ ચારિત્ર થાય, તે સંભવે નહિ. જેમ જ્ઞાનાચારાદિકથી જ્ઞાનાદિક અન્ય છે, તેમ ચારિત્રાચારથી ચારિત્ર પણ અન્યજ સંભવે. તેને એમ કહેવું કે, જો એમ કહીએ તો વિર્યાચારથી વીર્ય પણ કેમ અન્ય ન કહિએ જો કહેશો કે, યોગ રૂપ ચારિત્ર હોય તો તે ઉપશમિક ભાવે કેમ થાય ? કારણ કે યોગ તે નામકર્મના ઉદયિક ભાવે વર્તે છે. ઉપશમિક ભાવ તો મોહ વિના અન્ય કર્મનો થાયજ નહિ. એમ પણ ન કહેવું. કારણ કે યોગ પરિણામ વિશેષ પણ ચારિત્ર મોહનીય કર્મના ઉપશમાદિકની નિયમે કરી અપેક્ષા કરે છે, તે ઉપશમાદિક ભાવેજ કહીએ. કારણ કે પ્રધાનની અપેક્ષાએ વ્યવહાર હોય છે.

એટલા માટે ઇંદ્રિય પર્યાપ્તિ ઉદયજન્ય પણ ઇંદ્રિય પ્રધાનની અપેક્ષાએ શાસ્ત્રમાં ક્ષાયોપશમિક કહેવાય છે.

**अण्णह वक्कजडाणं, चंडाणं चंडरुद्दपभईणं ।**
**नेणसिया चारित्तं, सुद्धुवओगोत्ति काऊणं ॥ १४३ ॥**

વ્યાખ્યા—જો યોગ સ્થૈર્યરૂપ ચરિત્ર ન કહીએ, અને શુદ્ધોપયોગ રૂપ ચારિત્ર કહીયે તો વક્ર જડને ચારિત્ર કેમ સંભવે? કારણ કે તેને તથાવિધ માયા તે અશુભ યોગ રૂપ છે. અને તેતો શુધોપયોગનો ભેદ છે. તથા ક્રોધ મોહનીયકર્મના પરવશે જે ચંડરૂદ્રાચાર્યાદિક સહજ કોપનશીલ છે, તેને પણ ચારિત્ર કેમ સંભવે? કારણ કે તેને પણ અશુભોપયોગછે. મૂલ ગુણમાં યોગ સ્થૈર્ય તે તેને પણ સંભવે. જેમ વજ્ર અગ્નિથી ઉષ્ણ થાય, તો પણ વજ્રપણું મૂકે નહિ, તેમ તથાવિધ કષાયથી અસ્થિરતા પણ કષાય પરિણુતિરૂપ પ્રમાદ તેને થાય, તો પણ યોગ સ્થૈર્યનો ઘાત થાય નહિ. જો યોગ ક્રિયારૂપ ચારિત્ર કહીએ, તો તે મરૂદેવાદિકને કેમ સંભવે? એવો સંદેહ પણ ન કરવો. કારણ કે મરૂદેવાદિકને પણ સંસાર નિવૃત્તિરૂપ મનોયોગ પરિણુતિયુકત છે. કહ્યું છે કેઃ—

**" भगवद्दर्शनानंद–योगस्थैर्यमुपेयुषः ।**
**केवलज्ञानमम्लान–माससाद तथैव सा " ॥ १ ॥**

આ પ્રમાણે યોગશાસ્ત્રની વૃત્તિમાં કહ્યું છે.

**चरणं जइ उवओगो, जिणाण ता हुंति तिन्नि उवओगा ।**
**दोसु अअंतप्भावे, त तिअस्स पकप्पणा मोहा ॥ १४४ ॥**

વ્યાખ્યા—જો શુદ્ધોપયોગ રૂપ ચારિત્ર કહીએ, તો કેવલીને

જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ અને ચારિત્રોપયોગ એ ત્રણ ઉપયોગ હોવા જોઇએ. એમ સામાન્યથી પણ તેર ઉપયોગ થવા જોઇએ. અને શાસ્ત્રોમાં તો બાર ઉપયોગ કહ્યા છે. જ્ઞાન તથા દર્શનમાંજ ચારિત્ર મેળવીએ, તો ત્રીજું કયું ચારિત્ર કહીશું ? જે કહિએ, તે પ્રયાસ માત્ર થાય. જો સાકારોપયોગ ચારિત્ર મેળવીએ, તો સાકારોપયોગના આઠ ભેદ પણ સંભવે. ઉપયોગરૂપ ચારિત્ર માનતાં એવા અનેક દોષ સંભવે છે.

જો વીર્યરૂપ ચારિત્ર કહીએ, તો પણ શૈલેશિઅવસ્થામાં તે કેમ સંભવે ? કારણ કે તે સમયમાં પ્રવૃત્તિ રૂપ વિર્ય નથી. એમ જે કહે છે તેનું સમાધાન કરે છે કેઃ—

सेलेसीए जत्तो, णिवित्तिरूवोसे चेव थिरभावो ।
णय सो सिद्धाणं पिय, जं तेसिं वीरिअं णत्थि ॥ १४५ ॥

વ્યાખ્યા—શૈલેશી અવસ્થામાં યદ્યપિ યત્નરૂપ નથી, તથાપિ યોગનિરોધથી નિવૃત્તિરૂપ યત્ન છેજ, અને તેજ પરમ સ્થિરભાવરૂપ ચારિત્ર છે. તે સ્થિરભાવ સિદ્ધને નથી, કારણકે તેને વીર્ય નથી, માટે ચારિત્રને દાનાદિક પાંચ લબ્ધિએ ક્ષાયિક ભાવ સાદિ શાંત કહ્યા છે, તથા સૂત્રમાં પણ સિદ્ધ અવીર્ય કહ્યા છે.

જો ચારિત્ર ક્રિયારૂપ કહીએ, તો અક્રિયા મોક્ષકારણ કહી કેમ સંભવે ? કારણ કેઃ—

“ साणं भंते अकिरिआ किं फला गोयमा, सिद्धगमणपज्जवसाण फला पन्नत्ता ” ॥એવું જે કહે છે, તેનું સમાધાન કરે છેઃ—

अंते अ अंत किरिआ, सैलेसी अकिरियति एगट्ठा ।
नाण किरिआहि मोरको, एत्तो चिअ जुज्जए एयं ॥१४६॥

વ્યાખ્યા—અંતક્રિયા, શૈલેશી અને અક્રિયા એ સર્વ શબ્દ એકાર્થક કહ્યા છે. અંતક્રિયા એટલે સકલ કર્મધ્વંસરૂપ છેલ્લું પ્રયોજન;—જેથી કોઇ અન્ય ક્રિયા બાકી રહે નહિ તે. શૈલેશ એટલે મેરૂ પર્વત તેની જેમ જે નિશ્ચલ અવસ્થા તે શૈલસી કહેવાય અને જે અવસ્થામાં પ્રવૃર્તિરૂપ ક્રિયા ન હોય તે અક્રિયા કહેવાય. એટલા માટે " **ज्ञानक्रियाभ्यां मोक्षः** " એ વચન યુક્ત છે. કારણ કે સર્વ સંવરરૂપ ક્રિયા તે અક્રિયા રૂપજ છે.

અહીં કોઈ આશંકા કરે છે કેઃ—

**नणु जोगनिरोहेणं, चारित्तं सासयं परं होऊ ।**
**अणगहतेण ण मोख्को, उभव काले असंतेणं ॥ १४७ ॥**

વ્યાખ્યા—પરમાર્થતાથી ચારિત્રનો પ્રતિપક્ષી યદ્યપિ ચારિત્રમોહનિય કર્મ છે, તથાપિ જેમ ચોરની સાથે રહેનાર અચોર પણ કર્માંકિત થાય છે, તેમ મોહના સહચારથી યોગ પણ ચારિત્રના વિરોધિ છે. માટે યોગના નિરોધથી પરમ યથાખ્યાત ચારિત્ર શૈલેશીને ચરમ સમયે ઉપજે તે શાશ્વત ચારિત્ર સિદ્ધને પણ હોય છે. જો તે ચારિત્ર, તે સમયમાં ઉત્પન્ન થઇને આગળ મોક્ષ થવાના સમયે નાશ પામતું હોય, તો તે ઉત્પન્ન થવાનું પ્રયોજન શું ? તથા જો કાર્યના સમયે કારણ ન હોય, તો કાર્યની ઉત્પત્તિ પણ કેમ થાય. ?

**केई विंति मुणीणं, सहावसमवट्ठिई हवे चरणं ।**
**तं लद्धसहावाणं, सिद्धाणं सासयं जुत्तं ॥ १४८ ॥**

વ્યાખ્યા—કેટલાએક કહે છે કે, પૂર્વોકત દોષને લીધે શુધ્ધોપયોગરૂપ ચારિત્ર થાય નહિ. સ્વભાવ સમવસ્થાનરૂપ ચારિત્ર હોય છે. તે આત્મસ્વભાવને અવિરત્યાદિ દશાએ આચ્છાદન કરેલ છે.

જ્યારે ચારિત્ર મોહનીય કર્મનો વિલય થાય છે, ત્યારે તે આત્મસ્વભાવ પ્રગટે છે. તે લબ્ધસ્વભાવ સિદ્ધને શાશ્વતરૂપ ચારિત્રયુક્ત છે.

એ કહેલા પરમતનું સમાધાન કરે છે:—

**चरणारिउणो ण जोगा, अत्थसमाएण सव्वसंवरणं ।**
**सिद्धे तम्मि सहावे, समवट्ठाणंति सिद्धंतो ॥ १४९ ॥**

વ્યાખ્યા—જો એમ કહીએ કે, યોગ ચારિત્રના વિરોધિ છે, તેથી યોગનો નિરોધ કરવાથી પરમ ચારિત્ર ઉપજે છે, એ કહેવું યોગ્ય નથી. સહચારથી યોગ ચારિત્રના વિરોધિ થાય, તો દર્શનના પણ વિરોધિ થવા જોઇએ, તેમ તો ન કહેવાય. જ્યારે શૈલેશી અવસ્થામાં સર્વ સંવર કહેવાય છે, ત્યારે તેજ સમયમાં સકલ કર્મ નિર્જરા કારણ ચારિત્ર છે, એવા અભિપ્રાયે સ્વભાવ સમવસ્થાનરૂપ ચારિત્ર પણ સિદ્ધને કહેવું જોઇએ, કે જો યોગ પરિણામથી ભિન્ન સ્વભાવવાન્ ચારિત્ર સિદ્ધ હોય.

**उज्जुसुयनयमएणं**

**(उज्जु सुएण मएणं) सेलेसी चरमसमय भाविति ।**
**अंतसमओच्चियजहो, हेऊ हेऊस्स कज्जम्मि ॥ १५० ॥**

વ્યાખ્યા—શૈલેશીના છેલ્લા સમયમાં ચારિત્ર ઉપજે છે. એમ જે કહેવામાં આવ્યું, તે ઋજુસૂત્રનયના મતે ક્ષણ પર્યાય ભંગુર છે, તથા કારણનો અંત્ય સમયજ કાર્યનો હેતુ છે. એ અભિપ્રાયે મોહના ક્ષયથીજ સાદિ સાંત ક્ષાયિક ભાવ રૂપ બીજું ચારિત્ર ઉપજે છે.

**णय चरणमोहवंधो, सिद्धाणं अचरणाण संताणं ।**
**अविरय पच्चइओ सो, अइप्पसंगो हवे इहरा ॥ १५१ ॥**

વ્યાખ્યા—સિદ્ધને ચારિત્ર નહિ હોય, તો તેને ચારિત્રમોહનિય કર્મનો બંધ થવો જોઇએ માટે એમ ન કહેવું, કારણ કે વિરતિ અને અવિરતિ એ બે સ્વતંત્ર પરિણામ છે.

जंच जिअलरकणं, ते उवइट्ठं तत्थ लरकणं लिंगं ।
तेण विणा सो जुज्जइ, धूमेण विणा हुआ सुव्व ॥ १५२ ॥

" नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
वीरिअं उवओगोय, एयं जीअस्स लरकणं " ॥ १ ॥

આ પ્રમાણે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની ગાથાથી જીવનું લક્ષણ ચારિત્ર કહ્યું છે, માટે તે સિધ્ધને પણ હોવું જોઇએ, એમ કહેવું નહી, કારણ કે ચારિત્ર એ ઉપયોગની જેમ યાવત્ દ્રવ્યભાવિલક્ષણ નથી. અહીં લક્ષણ શબ્દનો અર્થ લિંગ જાણવો. જેમ ધૂમ અગ્નિનું લિંગછે, તેમ ચારિત્ર જીવનું લિંગ કહેલ છે. જેમ ધૂમવિના અગ્નિ તપ્ત લોહમાં હોય છે, તેમ ચારિત્ર વિના જીવ પણ હોય છે, એમાં કાંઇ વિરોધ નથી. એટલા માટેજ અંતરંગ લક્ષણ કહીને બાહ્ય લક્ષણ કહેવાને ઉપર કહેલી ગાથા ઉત્તરાધ્યયન બ્રહદ્વૃત્તિમાંથી અવતરણ કરેલી છે.

णय णिच्छयस्स नाणे, अभेय वित्तीकहं चरणविरहे ।
संतंचिअ पडिवज्जइ, फलेण जं सोअ संतंवि ॥ १५३ ॥

વ્યાખ્યા—જો સિદ્ધમાં ચારિત્ર ન હોય, તો જ્ઞાનમાં ચારિત્રની અભેદવૃત્તિ કેમ સંભવે ? કારણકે સકલાદેશે છતાંજ સર્વ ધર્મ એક ધર્મવાચક શબ્દે બોલે એવી આશંકા પણ ન કરવી. કારણ કે તે સમયમાં ચારિત્ર નથી, તો પણ ચારિત્રનું ફલ છે, માટે ચારિત્ર છે એમ મનાય છે. એ નયનામતે ચારિત્રના ફલ વિના છતો ચારિત્ર પણ અછતું માને.

णवि आयाचरणं, चिअ आया सामाइयंति वयणेणं ।
दवियाया भयणाए, चरणाया सव्वथोकुत्ति ॥ १५४ ॥

વ્યાખ્યા—'आया सामाईए, आया सामाईअस्सअट्ठे' એ સૂત્રમાં આત્મપર્યાયરૂપ જે ચારિત્ર છે, તે દ્રવ્યાર્થિક નયના આદેશે આત્મરૂપ કહ્યું છે. માટે તે ચારિત્ર યાવત્ દ્રવ્યભાવી આત્મસ્વભાવરૂપ ન જાણવું. કારણ કે દ્રવ્યાત્મા તે ભજનાએ ચારિત્રાત્મા કહેલ છે, –વળી ભગવતી સૂત્રમાં કહ્યું છે કેઃ—"जस्स दविआयातस्स चरित्ताया भयणाएत्ति" તથા આત્માના જે આઠ ભેદ કહ્યા છે, તેઓમાં ચારિત્રાત્માને સર્વસ્તોક કહેલ છે. માટે આત્મા તેજ ચારિત્ર એમ ન કહેવું.

एत्तो च्चिय सिद्धाणं, खइअम्मि नाणदंसणगाहण्णं ।
सम्मत्तजाइगहणे, बहूण दोसाण संकंती ॥ १५५ ॥

વ્યાખ્યા—વળી સિદ્ધમાં ચારિત્ર નથી, તે માટેજ સિદ્ધને ક્ષાયિક ભાવમાં જ્ઞાન તથા દર્શન એ બેજ કહ્યાં છે. જો કોઇ કહેશે કે સમ્યક્ત્વ સમાન ચારિત્ર છે, તેથી સમ્યક્ત્વનું ગ્રહણ કરતાં ચારિત્રનું પણ ગ્રહણ થાયછે, એમ કહેવું નહિં, કારણ કે શુદ્ધોપયોગરૂપ ચારિત્રનો પૂર્વેજ નિષેધ કર્યો છે. અને યોગસ્થૈર્યરૂપ તેનીજ વ્યવસ્થાપના કરી છે.

अम्हं णाभिणिवेसो, सिद्धाणं अचरणस्स पक्खम्मि ।
तहवि भणिमो नतीरइ, जं जिणमयमन्न हा काउं ॥१५६॥

વ્યાખ્યા—સિદ્ધને ચારિત્ર નથી, એ પક્ષમાં યદ્યપિ અમને અભિનિવેશ નથી, તથાપિ એટલું વ્યવસ્થાપન એટલા માટે કરીએ છીએ કે શ્રીવીતરાગનાં વચન અન્યથા ન થાય.

અહીં એવી રીતે સિદ્ધને ચારિત્ર નથી, એવી સમર્થના કરી, ત્યારે સિદ્ધના ગુણોમાં ચારિત્રની ગણના કેમ કરી છે? એવા પૂર્વ પક્ષનું સમાધાન કરે છે.

जइवि इमो सिद्धंतो, इट्ठं केसिंवि तहवि सूरीणं ।
सिद्धाणं चारित्तं, तेसि मए तं मएभिहिअं ॥ १५७ ॥

વ્યાખ્યા—યદ્યપિ સિદ્ધને ચારિત્ર નથી, એવો સિદ્ધાંત છે. તથાપિ કેટલાક આચાર્યો ચારિત્ર માને છે. વિશેષાવસ્યકની ટીકામાં કહ્યું છે કે:—

" अन्ये तु दानादिलब्धिपंचकं चारित्रं च सिद्धस्यापीच्छंति, तदाचरणस्य तत्राप्यभावात्–आचरणाभावेऽपिच तदसत्त्वे क्षीण-मोहादिष्वपि तदसत्त्वप्रसंगात् ततस्तन्मतेन चारित्रभावनां सिद्धा-वस्थायामपि सद्भावेनापर्यवासितत्वादेकास्मिन् द्वितीयभंग एव क्षायिको भावो न शेषेषु त्रिष्वपि " ॥

એ આચાર્યના મતથી સિધ્ધના ગુણોમાં અમે ચારિત્રની ગણના કરી છે. એ મત પૂર્વ મતથી વિરૂધ્ધ છે, માટે અપ્રમાણજ છે, એમ કહેવું નહિ, કારણ કે અવિચ્છિન્ન પરંપરાએ આવેલા એ બે મત, અનતિશય પુરૂષથી નિવારણ થાય નહિ, જો કહેશો કે એક એકની યુક્તિની સમર્થના કરતાં પ્રત્યેકમાં દોષ આવશે, એવો વિચાર પણ ન કરવો, કારણ કે જિન વચનપર અરૂચિ થયા વિના સમ્યક્ત્વને ભંશ થતો નથી.

तेसिं सव्वा किरिआ, सहावसिद्धा पणट्ठकम्माणं ।
छह्वंपि कारगाणं, एगट्ठेजं समावेसो ॥ १५८ ॥

વ્યાખ્યા—તે સિદ્ધને સર્વ ક્રિયા સ્વભાવસિદ્ધ છે. એક પણ વિ-ભાવ ક્રિયા નથી. કારણ કે કર્મ રહિત સિદ્ધને છ કારક એક અર્થે વિશ્રાંતિ પામે છે. તે કહે છે:–કથંચિત્ જ્ઞાનથી અન્યથા આત્મજ્ઞપ્તિ ક્રિયા સ્વતંત્રપણે કરે છે, માટે આત્મા તેજ કર્ત્તા છે. એ પ્રથમ કર્તા નામે

કારકજ્ઞપ્તિક્રિયા આત્માને વિષે સ્વતંત્ર પ્રાપ્યમાણ છે, માટે તેજ આત્મરૂપ કર્મ છે, એ બીજો કર્મનામે કારક. જેણે કરીને જ્ઞાન સ્વભાવથી તથા જ્ઞપ્તિસ્વભાવે આત્મા ક્રિયા કરે છે, તેજ આત્મરૂપ કરણ હોવાથી આત્માજ કર્ત્તા છે, એમ જાણવું, એ ત્રીજો કરણ નામે કારક. જે સ્વાનુકૂળ વેદ્યને અર્થે આત્મા જ્ઞપ્તિક્રિયા કરે છે, તેજ આત્મરૂપ સંપ્રદાન છે, એ ચોથું સંપ્રદાન નામે કારક. જે પૂર્વ જ્ઞેયાકારને વિશ્લેષે ઉત્તર જ્ઞેયાકારમિશ્રિત જ્ઞાનસ્વભાવ આત્મા ભજે છે, તેજ આત્મસ્વભાવરૂપ અપાદાન છે, એ પાંચમું અપાદાન નામે કારક તથા જ્ઞાનરૂપ ગુણનું ભાજન જે આત્મા નામે દ્રવ્ય તેજ આધાર છે એમ જાણવું, એ છઠું આધાર નામે કારક. એ જ્ઞાન આશ્રયી છ કારક કહ્યા, એજ પ્રમાણે બીજા સર્વ ધર્મો આશ્રયી જાણી લેવું.

ते पुण पनरस भेआ, तित्थातित्थाइ सिद्धभेएणं ।
तत्थइथीणंसिद्धिं ण खमइ खवणो अभिणिवेसी ॥ १५९ ॥

વ્યાખ્યા—તે સિદ્ધના આ પ્રમાણે પંદર ભેદ કહ્યા છેઃ—તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ, તીર્થંકરસિદ્ધ, અતીર્થંકરસિદ્ધ, સ્વયંબુદ્ધસિદ્ધ, પ્રત્યેકબુદ્ધસિદ્ધ, બુદ્ધબોધિતસિદ્ધ, સ્ત્રીલિંગસિદ્ધ, પુરૂષલિંગસિદ્ધ, નપુંસકલિંગસિદ્ધ, સ્વલિંગસિદ્ધ, અન્યલિંગસિદ્ધ, ગૃહલિંગસિદ્ધ, એક સિદ્ધ, તથા અનેકસિદ્ધ. હવે તેનો સ્પષ્ટ રીતે અર્થ કહે છેઃ- તીર્થ એટલે ચતુર્વિધ સંઘ અથવા પ્રથમ ગણધર ઉત્પન્ન થયા પછી જે સિદ્ધ થયા તે તીર્થસિદ્ધ, તીર્થની ઉત્પતિ થયા પહેલા અથવા તીર્થનો વિચ્છેદ થયા પછી જે સિદ્ધ થયા તે અતીર્થસિદ્ધ, તીર્થંકર પદવી ભોગવીને જે સિદ્ધ થયા તે તીર્થંકરસિદ્ધ, સામાન્ય કેવલી છતાં જે સિદ્ધ થયા તે અતીર્થંકરસિદ્ધ. બાહ્યકારણ જોયા વિના જે પોતેજ જાતિસ્મરણાદિકથી પ્રતિબોધ પામીને જે સિદ્ધ થયા તે સ્વયંબુદ્ધસિદ્ધ, પ્રત્યેક બાહ્ય કારણ વૃષભાદિક જોઇ પ્રતિબોધ પામીને જે સિદ્ધ થયા, તે પ્રત્યેક બુદ્ધસિદ્ધ, બુદ્ધ એટલે જે ગુર્વાદિકથી

બોધ પામીને સિદ્ધ થયા તે બુદ્ધ બોધિતસિદ્ધ. સ્ત્રીલિંગના ત્રણ પ્રકાર છે. વેદ, શરીરનિવૃત્તિ તથા પથ્ય. એ ત્રણમાં અહીં શરીર નિવૃત્તિનો અધિકાર લેવો. વેદ તથા પથ્યનો અધિકાર નથી, કારણ કે એ બે પ્રકાર મોક્ષના અંગ નથી, માટે જે સ્ત્રી શરીરથી વર્તમાન છતાં જે સિદ્ધ થયા તે સ્ત્રીલિંગસિદ્ધ, પુરૂષ શરીરથી વર્તમાન છતાં જે સિધ્ધ થયા તે પુરૂષલિંગસિધ્ધ, નપુંસકલિંગે વર્તમાન છતાં જે સિધ્ધ થયા તે નંપુંસકલિંગસિધ્ધ, રજોહરણાદિક સ્વલિંગે વ્યવસ્થિત છતાં જે સિધ્ધ થયા તે સ્વલિંગ સિધ્ધ, પરિવ્રાજકાદિક ચાર અન્યલિંગે જે સિધ્ધ થયા તે પરલિંગ સિધ્ધ, ગૃહસ્થલિંગે વર્તમાન છતાં જે સિધ્ધ થયા તે ગ્રહસ્થલિંગસિધ્ધ. જે એકલા સિધ્ધ થયા તે એક સિધ્ધ અને જે અનેકની સાથે સિધ્ધ થયા તે અનેક સિધ્ધ, એ પંદર ભેદમાંના સ્ત્રીલિંગસિધ્ધને દિગંબરો માનતા નથી.

**तस्समयं थीसिद्धा, जे पुव्विं चेव खीणथीवेआ ।**
**एवं पुरिस णपुंसा, थीपज्जाएण णो सिद्धी ॥ १६० ॥**

**चरण विरहेण हीणत्तणेण पावपयडीण बाहुल्ला ।**
**मणपगरिसविरहाओ, संघयणाभावओ चेव ॥ १६१ ॥**

**વ્યાખ્યા**—તે દિગંબરોનો એવો મત છે કેઃ—સ્ત્રીલિંગ તો કહીએ કે જો પૂર્વે સ્ત્રીવેદનો ક્ષય કરી અને પછી બંને વેદનો ક્ષય કરી સિદ્ધ થતાં હોય; તેમજ નપુંસક સિદ્ધ પણ તો માનીએ કે જો પ્રથમ નપુંસક વેદનો તથા પછી બંને વેદનો ક્ષય કરી સિદ્ધ થતા હોય, પરંતુ શરીરે કરી તો પુરૂષજ સિદ્ધ થાય છે; પણ સ્ત્રીપર્યાયથી સિદ્ધ થવાતું નથી, કારણ કે સ્ત્રીને ચારિત્ર હોતું નથી. ચારિત્ર તે શુધ્ધોપયોગ રૂપ આચેલકય મૂલગુણમય છે, અને સ્ત્રી તો અચેલક થાયજ નહિ, તથા પુરૂષથી સ્ત્રીહીન હોવાથી પણ તેને સિદ્ધતાનો સં-

ભવ નથી. નપુંસકત્વ તથા સ્રીત્વ મહા પાપથી ઉપાર્જન કરાય છે. એમ પાપપ્રકૃતિની બહુલતાને લીધે પણ સ્રીને મુક્તિ થાય નહિ. તથા જેમ સ્રીને સપ્તમી નરકપૃથવીએ જવા યોગ્ય તીવ્ર અશુભમનઃ પરિણામ થતા નથી. તેમ મુક્તિને પામવા યોગ્ય તીવ્ર શુભમનઃ પરિણામ પણ સ્રીને થતા નથી. માટે સ્રી સિધ્ધ થાયજ નહિ અને સપ્તમી નરકપૃથ્વીએ સ્રીથી જવાતું નથી, માટે તેને વજ્ર ઋષભનારાચ સંઘયણ ન હોવાથી પણ સ્રીને મુક્તિનો સંભવ નથી.

આ દિગંબરોની યુક્તિને ગ્રંથ કર્તા દૂષિત કરે છેઃ—

**तम्मिच्छा वेयखओ, सरीरणिवत्तिणियमणियउत्ति ।**
**चरणविरहाइआ पुण, सव्वे तुह हेयवोऽसिद्धा ॥ १६२ ॥**

વ્યાખ્યા—દિગંબરો સ્રી સિધ્ધાદિકના પ્રસિધ્ધ અર્થને મૂકીને જે અન્ય અર્થ કરે છે, તે સંભવિત નથી, કારણ કે જેને સ્રી વેદાદિકનો પૂર્વેજ ક્ષય છે, એવા નપુંસકાદિક શરીરે વર્તતાં શ્રેણી કરે તેને વિષે છે. માટે '**वीसणपुंसगवेया**'ઇત્યાદિક સ્વશાસ્ત્ર વચન સમર્થવાને અર્થે એ કલ્પના કેવળ કદાગ્રહરૂપ જણાય છે. જો એમ કહીએ કે ઉદીરણાવેદનોજ પૂર્વે ક્ષય કરવો, તો તેમાં પણ શાસ્ત્રોકત વ્યવસ્થા સંભવે નહિ. શાસ્ત્રોમાં તો એમ કહ્યું છે કે—જો પુરૂષ શ્રેણિનો આરંભ કરે, તો તેણે પૂર્વે નપુંસકવેદનો ક્ષય કરવો, પછી સ્રીવેદનો, પછી હાસ્યાદિક છ પ્રકૃતિનો અને પછી પુરૂષવેદના ત્રણ ખંડ કરી તેમાંના બે ખંડનો એકવાર ક્ષય કરવો અને ત્રીજો ખંડ સંજ્વલન ક્રોધ અને માન ખપાવવા. જો સ્રીએ ક્ષપકશ્રેણિનો આરંભ કરવો હોય, તો તેણે પૂર્વે નપુંસકવેદનો ક્ષય કરવો, પછી પુરૂષ વેદનો, પછી હાસ્યાદિક છ પ્રકૃતિનો અને છેવટે સ્રીવેદનો ક્ષય કરવો જોઇએ. અને જો નપુંસકે ક્ષપકશ્રેણિનો આરંભ કરવો હોય, તો તેણે પૂર્વે સ્રી વેદનો ક્ષય કરવો, પછી પુરૂષ વેદનો, પછી હાસ્યાદિક છ પ્રકૃતિનો અને છેવટે નપુંસકવેદનો ક્ષય કરવો જોઇએ. ઇત્યાદિક રીતિ જાણી લેવી.

વળી સ્ત્રીલિંગે સિદ્ધ થવાતું નથી, તેમાં ચારિત્ર વિરહાદિક જે હેતુ કહ્યા છે, તે અસિદ્ધ છે. એમ કહે છેઃ—

णगंतिय मिच्छीणं, दुट्ठत्तं संजमो चियालज्जा ।
तासिंचरित्तविरहे, चाउव्वण्णो कहं संघो ॥ १६३ ॥

**વ્યાખ્યા**– સ્ત્રીને ચારિત્ર ન હોય, તેમાં કારણ શું છે? સ્ત્રીમાં દુઃશીલાદિક દોષ હોય છે, તે એકાંત નથી, કારણ કે પરમ શીલવતી જે સુલસાદિક શ્રાવિકાઓ થઇ, તેમની ભગવંતે પોતે પ્રશંસા કરી છે. વળી સ્ત્રીની જેમ કેટલાક પુરૂષ પણ દુષ્ટ છે અને તે મહારંભી તથ મહાપરિગ્રહી દેખાય છે, માટે સ્ત્રીનું દુષ્ટત્વ કાંઇ એકાંતે નથી. જો કહેશો કે સ્ત્રીને લજ્યા મટતી નથી, માટે ચારિત્ર થાય નહિ, એમ પણ ન કહેવું, કારણ કે નગ્નતાજ ચારિત્રાંગ નથી. વિધિપૂર્વક ધર્મોપકરણોને ધારણ કરતાં ચારિત્રનો ભંગ થતો નથી. જો કહેશો કેઃ— સ્ત્રીનું શરીર હિંસાયતન છે, માટે તેને ચારિત્ર નથી; એમ બોલવું પણ અસભ્યતા સૂચક છે, કારણ કે અશક્યપરિહારસ્થલમાં હિંસા થાય નહિ, પ્રમાદના યોગે હિંસા થાય છે. પ્રમાદનું જે વ્યપરોપણ તેજ હિંસા કહેવાય. વળી જો સ્ત્રીને ચારિત્ર ન માનીએ, તો ચાર પ્રકારનો સંઘ કેમ સંભવે? જો વેષધારિણી શ્રાવિકાનેજ સાધ્વી કહીએ, તો ચારિત્ર જાણ્યા વિના વેષ ધારણ કરવો એ તો મોટી વિડંબના કહેવાય. જો કહેશો કેઃ–સ્ત્રીને ચારિત્ર લેશ થાય છે, તો તેમાં અમે પણ ના કહેતા નથી; પણ જો કહેશો કેઃ–સ્ત્રીને ચારિત્ર મોક્ષનું કારણ થાય નહીં, તો તે માત્ર કદાગ્રહજ છે, કારણ કે અધ્યવસાય વિશેષથી પુરૂષની જેમ સ્ત્રીને પણ ચારિત્રનો ઉત્કર્ષ હોય છે. એમાં કાંઇ વિરોધતા નથી.

हीणत्तं पुणनाणं, लद्धिइड्ढि बलं च अहिगिच्च ।
णोपडिकूलमसिद्धं, तिरयणसारम्मि संतम्मि ॥ १६४ ॥

**વ્યાખ્યા**—સ્ત્રીને પુરૂષથી જે હિનપણું કહ્યું છે, તે જો વિશિષ્ટ પૂર્વ જ્ઞાનની અપેક્ષાએ કહીએ, તો તે પ્રતિકૂલ નથી, કિંતુ અનુકૂલજ છે, કારણ કે તથાવિધ જ્ઞાન વિના પણ ગુરૂપરતંત્રતાએ માષતુષાદિક ચારિત્રના પાલનાર થયા છે. જો લબ્ધિની અપેક્ષાએ કહીએ, તો પણ પ્રતિકૂલ નથી, કિંતુ અનુકૂલજ છે, કારણ કે તથાવિધ લબ્ધિ વિના પણ માનુષ્યાદિક કૃતકૃત્ય થયા છે. જો ઋદ્ધિની અપેક્ષાએ કહીએ, તો પણ પ્રતિકૂલ નથી, પણ અનુકૂલજ છે. અન્યથા તીર્થંકરાદિકની અપેક્ષાએ અમહર્દ્ધિક ગણધરાદિક છે, તેમને મુકિતનો સંભવ કેમ થાય ? સ્ત્રી પુરૂષને અવંદ્ય છે, માટે તે ચારિત્ર ઋદ્ધિથી હીન હોવી જોઇએ, એવી આશંકા પણ ન કરવી. અન્યથા શિષ્યાદિક આચાર્યાદિકને અવંદ્ય છે, તે પણ ચારિત્રઋદ્ધિથી હીન હોવા જોઇએ. જો બલની અપેક્ષા કહીએ તો તે પણ પ્રતિકૂલ નથી. પણ અનુકૂલજ છે, કારણ કે સ્ત્રી કરતાં નિર્બળ જે પંગુપ્રમુખ તે પણ અધ્યવસાય વિશેષથી મુકિત પામે છે. જો કહેશો કે:–હીન બળને વિશિષ્ટાદિરૂપ ચારિત્ર કેમ થાય ? એમ પણ ન કહેવું, કારણ કે ચારિત્ર યથાશકિત આચરણારૂપ છે. માટે તે સ્ત્રીને પણ સંભવે છે. કહ્યું છે કે:–

"**वादित्विकुर्वणत्वादिलब्धिविरहे श्रुते कनीयसि च जिन कल्प-मनःपर्ययविरहेऽपि न सिद्धविरहोस्तीति**" ॥ આથી અનુસ્થાપ્યપારાચિંતક પ્રાયશ્ચિત્તના અનુપદેશથી સ્ત્રીને પણ હીનપણું છે; એ અસંબદ્ધ જાણવું. કારણકે યોગ્યતાની અપેક્ષાએ શાસ્ત્રમાં વિચિત્ર તપનો ઉપદેશ છે.

"संवरनिर्जरारूपो, बहुप्रकारस्तपो विधिशास्त्रे ।
योगचिकित्साविधिरिव, कस्यापि कथंचिदुपकारीति" ॥

એ પ્રમાણે કહેલ છે.

**पावाणं पयडीणं, थीणिव्वत्तीइ बंधज्झणणीणं ।**
**सम्मत्तेणेवखए, णोतासिं पावबहुलत्तं ॥ १६५ ॥**

**વ્યાખ્યા**—સ્ત્રીને જે પાપની બહુલતા કહી છે, તે વચન પણ મિથ્યા છે, કારણકે જ્યારે સ્ત્રીપણું બાંધ્યું, ત્યારે યદ્યપિ મિથ્યાત્વાદિ-રૂપ પાપ પ્રકૃતિ બહુલ છે, તથાપિ તે પ્રકૃતિ જ્યારે તથાભવ્યત્વના પરિપાકે સમ્યકત્વ-ગુણને પામીને ક્ષય કરે છે, ત્યારે સ્ત્રીને પાપની બહુલતા નથી. જ્યાંસુધી સ્ત્રીશરીર હોય, ત્યાંસુધી જો તેના બંધકારણ મિથ્યાત્વાદિક રહે, તો સ્ત્રીએ સમ્યકત્વ પણ પામવું ન જોઇએ. જો કહેશો કેઃ—પુરૂષથી તીવ્રકામ પણ અધ્યવસાય છે, માટે નપુંસકની જેમ સ્ત્રી મુક્તિ પામે નહિ, એમ પણ ન કહેવું; કારણકે તીવ્ર કામ પણ અધ્યવસાય વિશેષ પામે છે, માટે તે મુક્તિને વિષે વિઘ્નકારક નહિ હોવાથી એ હેતુ અપ્રયોજક જાણવો. અન્યથા સ્ત્રી મુક્તિ પામે, કારણકે તેને નપુંસક કરતાં ન્યૂન કામ છે, માટે તેને પુરૂષના જેવી જાણવી. એ હેતુ પણ અહીં લાગુ થાય છે.

**णयतासिंमणविरिअं, असुहंचसुहंवि णेवउक्किट्ठं ।**
**तारिसाणियमाभावा, तेण हओचरमहेऊवि ॥ १६६ ॥**

**વ્યાખ્યા**—જો કહેશો કેઃ—જેમ સાતમી નરક પૃથ્વીએ જવા યોગ્ય અશુભ મનોવીર્ય સ્ત્રીને નથી, માટે તેને મુક્તિએ જવા યોગ્ય પણ તથાવિધ મનોવીર્ય થાય નહિ—એમ કહેવું નહિ, કારણકે એવો નિયમ નથી કે—અધોગતિએ જવાનો જેટલો અધ્યવસાય થાય, તેટલોજ અધ્યવસાય ઉર્ધ્વગતિએ જવાનો થાય, કારણકે ભુજપરિસર્પ ઉત્કૃષ્ટથી બીજી પૃથ્વી સુધી અધોગતિમાં જાય છે, પક્ષી ત્રીજી પૃથ્વી સુધી જાય છે, ચતુષ્પદ ચોથી પૃથ્વી સુધી જાય છે, ઉરગ પાંચમી પૃથ્વીસુધી જાય છે, સ્ત્રી છઠ્ઠી પૃથ્વી સુધી જાય છે અને પુરૂષ તથા મત્સ્ય સાતમી પૃથ્વી સુધી જાય છે. એ સ્ત્રી તથા પુરૂષ વિના બીજા પૂર્વોક્ત સર્વ પ્રાણીઓ ઉત્કર્ષથી આઠમા સહસ્રાર દેવલોક સુધી ઉર્ધ્વગમન કરે છે.

એ પ્રમાણે યદ્યપિ સ્ત્રી સાતમી પૃથ્વી સુધી જતી નથી, તથાપિ તેને મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે, એમાં કોઇ જાતનો વિરોધ નથી. કેટલાએક કહે છે, કેઃ–અધોગતિને પરમોત્કર્ષ હોય છે, તે એકાંતતાથી સંભવે નહિ; કારણકે જેવી કારણની ઉત્કર્ષતા હોય, તેવીજ કાર્યની ઉત્કર્ષતા કહેવાય છે–એવો નિયમ છે, પરંતુ એથી અન્ય કોઇ નિયમ નથી. સ્ત્રીને વિષે જો યુધ્ધાદિક મહારંભરૂપ કારણનો સંભવ હોય, તો સાતમી પૃથ્વી સુધી જવાય; માટે તેવું કાંઇ કારણ ન હોવાને લીધે સ્ત્રીથી ત્યાં સુધી જવાતું નથી, પણ છઠ્ઠી સુધી જવાય છે અને પુરૂષ તથા મત્સ્યમાં તેવાં કારણ હોવાથી, તેઓ સાતમી પૃથ્વી સુધી જાય છે. એ પ્રમાણે અધોગતિએ જવા માટે પુરૂષ તથા સ્ત્રીના કારણોની વિલક્ષણતા હોવાથી સરખું ગમન થતું નથી. પરંતુ ઉર્ધ્વગતિમાં જવા માટે બંનેનાં કારણો સરખાં હોવાથી સરખું ગમન થવાનો અવશ્ય સંભવ છે. જેમ પુરૂષમાં શીલાદિક ગુણરૂપ ઉર્ધ્વગમનનાં કારણ હોય છે, તેમ સ્ત્રીમાં પણ હોય છે. એ હેતુથીજ સ્ત્રીને વજ્રઋષભનારાચ સંઘયણનો સંભવ છે. એમ ન માનવામાં કાંઇ યુક્તિ નથી. એ પ્રમાણે સ્ત્રીના નિર્વાણના નિરોધમાં દિગંબરોના હેતુનો નિષેધ કર્યો. હવે સ્ત્રીને નિર્વાણ થવામાં અનુમાન કહે છેઃ—

દરેક વસ્તુના અનુમાનમાં પક્ષ, સાધ્ય, હેતુ અને દ્રષ્ટાંત એ ચાર પ્રકાર હોય છે એટલે એ ચાર પદાર્થોથી સિદ્ધ થયેલ વસ્તુને અનુમિત કહે છે, અને એ ચાર પદાર્થોથી સિદ્ધ થવા યોગ્ય વસ્તુને અનુમેય કહે છે. જેમકે અગ્નિયુકત પર્વત સિધ્ધ કરવો હોય, તે અનુમેય કહેવાય છે, અને એજ પક્ષ કહેવાય છે. અનુમાન કરતી વખતે "**पर्वतं पक्षीकृत्य वह्निमत्त्वं साध्यते, धूमत्वात् इति हेतुः, पाकगृहवत्, यत्र यत्र धूमस्तत्रतत्रवह्निः**" ॥ પર્વતનો પક્ષ કરીને તેને અગ્નિયુકત સિદ્ધ કરે છે. એમાં હેતુ–પર્વત ઉપર નીકળતો ધૂમ છે. જેમ રસોઇ કરવાના ગૃહમાં અગ્નિ હોવાથી ધૂમ નીકળે છે; કારણ કે જયાં જયાં ધૂમ હોય ત્યાં ત્યાં અગ્નિ હોય એ દ્રષ્ટાંત છે તેમઃ—

"**कांचित्स्त्रीव्यक्तिं पक्षीकृत्य मोक्षाविकलकारणता साध्यते, दीक्षाधिकारत्वात् पुरूषवत्, ये ये दीक्षाधिकारिणस्ते ते मोक्षाविकलकारिणः**" ॥

કોઇ એક સ્ત્રીની વ્યક્તિને પક્ષ કરીને તેને મોક્ષના અવિકલ કારણવંત સિદ્ધ કરે છે. એમાં દિક્ષાનો અધિકાર હેતુ છે અને પુરૂષ જાતિની જેમ એ દષ્ટાંત છે, કારણ કે જે જે દીક્ષાના અધિકારી હોય, તે તે મોક્ષના અવિકલ કારણવંત હોય છે.

कीवस्स कप्पिअस्सिव, इत्थीए कप्पिआइ सिद्धीत्ति ।
ण विणा विसिट्ठचरिअं तासिं तु विसिट्ठ कम्मखओ ॥१६७॥

पावं तह इत्थित्तं, णय पुण्णफलाण केवलीण हवे ।
परमासुइभूआणं, णय परमोरालिओ देहो ॥ १६८ ॥

વ્યાખ્યા—અહીં કોઇ આશંકા કરે કેઃ—જેમ જાતિનપુંસકને મુક્તિ ન થાય, તેમ સ્ત્રીને પણ મુક્તિ થતી નથી. તેમ છતાં જો કહેશો કે—જેમ કૃત્રિમ નપુંસકને મુક્તિ થાય છે, તેમ વિદ્યાપ્રયોગાદિકથી યુક્ત સ્ત્રીને મુક્તિ થાય છે, તો તેમ પણ ન સંભવે, કારણ કે સ્ત્રીને વિશિષ્ટ ક્રિયાનુષ્ઠાન હોતું નથી, અને વિશિષ્ટ ક્રિયાનુષ્ઠાન વિના વિશિષ્ટ કર્મનો ક્ષય થાય નહિ. તથા વિશિષ્ટ કર્મના ક્ષય વિના મુક્તિ થતી નથી. સ્ત્રીપણું પાપપ્રકૃતિરૂપ નદીનું ઝરણું હોવાથી તે પુણ્યરૂપ સુરતરૂના કેવળજ્ઞાનરૂપ ફળને સેવન કરનારા કેવળીમાં કેમ સંભવે ? અર્થાત્ પાપપ્રકૃતિરૂપ સ્ત્રીને કેવળજ્ઞાન સંભવે નહિ, તથા સ્ત્રી પરમ અશુચિ છે, માટે તેને પરમૌદારિક શરીર પણ સંભવે નહિ. કેવલીનું શરીર તો પરમૌદારિક હોય છે તેવું તો સ્ત્રીનું શરીર કહેવાય નહિ માટે સ્ત્રીને કેવલજ્ઞાન કેમ સંભવે ?

હવે એ આશંકાને યુક્તિથી દૂષિત કરે છેઃ—

एयमयुत्तं जम्हा, विचित्तभावा विचित्तकम्मखओ ।
णय इत्थित्तं पावं, जिणाणपाएणणत्थित्ति ॥ १६९ ॥

**વ્યાખ્યા**—સ્ત્રીને ક્રિયાવિશિષ્ટ વિના વિશિષ્ટ નિર્જરા ન થાય. એમ જે વાદીએ કહ્યું તે અયુક્ત છે, કારણકે ભાવવિશેષે ફલ વિશેષ છે. ક્રિયાવિશેષવિના ભાવવિશેષ ન થાય, તેમાં એકાંતતા નથી, કારણ કે જો શકિતનો નિગ્રહ કરીને ક્રિયા કરીએ, તોજ ભાવની હાનિ થાય, અન્યથા ભાવની હાનિ થતી નથી. તથા સ્ત્રીપણ પાપરૂપ છે.—તેમાં પણ એકાંતપણું નથી, કારણ કે સમ્યક્ત્વના બલથી મિથ્યાત્વાદિક પાપનો ક્ષય થાય છે—એમ પૂર્વે કહી આવ્યા છીએ. ઘણું કરીને તીર્થંકરમાં સ્ત્રીપણું હોતું નથી—એટલે બહુધા સ્ત્રી તીર્થંકર થતી જોવામાં આવતી નથી, તેથી સ્ત્રીપણું પાપરૂપ છે, એમ જો કહીએ, તો વિપ્રત્વાદિક પણ તેવાજ કહેવા જોઇએ, કારણ કે બહુધા તીર્થંકરમાં વિપ્રત્વાદિકનો પણ અભાવ હોય છે. અર્થાત્ ઘણું કરીને ક્ષત્રિયાદિ તીર્થંકર થયેલા જોવામાં આવે છે. તેથી શું વિપ્રાદિકને મોક્ષનો સંભવ નથી? અને પરમૌદારિક શરીરનો તો પૂર્વેજ નિષેધ કર્યો છે. માટે તે હોય કે ન હોય, તેની ચર્ચા કરવાની શી જરૂર છે?

**इय इत्थीणं सिद्धी, सिद्धा सिद्धंतमूलजुत्तीहिं ।**
**एअं असद्दहंता, चिक्कणकम्मा मुणेयव्वा ॥ १७० ॥**

**વ્યાખ્યા**—એ પ્રમાણે સિદ્ધાંતની મૂલ યુક્તિઓથી 'સ્ત્રીને મુક્તિ થાય' એવું સિદ્ધ કર્યું, છતાં જેઓ હઠવાદથી એ અર્થની સદ્દહણા કરતા નથી, તે ચીકણા કર્મવાળા જાણવા. એવી રીતે સ્ત્રીમાં મુક્તિનું વ્યવસ્થાપન કરવાથી સિદ્ધના પંદર ભેદની વ્યવસ્થા થઈ, તેથી સપ્રસંગ સર્વ સિદ્ધનું સ્વરૂપ કહ્યું. સિદ્ધસ્વરૂપના વર્ણનથી પરમ ભાવાધ્યાત્મનું નિરૂપણ થયું, અને ભાવાધ્યાત્મના નિરૂપણથી ગ્રંથાર્થ પૂર્ણ થયો. હવે ગ્રંથાર્થનું પરમ રહસ્ય કહે છેઃ—

**इयं परमरहस्सं, एसो अज्झप्पकणगकसवट्टो ।**
**ऐसा य पराआणा, संजमजोगेसु जो जत्तो ॥ १७१ ॥**

વ્યાખ્યા—સંયમયોગનો જે ઉદ્યમ કરવો, તેજ સર્વ શાસ્ત્રના નયવિસ્તારને જાણવાનું ફલ છે, અને એજ પરમરહસ્યભૂત છે. આવશ્યાદિકમાં કહ્યું છે કેઃ—

"सव्वेसिंपि णयाणं, बहुविहवत्तव्वयं णिसामित्ता ।
तं सव्वणयविसुद्धं, जं चरणगुणट्ठिओ साहू"

તથાઃ—

"आश्रवो भव हेतुः स्यात् संवरो मोक्ष कारणं ।
इतीयमार्हती मुष्टि-रदनस्याप्रपंचनम् ॥ १ ॥"

એનો અર્થ એવો છે કેઃ-પ્રાણાતિપાતાદિક આશ્રવ-તે સંસારનું કારણ છે અને પ્રાણાતિપાતાદિકથી વિરમવારૂપ સંવર-તે મોક્ષનું કારણ છે. એ પરમાર્થને વિસ્તારથી જાણવા સારૂજ સર્વ શાસ્ત્ર છે. માટે જેણે એ અર્થ જાણ્યો છે, તે પરમાર્થતાથી સર્વ શાસ્ત્રજ્ઞ છે-એમ જાણવું. એટલા માટેજ ઉપશમ, વિવેક અને સંવર-એ પદોનો અર્થ જાણીને ચિલાતી પુત્રે પોતાનો અર્થ સાધ્યો. તથા સંયમયોગનો ઉદ્યમ કરવો-તેજ અધ્યાત્મરૂપ સુવર્ણની કસોટી છે. જેમ કસોટીથી સુવર્ણની પરીક્ષા થાય છે, તેમ ક્રિયાનુષ્ઠાનથી અધ્યાત્મની પરીક્ષા થાય છે. તે અધ્યાત્મથી જે વિશુદ્ધિ થાય છે, તે બાહ્યકારણનું આલસ્ય કરે નહિ. આવશ્યક સૂત્રમાં કહ્યું છે કેઃ—

संजमजोगेसुसया, जे पुण संतविरिआ विसीयंति ।
कहते विसुद्धचरणा, बाहिरकरणालसा हुंति ॥"

તથા એજ શ્રીવીતરાગની પરમ આજ્ઞા છે કેઃ- સંયમ યોગમાં યત્ન કરવો. જેણે એ યત્ન કર્યો, તેણે ચૈત્ય, કુળ, ગણાદિક સર્વનું કાર્ય કર્યું-એમ જાણવું. કહ્યું છે કેઃ-

" चेइअकुलगणसंघे, आयरिआणंचपवयणसुएअ ।
सव्वेसुवितेणकयं, तवसंजममुज्जम्मंतो ॥ "

અહીં કોઇ આશંકા કરે કે-જયાંસુધી જીવને ભવ્યત્વનો સંદેહ હોય, ત્યાંસુધી તે ચારિત્રમાં કેમ પ્રવૃર્ત્તે ? કારણ કે અભવ્ય અનેક ક્રિયા કરે, તેથી તેને કષ્ટમાત્ર થાય, પરંતુ પરમાર્થથી તેને કાંઇ ફલની પ્રાપ્તિ થતી નથી. એનું સમાધાન કરે છે કેઃ—

आसन्नसिद्धिआणं, जीवाणं लरकणं इमं चेव ।
तेण ण पविचित्तिरोहो, भव्वाभव्वत्तसंकाए ॥ १७२ ॥

**વ્યાખ્યા**—જે જીવ અલ્પ ભવમાં મુક્તિ પામનાર હોય, તેનું એજ લક્ષણ છે કે-તે વિષયમાં વૈરાગ્ય ધારણ કરીને ધર્મમાં પ્રવૃર્ત્તે. ઉપદેશમાલામાં કહ્યું છે કેઃ—

" आसन्नकालभवसिद्धिअस्स जीवस्स लख्कणं इणमो-विसयसुहेसुणरज्जइ, सव्वत्थामेण उज्जमइ " ॥

માટે ચારિત્રમાં પ્રવૃત્તિ થાય, ત્યારે જીવે પોતાનું આસન્નસિદ્ધિપણું જાણવું, પછી તે ભવ્યાભવ્યત્વની શંકાથી શુભ પ્રવૃત્તિનો બાધક કેમ થાય? કિંતુ સાધકજ થાય. અને હું ભવ્ય છું કે અભવ્ય છું-એવી જેને શંકા ઉત્પન્ન થાય છે, તે જીવ નિશ્ચયથી ભવ્યજ જાણવો. કારણ-કે" अभव्यस्य हि भव्याभव्यत्वशंकाया अभावात् " એમ આચારાંગ ટીકામાં કહ્યું છે. એ આશંકા તો ઉલટી ચારિત્ર પ્રવૃત્તિના અંગરૂપ છે. માટે તેથી કાંઈ બાધા થતી નથી.

અહીં કેટલાએક પરવાદી એમ કહે છે: કે-મોક્ષોપાયમાં પ્રવૃત્તિ વૈરાગ્યથીજ થાય છે-તે વૈરાગ્ય અભુક્તભોગને વિષે સંભવે છે. માટે ભોગ ભોગવ્યા પછી તેનો ત્યાગ કરીને જો યોગમાં પ્રવૃત્તિ કરીએ, તો તે સુખપૂર્વક થાય છે-એમ કહેનારાને શિક્ષા આપવાને કહે છે કેઃ-

जो पुण भोए भोत्तुं, इच्छइ ततो असंयमं काउं ।
जलणम्मिपज्जलित्ता, इच्छइपच्छास णिव्वाउं ॥ १७३ ॥

વ્યાખ્યા—જે પુરૂષ ભોગ ભોગવ્યા પછી સંયમ પાલવાની ઇચ્છા કરે છે, તે ઇચ્છા, પ્રથમ અગ્નિમાં પડી બળીને પછી શીતળતા પામવા જેવી છે, કારણ કે ભોગ ભોગવ્યાથી તેની ઇચ્છા મટતી નથી, પણ અધિક થાય છે. કહ્યું છે કેઃ—

" न जातु कामः कामाना–मुपभोगेन शाम्यति ।
हविषाकृष्णवर्त्मेव, पुनरेव प्रवर्द्धते ॥ "

જીવ જે સુખ ભોગવે છે, તે સુખ યદ્યપિ અનંતવાર ભોગવાઈ ગયા છે, તથાપિ મોહનીય કર્મના દોષને લીધે એમ ભાસે છે કે—મેં પૂર્વે કોઇ વખતે સુખ ભોગવ્યાં નથી કારણ કેઃ—

" पत्ताय कामभोगा, कालमणंतं इह स उवभोगा ।
अपुव्वं पिवमन्नइ, तहवियजीवोमणे सुक्खं ॥ "

એમ ઉપદેશમાલામાં કહ્યું છે. વળી ભોગમાં પ્રવૃત્તિ કરતાં એવો સંદેહ રહે છે કે—રખેને ભોગનો નાશ થઈ જાય, અને તે યોગ્ય છે, કારણ કે તે સ્થિર નથી પણ અસ્થિર છે. અથવા ભોગ ભોગવતાં આયુષ્યનો અંત આવી જાય, તો પણ ભોગ ભોગવાતા નથી. એવા ભોગ ભોગવવામાં પ્રવૃત્તિ થતાં અવિરતિ જીવને પ્રતિક્ષણે કર્મબંધ થાય છે—એમાં રંચમાત્ર સંશય નથી. માટે જે વિવેકી પુરૂષ છે, તે સ્વપ્નમાં પણ ભોગને વિષે પ્રવૃત્તિની અભિલાષા કરતા નથી. એવો ઉપદેશ કરે છે કેઃ—

कोवा जिअवीसासो, विज्जुलयाचंचलम्मि आउम्मि ।
सज्जोणिरूज्जमो जइ, जराभिभूओ कहं होही ॥ १७४ ॥

વ્યાખ્યા—હે જીવ! જીવિતવ્યનો શો વિશ્વાસ છે? જેમ વીજળીનો ચમકાર ક્ષણભંગુર છે, એટલે ક્ષણમાં દેખાઇને નાશ થઈ જાય છે, તેમ જીવિતવ્ય એક ક્ષણમાં સાક્ષાત્ દેખાય છે છતાં કોઇ રોગાદિકના ઉદયથી બીજી ક્ષણમાં તેનો નાશ થતાં વાર લાગતી નથી. માટે જયાં સુધી શરીર નિરોગી છે, ત્યાં સુધી જો તું ધર્મ કાર્ય કરીશ, તો કરી શકીશ.

અહીં કોઇ કહેશે કે-જો જીવ રોગથી ગ્રસ્ત હોય અથવા કાયબલથી હીન થયેલો હોય, તે ચારિત્ર માર્ગમાં કેમ પ્રવૃત્તિ કરી શકે? તેને ઉત્તર આપે છેઃ—

देहवलं जइण दढुं, तहविमणे धिइबलेण जइअव्वं ।
तिसिओपत्ताभावे, करेण किंणो जलं पिवई ॥ १५५ ॥

વ્યાખ્યા—જો રોગાદિકથી શરીર નિર્બલ થઇ ગયું હોય, તો મન અને બુદ્ધયાદિકના બળથી યોગ ધારણ કરવો. જેમ પુરૂષને જયારે પિપાસા લાગે છે, ત્યારે તેની પાસે પાણી પીવાનું પાત્ર ન હોય તો હાથવતી પાણી પી લે છે, પણ તરસ્યો રહેતો નથી. તેમ તથાવિધ કાયબળ ન છતાં પણ જેને મોક્ષની અભિલાષા હોય, તેણે મનોબળથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવી.

જે પુરૂષ બલના સમયની શોચનાથી બલરહિત સમયમાં ભવિષ્ય ઉપર ભરોંસો રાખી આલસ્ય કરીને બેસી રહે છે, તે અતિ દુઃખ પામે છે-તે કહે છેઃ—

वलकालसोअणाए, अलसा चिट्ठंतिजेअकयपुन्ना ।
ते पत्थिताथि लहुं, सोइंति सुहं अपावता ॥ १७६ ॥

**जइणाम कोइ पुरिसो, ण धणड्ढा णिद्धणो वि उज्जमई ।**

**मोहाइ पत्थणाए, सो पुण सोएइ अप्पाणं ॥ १७७ ॥**

**વ્યાખ્યા**—જે પુરૂષ એવી શોચના કરે કે—હમણા મારામાં બલ નથી, માટે આગળપર ધર્માચરણ કરીશ અથવા હમણા મારે અવસર નથી; માટે આગળ જતાં ધર્માચરણ કરીશ—એમ જાણી આલસ્ય કરીને બેસી રહે છે તે અકૃત પુણ્ય—પુણ્ય ન કરવાથી આગળ ઘણી પ્રાર્થના કરતાં પણ પુણ્ય વિના સુખ પામી શકતા નથી, ત્યારે ઘણો શોચ કરે છે. જેમ કોઇ નિર્ધન પુરૂષ પ્રથમ આલસ્ય કરીને ધન ઉપાર્જન કરવાનો ઉદ્યમ ન કરે અને પછીથી ફોગટ ઇચ્છા કરીને ધન વિના દુઃખ પામે છે, ત્યારે તે પોતાના આત્માને વિષે ઘણોજ શોચ કરે છે. માટે પ્રાપ્ત થયેલ ધર્મને મૂકીને આગળને માટે ધર્મ પ્રાર્થના કરીએ--તો વૃથા પ્રાર્થના કહેવાય. કહ્યું છે કેઃ—

**" लद्धिल्लिअंचबोहिं, अकिरंतोणागयंचपत्थित्तो ।**

**अन्नंदाइं बोहिं, लब्भसि कयरेण मुल्लेण ॥ "**

હવે કોઇ કહેશે કે—પાપની નિંદાથીજ પાપ ટળે છે, ત્યારે વિશેષ અનુષ્ઠાન કરવાનું કારણ શું ? તે માટે કહે છે કેઃ—

**जो पावं गरहंतो, तंचेव णिसेवए पुणो पावं ।**

**तस्सगरहावि मिच्छा, अतहक्कारो हि मिच्छत्तं ॥ १७८ ॥**

**વ્યાખ્યા**—જે પાપ કરી ' મિચ્છામિ દુક્કડં ' દઇને પુનઃ પાપ કરે, તેની પાપનિંદા મિથ્યા છે, કારણકે જેવું બોલીએ, તેવું જો પાલીએ નહિ--તો તે મિથ્યાત્વજ છે. ઉપદેશમાલામાં કહ્યું છે કેઃ—

**" जो जहवायण कुणइ, मिच्छद्दिट्ठी तओ हुको अन्नो ।**

**वड्ढेइ अमिच्छत्तं, परस्स संकं जणेमाणे ॥ "**

હવે 'મિચ્છામિ દુક્કડં' એ શબ્દનો અર્થ કહે છે કેઃ—મિ-એટલે કાયા તથા ભાવથી મૃદુ થઇ, ચ્છા-એટલે અસંયમરૂપ દોષનું અ (આ) ચ્છાદન કરીને, મિ-એટલે ચારિત્રની મર્યાદામાં રહેતાં, દુ-એટલે દુષ્કૃત કાર્યનો કરનાર આત્મા-તેને હું નિંદું છું, ક્ક-એટલે મેં જે પાપ કર્યા છે, તેનું ડં-એટલે ઉપશમ પામીને ઉલ્લંઘન કરૂછું, એવો અર્થ જાણીને મિચ્છામિ દુક્કડં દીધા પછી ફરી પાપ ન કરવું- તે પાપની સાચી નિંદા કહેવાય છે. તેમ ન કરતાં પછી જે પાપકરવું-તેથી તો ઉલટું માયા-મૃષાવાદાદિ પાપ લાગે છે, કહ્યું છે કેઃ—

" जं दुक्कडंति मिच्छा, तंचेव णिसेवए पुणो पावं ।
पच्चक्खमुसावाई, मायानिघडीपसंगोअ ॥ "

એ કારણ માટે ચારિત્ર લઇને જો તે સારા ભાવથી પાલીયે, તોજ તેથી મહાફલની પ્રાપ્તિ થાય છે, અન્યથા આજીવિકાને અર્થે ચારિત્ર લીધા કરતાં ગૃહસ્થધર્મજ સારો છે-એમ કહે છેઃ—

चुअधम्मस्स मुणिणो, सुट्ठुअरं किर सुसावगत्तंपि ।
पडिअंपिफलंसेयं, तरूपडणाओ णउच्चंपि ॥ १७९ ॥

વ્યાખ્યા—વેષધારી ચારિત્રરહિત જે સુશ્રાવક હોય-તે અરિહંતની પૂજા કરે, સુસાધુની સેવા કરે, દઢાચારીપણું પાલે-ઈત્યાદિક ધર્માચરણ કરે છે, અને જે ચારિત્ર વેષધારી હોય-તે ગૃહિધર્મ તથા યતિધર્મ-એ બંનેથી ભ્રષ્ટ થાય છે. ઉપદેશમાલામાં કહ્યું છે કેઃ—

" छज्जीवणिकायदया, विवज्जिओणेवदिक्खिओणगिही ।
जइधम्माओ चुक्को, चुक्कइ गिहदाणधम्माओ ॥ "

વેષધારી ચારિત્રવંતને મૂલ ગુણ વિના તપથી પણ તેવું ફલ થતું નથી. કહ્યું છે કેઃ—

" महव्वयअणुव्वयाइं, छड्डेउं जो तवं चरइअन्नं ।
सो अन्नाणी मूढो, नावावुड्ढो मुणेअव्वो ॥ "

માટે કેવલ વેષધારી કરતાં ગૃહસ્થ ધર્મ સારો છે. અહીં દૃષ્ટાંત કહે છે કે:-'ફલની અભિલાષાથી વૃક્ષ ઉપર ચડી ફલ મેળવ્યા વિના પડી ન જતાં તે ફલ મેળવી શકાય તો સારૂં, પણ જો ફલની પ્રાપ્તિ ન થાય, તેના કરતાં વૃક્ષની નીચે બેસીનેજ પડેલું ફલ ગ્રહણ કરવું તે સારૂં.

संयमयोगे अब्भुट्ठिअस्स संचत्तबज्झजोगस्स ।
ण परेण किंचि, कज्जं आयसहावेण चिट्ठस्स ॥ १८० ॥

વ્યાખ્યા—સંયમના યોગે જે આનંદ થાય છે, તે કેવલ આત્મસ્વભાવમાંજ અવસ્થિત છે, તેને પરનું શું કામ છે ? માટે જેને ચારિત્ર પરિણમ્યું હોય, તેણે સર્વ પરપ્રતિબંધ મૂકીને આત્મ-દ્રવ્યમાત્રના પ્રતિબંધે પ્રવર્ત્તવું.

માત્ર આત્મદ્રવ્યમાંજ પ્રવર્ત્તવાથી બીજાને ઉપદેશ કેમ દેવાશે ? તે માટે કહે છે:—

संविग्गो गीयत्थो, बोहेउ परंपराइ करूणाए ।
अन्नो पुण तुसिणीओ, पुव्वं बोहेउ अप्पाणं ॥ १८१ ॥

વ્યાખ્યા—જે મહાનુભાવી ગીતાર્થ હોય છે, તે પોતે તો કૃતકૃત્ય હોય છે, પરંતુ બીજાની ઉપર પરમ કરૂણાથી તેને પ્રતિબોધ કરે, તો તેથી તે મહાફલદાયક થાય છે. પરંતુ જે એવો ન હોય, તેણે બીજાને ઉપદેશ કરવાનું માંડી વાળીને પ્રથમ પોતાના આત્મનિજ બોધ કરવો. જે પોતે પ્રતિબોધ પામ્યા વિના બીજાને પ્રતિબોધ કરે છે, તે કેવલ નાટકીયાની જેમ નાટક કરી દેખાડનાર છે; એમ જાણવું.

એવી રીતે જયારે પરપ્રતિબંધ સારો નથી, પણ એકાકીપ
સારૂં છે, માટે ગચ્છ પણ પ્રતિબંધરૂપજ છે--એમ જે જાણે છે,
સંદેહ દૂર કરવા કહે છે:—

**दव्वेण जो अणेगो, गच्छेसो भावओ हवेएगो ।**
**एगागी गीउच्चिय, कयाइ दव्वेअ भावेअ ॥ १८२ ॥**

વ્યાખ્યા—ગચ્છમાં છતાં દ્રવ્યથી જે અનેકતા થાય છે
ભાવથી એકતા થાય છે. અન્યથા ગુર્વાજ્ઞાદિક અંકુશ વિના
હસ્તી સંસારરૂપ વનમાં ફરતાં એકત્વભાવનારૂપ વેલડીનું
કરી નાખે. એટલા માટેજ ભગવંતે—' एकस्स नत्थि धम्मो '
દિક પ્રબંધે કરી એકાકી વિહારનો નિષેધ કર્યો છે. શ્રી દશ
સૂત્રામાં પણ એમજ કહ્યું છે કે:—

" **नया लभिज्जा निउणं सहायं, गुणाहिअं वा गुणओ सम**
**इक्को वि पावाइ विवज्जयंतो, विहरेज्ज कामेसु असज्जमाणो**

આ ગાથામાં એમ કહેવામાં આવ્યું છે કે--જયારે પો
અધિક ગુણવાળો અથવા સમાન ગુણવાળો મળે નહિ, ત્યારે એ
વિહાર કરવો—તે ગીતાર્થ આશ્રયી જાણવું, કારણકે તે પાપને વ
કામને વિશે અસંગ કરે છે, માટે તેને એમ કહ્યું છે; અને અ
તો ગીતાર્થની નિશ્રા વિના પાપ વર્જી શકે નહિ, તેમ કામાસંગ
ખાલી શકે નહિ. એટલા માટે:—

" **गीयत्थो अ विहारो, बीओ गीयत्थमीसिओ भणिओ**
**इत्तो तइय विहारो, नाणुन्नाओ जिणवरेहिं ॥ "**

એ ગાથામાં સ્પષ્ટ રીતે અગીતાર્થને એકાકી વિહારનો
કર્યો છે; માટે ગચ્છમાં રહી, ગુરૂકુલવાસ સેવી, શુભાદિકનો અ

અને સાધુ સંગ છતાં પણ અંતરંગ નિર્લેપ રહીને જો અધ્યાત્મ ા ભાવીએ, તો પરમાનંદની પ્રાપ્તિ થાય.

किं बहुणा इह जह, जह रागद्दोसा लहुं विलज्जंति ।
तह तह पयट्टिअव्वं, एसा आणा जिणंदाणं ॥ १८३ ॥

વ્યાખ્યા—વધારે શું કહેવું? જે જે પ્રકારે રાગ દ્વેષનો વિલય ાવી રીતે પ્રવર્ત્તવું, એજ શ્રી વીતરાગદેવની આજ્ઞા છે.

ज्झप्पमयपरिक्खा, एसा जुत्तीहिं पूरिया जुत्ता ।
सोहन्तु पसायपरा, तं गीयत्था विसेसविऊ ॥ १८२ ॥

વ્યાખ્યા—આ અધ્યાત્મમત પરીક્ષા યુક્તિથી પૂર્ણ કરી, તે ા ગ્રંથનું વિશેષજ્ઞ ગીતાર્થ મારી ઉપર કૃપા કરીને શોધન કરો વિજ્ઞાપના છે.

## शार्दूलविक्रीडितवृत्तम् .

यस्यासन् गुरवोऽत्र जीतविजयप्राज्ञाः प्रकृष्टाशया,
भ्राजंते सनया नयादिविजयप्राज्ञाश्च विद्याप्रदाः ।
प्रेम्णा यस्य च सद्म पद्मविजयो जातः सुधीः सोदरः,
सोऽयं तत्त्वमिदं यशोविजय इत्याख्याभृदाख्यातवान् ॥१॥

॥ इति महामहोपाध्यायश्रीयशोविजयजीकृताध्यात्म-
मतपरीक्षा ग्रंथःसमाप्तः ॥

卐 卐 卐

# શ્રી આત્માનંદ પ્રકાશ.

જૈન કોમમાં અતિ ફેલાવા સાથે પ્રખ્યાતિ પામેલું
માસિક આ સભા તરફથી ચૌદ વર્ષ થયા પ્રતિમાસે પ્રગટ ક
આવે છે. તેમાં આવતા ધાર્મિક, વ્યવહારિક અને નૈતિક સ
ઉત્તમ લેખોથી આપણી કોમમાં નીકળતા માસિકોમાં તે
પંક્તિ ધરાવે છે. દર વર્ષે તેના ગ્રાહકોને વાંચનનો બહોળે
આપવા સાથે ... મૂલ્યું થતાં પહેલાં નવીન દ્રવ્યાનુયોગ વ
વિષયથી ભરપૂર એક ઉત્તમ ગ્રંથ સુંદર બાઈન્ડીંગથી અલંકૃત
દર વર્ષે ભેટ આપવામાં આવે છે. એકજ પદ્ધતિએ આવી
લાભ પણ આ માસિકજ આપે છે. ગુરૂ ભક્તિ નિમિત્તે નીકળ
માસિકની લઘુ વય છતાં તેના ગ્રાહકોની બહોળી સંખ્યા તેજ
ઉત્તમતાનો પુરાવો છે. તેનું કદ હાલમાં મોટું કરવામાં આ
છતાં વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૦-૦ પોસ્ટેજ ચાર આના રાખવામાં
છે; તેના પ્રમાણમાં લાભ વિશેષ છે. નફો જ્ઞાન ખાતામાં
છે. જેથી દરેક જૈન બંધુઓએ તેના ગ્રાહક થઇ અવશ્ય
લેવા ચૂકવું નહીં.